# ખોજ

જુલાઈ-ઓગસ્ટ ૨૦૦૫

જીવન એક અવિરત ખોજ-આવિષ્કાર

સ્વતંત્રતા

Liberty

Knowledge

ગરીબી

મુક્તિ

સ્વરાજ

વ્યક્તિ સ્વાતંત્ર્ય

સમતા

Development

Freedom

Rule of Law

Rechtsstaat

**પાણીની કટોકટી**

**પાંખાં વનોની કાયાપલટનો કીમિયો**

**સરિસ્કા ધબડકો અને ટાઈગર ટાસ્ક ફોર્સ અહેવાલ**

**સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર**

*Whence this creation has*
*come*
*He who is its surveyor in*
*heaven*
*he alone knoweth*
*And yet doth he know?*
*- Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know*
*things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*
*-Xenophanes*
*A Greek bard, 570-475 B.C.*

# ખોજ

જુલાઈ-ઓગસ્ટ ૨૦૦૫
વર્ષ ૧, અંક ૩

જીવન એક અવિરત ખોજ-આવિષ્કાર

**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
ધ્રુવ ભટ્ટ
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુકલ
પાર્થ શાહ

**આલેખન-સજાવટ**
જરીન જોષી

મુખપૃષ્ઠ પરનું પ્રતીક સ્વાતંત્ર્ય (freedom-*amagi* કે liberty) માટે વપરાયેલો જૂનામાં જૂનો શબ્દ છે. એ લાગાશના સુમેરિયન ગણરાજ્યમાં ઈશુના ૨૩૦૦ વર્ષ પહેલા માટીના દસ્તાવેજ પર લખાયેલો. અહીં તે આર્થર હોગના Origins of the Common Law પુસ્તકમાંથી સાભાર લીધું છે.

| | | |
|---|---|---|
| સંપાદકીય | અંબરીષ મહેતા | ૪ |
| પત્રો / પ્રતિભાવો | | ૫ |
| સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર | અનિલ પટેલ | ૧૧ |
| સમાચારની સાથે સાથે<br>નાણાવટી કમિશન અહેવાલ<br>ઈમરાના, બાર ગર્લ્સ... અને વ્યક્તિસ્વાતંત્ર્ય<br>ગુજરાત સરકારનો વન નીતિ ખરડો | તૃપ્તિ પારેખ | ૧૮ |
| પાંખાં વનોની કાયાપલટનો કીમિયો<br>સહભાગી વન વ્યવસ્થાપનથી સામુદાયિક વન વ્યવસ્થાપન<br>સરિસ્કા ધબડકો અને ટાઈગર ટાસ્ક ફોર્સ અહેવાલ | તૃપ્તિ પારેખ | ૨૩ |
| પાણીની કટોકટી -<br>સવાલ જથ્થાનો કે વ્યવસ્થાપનનો ? | અંબરીષ મહેતા | ૩૩ |
| ભૌતિક સુખાકારીનો વિકાસ ટકાવી રાખી શકાય ખરો? - એક પ્રતિતર્ક | અનિલ પટેલ | ૪૧ |
| સાયમન અર્લિક શરતનાં ૨૫ વર્ષે | | ૪૬ |
| પત્ર ચર્ચા | મીરા ભટ્ટ - અનિલ પટેલ | ૪૭ |

‘ખોજ’ દ્વિમાસિકનો આ અંક આર્ચના ‘પહેલ’ કેન્દ્ર (Initiative for Open Society), ફતેગંજ વડોદરા વતી અંબરીષ મહેતાએ પ્રકાશિત કર્યો.

વાર્ષિક સહયોગ રાશિ રૂા. ૧૨૦/-
સહયોગ રાશિના ચેક / ડી.ડી.
એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ (ARCH)ના નામે મોકલવા વિનંતી છે.
બહારગામના ચેકો પર બેંક કમિશનના વીસ રૂપિયા ઉમેરવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૫૫૩૩૪૩૬
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

મુદ્રણ : વિશાલ ઓફસેટ, વડોદરા

‘ખોજ’માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

## સંપાદકીય

આષાઢસ્ય પ્રથમ દિવસે જ બારે મેઘ ખાંગા થઈ ગયા. ગુજરાત-મુંબઈ-મહારાષ્ટ્રને જાણે કે પોતાના પૂરા આશ્લેષમાં લઈ લીધા... મેઘરાજાની પધરામણીની ચાતક દૃષ્ટિએ રાહ જોતા લોકોની જિંદગી તિતર-બિતર થઈ ગઈ. અલબત્ત, ચોફેર પાણીએ મચાવેલી તબાહી કુદરત-સર્જિત હતી કે માનવસર્જિત કે પછી બન્નેનું યોગદાન હતું - એની ચર્ચાનાં વમળો ખાસ્સાં ઉઠ્યાં. એના તરંગો પણ લાંબા સમય સુધી રહેવાના.

જોકે પાણીની કટોકટી અંગે દુનિયાભરમાં જે ચચાર્ઓ ચાલી રહી છે તેનો મુખ્ય સૂર અતિવૃષ્ટિનો નહીં, પરંતુ પાણી ખૂટી પડવાનો છે. વધતી વસતી અને માંગના પરિણામે જીવન માટે અમૃત ગણાતું પાણી ખૂટી પડવામાં છે, તળ ઊંડે ઊતરતાં જાય છે, વગેરે ચિંતાઓ સતાવે છે. હવે પછીના યુદ્ધ તેલ માટે નહીં, પરંતુ પાણી માટે થશે એવી આગાહીઓ પણ થઈ રહી છે. 'સંશયાત્મક પર્યાવરણવાદી' શ્રેણીમાં આ અંકમાં પાણીની કટોકટીની ચર્ચા કરી રહ્યા છીએ. એમાં લોમ્બોર્ગ વૈશ્વિક સ્તરે પાણીની ઉપલબ્ધિ કેટલી છે અને એનો વપરાશ કેટલો થઈ રહ્યો છે એની રસપ્રદ વિગતો આપે છે અને સમજાવે છે કે પાણીની કટોકટી એની ઉપલબ્ધિની એટલી નથી, જેટલી એના યોગ્ય વ્યવસ્થાપનની. સ્વાભાવિક છે કે આ લેખમાં વૈશ્વિક સ્તર પર વ્યાપક સ્થિતિ શું છે એનો એક અંદાજ આવે છે. પરંતુ માઈક્રો સ્તર પર જુદા જુદા પ્રદેશો કઈ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે અને એનો ઉકેલ શું હોઈ શકે એની ખાસ વિગતો જોવા નથી મળતી. ગુજરાતનો પાણીની અછતની સમસ્યા સાથેનો નાતો ઘણો જૂનો છે. ખોજના આગામી અંકમાં એ વિષે વિગતવાર ચર્ચા કરવાનું વિચાર્યું છે.


'જંગલ મધ્યે આદિવાસી'ની ગયા અંકમાં શરૂ થયેલી ચર્ચા આ અંકમાં લંબાવીએ છીએ. જંગલો અને આદિવાસીઓની પાયમાલી રોકવી હશે તો વનવિભાગ હસ્તકના કેન્દ્રીકૃત વન વ્યવસ્થાપનને બદલે સ્થાનિક આદિવાસી સમુદાયોના નિયંત્રણવાળું વિકેન્દ્રિત વન વ્યવસ્થાપન અપનાવવું પડશેની વાત ગયા અંકમાં કરેલી. આ અંકમાં શું એ ખરેખર શક્ય છે કે નહીં તે સવાલને ભૂતકાળના તેમજ તાજેતરના દાખલાઓની મદદથી તપાસ્યો છે. આ જ પરિપ્રેક્ષ્યમાં તાજેતરમાં જ ગુજરાત સરકારે બહાર પાડેલ વનનીતિના ખરડાને પણ તપાસ્યો છે. એના અનુસંધાનમાં સરિસ્કા ઘબડકાને પ્રશ્ને નિમાયેલ ટાસ્ક ફોર્સના અહેવાલની પણ ચર્ચા કરી છે. આ અહેવાલ પણ વાઘ રિઝર્વના વ્યવસ્થાપનમાં Guns and Guards ને બદલે વાઘના સંરક્ષણ સાથે સ્થાનિક સમુદાયોનાં હિતોને જોડવાનો અભિગમ અપનાવવાની વાત કરે છે.

'સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર' શ્રેણીની આ વખતની કડીમાં અનિલભાઈ વ્યક્તિને કેન્દ્રમાં મૂકીને તેની સર્જનાત્મક્તાને મોકળો માર્ગ આપતી વ્યક્તિસ્વાતંત્ર્યની તેમજ વર્ષોથી ચાલી આવતાં નિયમો-પ્રણાલિઓમાંથી ઊભાં થતાં સંસ્થાગત માળખાંઓમાંથી ઊભી થયેલી રાજા રંક સૌને સમાન ગણતી 'કાયદાના શાસન'ની વિભાવનાઓ ૧૭મી સદીના ઇંગ્લેન્ડમાં કઇ રીતે પાંગરી તેની ઐતિહાસિક સફર કરાવે છે.

ગયા અંકમાં સુદર્શન આયંગાર અને નિમિષા શુક્લએ 'ભૌતિક સુખાકારીનો વિકાસ ટકાવી શકાય ખરો?' લેખમાં 'ટકાઉ વિકાસ' સંબંધી ચર્ચા છેડેલી. આ અંકમાં અનિલભાઈ એમાં જોડાયા છે. 'સંસાધનોની મર્યાદિતતા'ની થિસિસ સામે પ્રતિતર્કરૂપે જુલિયન સાયમનની દલીલો રજૂ કરી છે.

ગયા વખતની અમારી અપીલને માન આપીને ઘણા વાચકમિત્રોએ સહયોગ રાશિ તેમજ વધારાની સહાય મોકલી આપી છે. સૌના અમે ખૂબ ખૂબ આભારી છીએ.

# પત્રો / પ્રતિભાવો




આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૫૫૩૩૪૩૬
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીનઃ ૩૯૩ ૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૫૦૧૪૦

'ખોજ'ના બન્ને અંકો મળ્યા. ખોજ જેવા સામયિકની જરૂર ઘણા સમયથી વરતાતી હતી, એ તમે મિત્રોએ પૂરી પાડી, એ માટે તમારી ટીમને ખાસ અભિનંદન! આવું સામયિક શરૂ કરવા માટે સાહસની જરૂર પડે. તમે મિત્રોએ આ સાહસ શરૂ કર્યું, એ માટે પણ અભિનંદન!

વર્તમાન પ્રવાહો- સ્થાનિકથી વૈશ્વિક-ના તટસ્થ વસ્તુલક્ષી અને નિસબતભર્યા વિશ્લેષણમાંથી નવી દૃષ્ટિ, નવી સૂઝની ખોજ આજની તાતી જરૂરિયાત છે. કેટલું બધું ઝડપથી બદલાઈ રહ્યું છે. ઝડપથી દોડતી ટ્રેઈન કે ઊડતા વિમાનમાં બેઠા હોઈએ અને બહાર નજર ન કરીએ, તો બધું સ્થિર અથવા ધીમી ગતિ લાગે. આપણે એટલી ઝડપથી બદલાઈ રહ્યા છીએ કે ઘણી વાર તેની ખબર પણ પડતી નથી. ખોજ આની અનુભૂતિ કરાવે છે.

ગુજરાતીમાં આવા વિષયો ઉપર ઘણું ઓછું લખાય છે. જેટલું લખાય છે, તેમાંથી કેટલું વંચાતું હશે, એ સંશોધનનો વિષય છે. પણ વિદ્યાર્થીઓ સાથેનો અનુભવ એવું કહે છે કે તેમને આવું બધું જાણવાની તીવ્ર ઈચ્છા છે. આવા સામયિક દ્વારા એમની પાસે પહોંચવાનો પ્રયાસ આપણે કરવો જોઈએ. દરેક કોલેજ, યુનિ. વિભાગમાં 'ખોજ' જવું જોઈએ અને વંચાવું જોઈએ.

અંગ્રેજી જાણનારાની સંખ્યા વધતી જાય છે પણ આવું ગંભીર સાહિત્ય વાંચનારા કેટલા? અંગ્રેજીમાં આવા વિષયો ઉપર જે લખાય છે, તે આપણે ગુજરાતી વાચકો સુધી પહોંચાડવાનું કામ કરવાનું છે. ખોજ આવો 'કન્વેયર બેલ્ટ' બનશે, એવી પૂરેપૂરી શ્રદ્ધા!

- દિનેશ શુક્લ, અમદાવાદ

'ખોજ'નો પહેલો અંક મળ્યો નથી. પણ મે-જૂન ૨૦૦૫ના બીજા અંકમાં પત્રો / પ્રતિભાવો વાંચ્યા. બીજો અંક ઝીણવટપૂર્વક જોયો. વૈચારિક દૃષ્ટિએ તેમજ તેને ટેકો આપવા માટે જરૂરી ગણાય તેવા નક્કર empirical evidences જોઈને એમ થયું કે જો ખોજ તેની quality જાળવવા - વધારવાની સાથે પાંચેક વર્ષ ચાલશે તો ગુજરાતના નવોદિત બૌદ્ધિકો તેમજ પાયાના કાર્યકરો માટે અને તેમના દ્વારા ગુજરાતના સર્વાંગી વિકાસ માટે તે અત્યંત ઉપયોગી થઈ પડશે. એવી લાગણી થઈ કે તમારો approach integrated છે અને તેથી મને સમાજશાસ્ત્રીય, મનોવૈજ્ઞાનિક, અર્થશાસ્ત્રીય તથા નૃવંશશાસ્ત્રીય અભિગમોની સાથે સાથે ઐતિહાસિક અભિગમો પણ કુશળતાપૂર્વક વણાયેલા જોવા મળ્યા. અનિલ પટેલનો લેખ 'સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર' એવો ગમ્યો કે મને મુગાલ અને સાંસ્થાનિક સમયનાં આર્થિક સામાજિક અને વૈચારિક પાસાંઓના તાણાવાણા સાંધીને ૮-૧૦ પાનનો લેખ એવી રીતે તૈયાર કરું જે કેટલેક અંશે અનિલભાઈના ઉપરોક્ત લેખની પૂર્વભૂમિકા પૂરી પાડી શકે. તેમાં Mercantilism Statism - Free Trade Under Colonial Rule (વિશ્વીકરણની ઓરમાન મા કે બાપ) અને પ્રથમ વિશ્વયુદ્ધ બાદ restricted protectionism જેવી વિચારધારા ઉપરાંત જરૂરી evidences આવી જાય. પણ મનમાં થાય છે કે વર્તમાન સમસ્યાઓ સાથે સાંકળવાનો પ્રયાસ કરવા છતાં ઐતિહાસિક લેખ ખોજ અને તેના વાચકોને શું પસંદ પડશે / કામમાં લાગશે? જો હા હોય તો લેખ તૈયાર કરું. પછી તે છાપવો કે નહીં તેનું final decision આપ સૌનું જ હશે.

- મકરન્દ મહેતા, અમદાવાદ

'ખોજ'ના બંને અંકો રંગ - રૂપ...... ઉપરાંત અંદરની સામગ્રીથી ખૂબ ખૂબ સમૃદ્ધ રહ્યા છે. પોપર, હાયક જેવા આજે પણ વિશેષ પ્રસ્તુત બનેલા ચિંતકોનાં લખાણો ગુજરાતીમાં સુલભ બનાવી આપ સહુ મહત્ત્વનો વૈચારિક ફાળો આપી રહ્યા છો. મને ડર છે કે સજાવટને કારણે કદાચ ખર્ચ વધુ આવતો હશે. કદાચ, સજાવટમાં સમય જતાં કાપ મૂકવો પડે પણ વૈચારિક સમૃધ્ધિ આપ જાળવી રાખશો તેની પ્રતીતિ તો આ બંને અંકોમાંથી મળી રહે છે. પ્રાસંગિક ઘટનાઓ વિષેના લેખોમાં પણ પૃથક્કરણ સાથે નિસ્બત સતત ડોકાય છે, જે આનંદની વાત છે.

- જયંતી કે. પટેલ, અમદાવાદ

'ખોજ'ના બંને અંકો મળી ગયા છે. પ્રથમ અંક મેં મિત્રો પાસેથી મેળવીને વાંચી લીધો હતો. તમારા આ પ્રયાસને હું હૃદયપૂર્વકની શુભેચ્છા પાઠવું છું. ગુજરાતમાં, બલ્કે સમગ્ર દેશમાં આ પ્રકારનું સામયિક નિભાવવાનું ઘણું અઘરું છે. અછત માત્ર વાચકોની નથી, વધુ ઘેરી અછત લેખકોની છે. તેથી આવાં સામયિકો માટે શુભેચ્છાની વિશેષ જરૂર પડે છે.

-રમેશ શાહ, અમદાવાદ

'ખોજ'ના બે અંકો મળ્યા છે. શરૂઆત સુંદર છે. ગુજરાતમાં બૌદ્ધિક તથા વિદ્યાકીય અભિગમ ધરાવતાં સામયિકોની અછત છે. ખોજ આ ખોટ પૂરી કરી શકશે, તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. અમુક વિચારધારામાં ઊંડી શ્રદ્ધા બંધાઈ ચૂક્યા બાદ પણ વાચકો સમક્ષ બીજી વિચારધારા તટસ્થપણે મૂકવાનો અભિગમ (સુદર્શન આયંગાર તથા નિમિષા શુકલના લેખ દ્વારા) દાદ માંગી લે તેવો છે. દલીલોની ગુણવત્તા તપાસતી વખતે વિચારધારાથી ઉપર ઊઠવાની પદ્ધતિ જ જ્ઞાનની સાચી દિશા તરફ લઈ જવાની ક્ષમતા ધરાવે છે. ખોજ આ પ્રકારનાં ધોરણો જાળવી રાખશે, તેવી અપેક્ષા સહ ખૂબ શુભેચ્છાઓ.

- આકાશ આચાર્ય, સુરત

'ખોજ'નો બીજો અંક મળ્યો. ખૂબ સુંદર અને માહિતીસભર છે. ખોજનો દરેક લેખ ખૂબ વિચારણા માંગી લે છે. ખોજ એ ચિત્રલેખા વાંચતા સામાન્ય માણસ માટે નથી, પરંતુ ખોજ વાંચવા ને સમજવા થોડા ચિંતક હોવું જરૂરી છે. માટે કદાચ બહુ વિશાળ વાચક વર્ગ તેને ન પણ મળે.

- ડૉ. બિપીન દેસાઈ, સુરત

'ખોજ' દ્વિમાસિકનો મે-જૂન ૨૦૦૫નો બીજો અંક મને હમણાં જ મળ્યો છે. પ્રથમ અંક મળ્યો નથી. જો શક્ય હોય તો આ પત્ર વડે મોકલી આપવા વિનંતી.

આપે વિકાસનું અર્થશાસ્ત્ર અને સમાજવિદ્યા તેમજ સંલગ્ન વિષયોને લઈને વાસ્તવિકતા સાથે તાલમેલ સાધે તે પ્રકારના નિષ્ણાત લેખકોની કલમે લખાયેલ અભ્યાસલેખ સરળ ગુજરાતીમાં પ્રસિદ્ધ કરીને એક સુંદર મજાનું કામ કર્યું છે. આપના આ પ્રયાસને હું આવકારું છું તેમજ શુભેચ્છા પાઠવું છું. અંકની છપાઈ તેમજ રજૂઆત સુંદર છે. ખોજના માધ્યમ થકી જનજીવનને સ્પર્શતા વિવિધ વિષયોને લઈને એક મુક્ત ચર્ચા તેમજ વિચાર-વિમર્શ શક્ય બનશે એટલું જ નહીં, પણ આ વિચાર-વલોણામાંથી નીપજતું નવનીત વિકાસની વાત આગળ ધપાવવા માટે સહુ કોઈ માટે ઉપયોગી બની રહેશે તેમ હું માનું છું.

- જયનારાયણ વ્યાસ, અમદાવાદ

'ખોજ'ના બંને અંકો વારાફરતી મળ્યા. ખોજ શરૂ કરવા બદલ અભિનંદન. આ ઘણું જ સ્તુત્ય પગલું છે. જરૂર હતી આવા એક સામયિકની, જે કાયમ ખોજ કર્યા કરે.

પ્રથમ અંકનો કાર્લ પોપર વિષેનો લેખ ઘણો સરસ હતો. તે લેખ પરની સુ.શ્રી કાન્તિભાઈની ટિપ્પણી પણ વાંચી. બે વિચાર સાથે જે ત્રીજી વિચારધારાની વાત કરી છે તે પ્રસ્તુત છે. તમે જે વાત કરો છો કે સમાજવાદનો પ્રયોગ નિષ્ફળ નીવડ્યો. પણ તે સ્ટાલિનવાદી - માઓવાદી સમાજવાદ - સામ્યવાદ - Totalitarianism - એકહથ્થુ સત્તાવાદને સમાજવાદ કહેવાય જ નહીં. Socialism with Democracy-Democratic Socialism - not european Social Democrats -ની વાત જે જયપ્રકાશ નારાયણ અને ડૉ. લોહિયાનું સ્વપ્ન હતું, તે જ સમાજવાદ સાચો.

બીજા અંકમાં સુ.શ્રી બેન તૃપ્તિબેનનો જંગલો અને આદિવાસીઓ પરનો લેખ સરસ છે. તેમણે જંગલો અને આદિવાસીઓ બંનેની વાત કરી છે અને કહેવાતા પર્યાવરણવાદીઓની હો-હા ખોટી છે તે વાત સ્પષ્ટ કરી છે. ફરી એક વાર ધન્યવાદ - ખોજ માટે.

- પુષ્કર પંડ્યા, વડોદરા

આપના બે અંકો મળ્યા. વાંચીને ખૂબ જ આનંદ થયો. અન્ય જે કોઈ મેગેઝિન નીકળે છે તેના કરતાં કંઈક જુદા અંકો ગણી શકાય. વિચારો માટેનું ભાથું ખાસ કરીને કર્મશીલોને મળી રહે તે પ્રકારનું આ પ્રકાશન છે. 'ખોજ શા માટે' એ લેખમાં ખૂબ જ વ્યવસ્થિત રીતે વિચારો મૂકવામાં આવેલા છે. આથી આપની ટીમને ધન્યવાદ પાઠવું છું અને આપના આ પ્રયત્નો સફળ બને તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

-પ્રો. ડી. એસ. કેર, દ્વારકા

'ખોજ' એક નવું પ્રયાણ તથા પ્રયત્ન. આજની

ઘટનાઓને આવરી લેતું સામયિક. હાથમાં આવતાંની સાથે આશ્ચર્ય સાથે સુખદ લાગણી અનુભવાઈ. તમારા આટલા બધા વાંચન તથા દરેક વિષય પર તલસ્પર્શી વાર્તાલાપનો હવે જ ખરો ઉપયોગ થયો હોય તેમ હું માનું છું. કારણ કે ARCHની લાઈબ્રેરી તથા તમારો પુસ્તક સંગ્રહ મેં જાતે જોઈ લીધો છે. અમારી શુભેચ્છાઓ.

- કલ્પેશ-મનીષા ગોહિલ, આણંદ

'ખોજ'ના બન્ને અંક મળ્યા. મારા જેવા એકમાર્ગી માટે ઘણું જાણવા - સમજવા જેવું મળી રહે છે. ઊંચી કોટીનું પ્રકાશન છે. તમને બધાને આશીર્વાદ અને અભિનંદન.

- ન.ર. મહેતા, સુરત

'ખોજ'ના આયુષ્ય માટે મારી શુભકામના સ્વીકારશો. આવનારાં વર્ષોમાં ઈકોલૉજિકલ અધ્યાત્મનું મહત્ત્વ વધવાનું છે, જેમાં નાસ્તિકો પણ સામેલ થઈ શકશે. 'ખોજ' સાચી દિશામાં છે.

- ગુણવંત શાહ, વડોદરા

'ખોજ'નો બીજો અંક મળ્યો. ગમ્યો. વાંચ્યો. સંશયાત્મક પર્યાવરણવાદી-૨ લેખ ઘણો અભ્યાસપૂર્ણ છે. અંબરીષભાઈને ધન્યવાદ. આ લેખની વિગતો જોતાં આપણે ઊર્જા વિષે ચિંતાઓ કરીએ છીએ તેમાં પરિવર્તન લાવી શકાય, જો સૂર્યઊર્જાનો ઉપયોગ વધારીએ તો. આ લેખના વાચકોને વિનંતી કે આ લેખ વાંચ્યા પછી પોતાના ઘરમાં સૂર્યઊર્જાનો ઉપયોગ શરૂ કરે, જેમાં સૂર્યફાનસ વીજળી જાય ત્યારે ઉપયોગી છે. સૂર્યકૂકર બળતણ બચાવી શકે છે. સૂર્યબંબો ગરમ પાણી કરવાનો ખર્ચ અને શક્તિ બચાવે છે. હા, આજે તે મોંઘું લાગશે, પણ સરવાળે સસ્તું છે એવો અમારો અનુભવ છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી અમારા ઘરમાં સૂર્યબંબો વપરાય છે - ૧૫ વર્ષથી. સૂર્ય ફાનસ વપરાય છે - ૧૦ વર્ષથી. સૂર્યકૂકર વપરાય છે - ૨૫ વર્ષથી. અમારી ૧૦૦% જરૂરિયાત પૂરી થઈ શકતી નથી. પણ તેનું મૂડીરોકાણ, વ્યાજ, ઘસારો કાઢતાં પણ અમને એ સસ્તું, પોષાય તેવું લાગ્યું છે. દુનિયામાં અને ભારતમાં સૂર્યઊર્જા વિપુલ છે, તો શા માટે આપણે તેનો ઉપયોગ આજથી જ ના કરીએ?

- રાજુભાઈ મ. જંત્રાણિયા, વ્યારા

માણસ જગતમાં આવે છે ત્યારે તેની ખોજ કંઈ ને કંઈ હોય છે. ખોજ એટલે જિજ્ઞાસા, કંઈક કરવાની ધગશ. ભગવાને દરેકને બુદ્ધિ અને મન આપ્યાં છે, તે પ્રમાણે વિકાસ કરવાનો હોય છે. અગર કોઈ વ્યક્તિ આધ્યાત્મિક હોય તો તેમને કુદરતમાં, મંદિરોમાં, ધર્મમાં ભગવાનની ખોજ હોય છે. પણ ભગવાન આપણા હૃદયમાં ૨૪ કલાક રહેતો હોય છે. કોઈ વ્યક્તિ પાસે કલા હોય તો કલા પ્રત્યે ઋણ પૂર્ણ કરવા માટે પોતાની કલા બનાવવા માટે વિશ્વમાં ખોજ તરીકે બહાર નીકળી પડે છે. ખોજ માનવીનું સંતોષનું સાધન છે. મન-તન પવિત્ર હોય તો પોતાને હર કોઈ ચીજ પવિત્ર લાગે છે.

જંગલ મધ્યે આદિવાસીઓ - જંગલમાં આદિવાસીઓનું જીવન અડીખમ છે. તેમને અનેક પ્રકારના સંઘર્ષો ઝીલવાની આદત પડી ગઈ હોય છે. ખોજ એવું મેગેઝીન છે. તેમાં જાહેરાત નહીં પણ વધુ પડતું વાંચન જોવા મળે છે. તેમાં એક પ્રકારની કલા જોવા મળે છે. અંબરીષભાઈએ એક પ્રકારની કલા બનાવી છે અને તેમની ખોજ વાચકોમાં અતિ લોકપ્રિય બને અને વાચકોને નવીન વેરાયટી જાણવા મળે. ખોજ દર મહિને બહાર પાડો તો વાચકોમાં નિયમિતતા જરૂરથી સચવાઈ રહેશે.

- ઘનશ્યામભાઈ-હંસાબેન ભરૂચા, મુંબઈ

'ખોજ'નો મે-જૂન-૨૦૦૫નો દ્વિતીય અંક જોઈ-વાંચી આનંદ થયો. ગુજરાતને 'ખોજ' જેવા નૂતન સામયિકની જરૂર વર્તાતી હતી તે આપે પૂરી કરી છે, એમ કહું તો ખોટું નથી. પત્ર-પ્રતિભાવોને હંમેશા સ્થાન આપશો તો 'ખોજ' માટે દિશાદોર સાંપડતો રહેશે. અલબત્ત, આપ સર્વ સાથે રહીને સારા ધ્યેય સાથે કદમ માંડ્યાં છે તેમાં મારા જેવો અદનો વાચક યથાશક્ય સહયોગ આપવા તત્પર રહેશે. નૂતન જીવન ખોજની આપની આકાંક્ષા જરૂર સફળ થશે, એવી મારી શુભેચ્છા છે. મને 'ખોજ' બહુ જ ગમે છે. ઉમદા સામયિક છે. રૂપરંગ સર્વ રીતે ઉમદા છે. ધન્યવાદ...

- બાબુલાલ ગોર, ભુજ

હું 'ખોજ' સામયિકની નકલ નિયમિત રીતે મેળવી રહી છું. મેં એ વાંચ્યા છે, પણ મારે કહેવું પડશે કે એમાં ચર્ચાયેલ અઘરા વિષયવસ્તુ અને ફિલસૂફીને કારણે એ મારા માથા પરથી જાય છે. પણ, હું સમજવા પ્રયત્ન કરું છું અને તેમ કરતાં છેવટે હું કદાચ સમજી શકીશ. મહેરબાની કરીને નિરુત્સાહ ના થતા. તમારા સૌના પ્રયાસ માટે શુભેચ્છા પાઠવું છું અને આગળ બઢો.

-બિમલા ચૌધરી, વડોદરા

ખોજના બંને અંકો વાંચ્યા. દ્વિધા ઉત્પન્ન કરી, પણ આનંદ થયો. કારણ કે વ્યક્તિગત રીતે મને પ્રાપ્ત થયેલ માહિતી અને સમજના પરિઘમાં નવી વૈચારિક દિશા મળી. ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામઅર્થશાસ્ત્રના અધ્યાપકસહ વિદ્યાર્થી તરીકે અર્થશાસ્ત્ર વાંચતી કે અધ્યયન કરાવતી વખતે અનેક પ્રશ્નો, પ્રતિપ્રશ્નો સર્જાય

છે જે નિષ્કર્ષ સુધી પહોંચી શકતા નથી. અર્થશાસ્ત્રની સાથે સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્રનો આપોઆપ સમાવેશ થઈ જાય છે, જે ભારતીય અર્થવ્યસ્થાની સાથે ગાઢ રીતે જોડાયેલ છે. રાજકીય, સામાજિક અને આર્થિક વિકાસના કારણે જો લોકોને સ્વતંત્રતા, સમતા, ન્યાય અને ગૌરવ પ્રાપ્ત થતું હોય તો તેવી વિકાસપ્રેરક સંસ્થાઓનો સ્વીકાર થવો જોઈએ. પરંતુ વિકાસની સાથે બધા ઇચ્છિત ધ્યેય પ્રાપ્ત થતા નથી અને તેમાં છેવાડાના મનુષ્યે વધુ વેઠવાનું આવે છે અથવા તો આપણે વિકાસની દુહાઈ દઈ તેમનું અપમાન કરીએ છીએ. આથી વિકાસની સમગ્ર પ્રક્રિયામાં છેવાડાના મનુષ્યને ન ભુલાય એનું સતત ધ્યાન રાખવું ઘટે.

ભારતીય અર્થતંત્રના સંદર્ભે વિકાસની પ્રક્રિયામાં રાજ્યની ભૂમિકા અને પ્રભાવની ચર્ચા થાય તેવી અપેક્ષા છે.

અવિરત ખોજ માટે શુભેચ્છા.

- મંજુ ડાભી, અમદાવાદ

'ખોજ'ના બંન્ને અંકો મળ્યા. જંગલ અને આદિવાસી વચ્ચે જે કંઈ મથામણ ચાલે છે તે બાબત ઘણી જ ગેરસમજો હતી, જે 'ખોજ' વાંચવાથી લગભગ સ્પષ્ટ થઈ ગઈ. એ જ લેખને કારણે 'ખોજ' પ્રત્યે વધુ આકર્ષણ થયું. એ ઉપરાંત 'Sustainable Development' લેખ પણ ઘણો જ રસપ્રદ રહ્યો. ભવિષ્યમાં પણ આવા જ માહિતીસભર અને રસપ્રદ લેખ વાંચવા મળશે, તેવી આશા છે.

બંને અંકમાં quotations પણ ખૂબ જ સરસ હતા. 'ખોજ'નું પ્રિન્ટીંગ પણ ખરેખર સારું છે. આજે આ રીતનાં બધી જ રીતે 'સંપૂર્ણ' મેગેઝિન ખૂબ જ ઓછાં છે, જેમાં 'ખોજ' અમારી ખોજને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડશે જ. . .!

'ખોજ' દ્વારા અલગ અલગ વ્યક્તિઓનાં મંતવ્યો પણ જાણવા મળશે, જે એક જ ટોપિકને વધુ ઊંડાણથી સમજાવવામાં મદદરૂપ થશે.

-ધૈવત હાથી, રાજકોટ

આપની ખોજ સતત ચાલુ રહે તે માટે શુભેચ્છા. ઘણાં વર્ષો પછી ગુજરાતી ભાષામાં વાંચવાનું મન થાય અને વિચારવા પ્રેરે એવી વાંચનસામગ્રી મળી રહી છે.

- કિરણ પંડ્યા, સુરત

'ખોજ'નો બીજો અંક મેળવી ખૂબ આનંદ થયો છે. તમામ લેખો, છાપકામ તથા 'ખોજ'નો અભિગમ ખૂબ ગમ્યાં છે તેમ લખવાનું દ્વિરુક્તિ કરવા જેવું લાગે છે. હવે નિવૃત્ત થઈ ગયો હોવા છતાં પ્રતિભાવો લખવામાં આળસને પોષી રહ્યો છું. ખોજનો એકાદ ધક્કો વધુ લાગશે એટલે ગાડી પાટે ચઢી જશે.

-કે. કે. ખખ્ખર, રાજકોટ

'ખોજ'નો અંક મળ્યો. વંચાઈ રહ્યો છે. લાગે છે કે લખવા માટે પણ એક યોગ્ય મંચ બની શકે એમ છે.

- સલિલ મહેતા, અમદાવાદ

'ખોજ' - ખોજના Surveyor બનવું અમ વાચકોને ગમશે - ગમ્યું જ છે! રંગે-રૂપે નખશિખ શુદ્ધ રજૂઆત અને એમાં સુસજ્જ વિચારધારા પ્રભાવિત કરે છે. 'ખોજ'નું આ કલેવર જળવાય એવી શુભેચ્છા સહ.

- રમેશ શાહ, સુરત

'ખોજ' અંક બીજો મળ્યો. તેમાં ફ્રેડરિક હાયેકના લેખ વાંચતાં એવું સમજમાં આવ્યું કે ''મુક્ત બજારની વિસ્તૃત હિમાયત''નો સૂર લાગ્યો. હજુ બીજું વાંચવાનું ચાલુ છે. ખૂબ જ ઊંડાણ હોય છે. તેમાં મારી ચાંચ ડુબાડવી ખૂબ જ અઘરી હોય છે. છતાં બે ત્રણ વખત વાંચ્યા પછી સમજવાનો પ્રયત્ન કરી રહ્યો છું. ગમે છે.

- પ્રેમજીભાઈ પટેલ, ઉપલેટા

'ખોજ' પત્રિકા દ્વિમાસિકનો બીજો અંક મે-જૂન,૨૦૦૫ મળ્યો. સજાવટ, ફોટોગ્રાફી અને જુદા જુદા વિષયોના લેખો અભ્યાસી જીવને વધુ ભોગ્ય બને. આવું સુંદર વિચારપત્ર સારા ચોમાસાની ઋતુમાં જલદી ઊગી નીકળે અને વૃક્ષ થઈ ફેલાય અને ઝરણાની જેમ સમાજમાં વહે એવી ભાવના વ્યક્ત કરું છું. પત્રોના પ્રતિભાવો વાંચવાની પણ મઝા પડી. જુદા જુદા દૃષ્ટિકોણથી મૂલ્યાંકન થાય એ જરૂરી છે. ઘણા ગાંધી - વિનોબાજી વિચારમાર્ગીઓના પ્રતિભાવો આનંદ પ્રેરે છે. હવે તમારી ખાંધ પર આ પ્રતિભાવોને મૂર્ત કરવાનો બોજો વધે છે. ગુજરાતની દરેક લાયબ્રેરીમાં આ પત્રિકા પહોંચે એવું થવું જોઈએ.

- બી.એ. પંડ્યા, સુરત

'ખોજ'ના બે અંકો મળ્યા છે. મેગેઝિન વિચારોની દૃષ્ટિએ ખૂબ જ ગમ્યું. લોકોના વિચારોમાં પરિવર્તન લાવવા માટે આવા ચિંતનપ્રેરક લેખોની જરૂર છે. આશા છે કે લોકોનો સહકાર મળશે અને તેનું પ્રકાશન ચાલુ રહેશે.

- હીરાભાઈ એમ. શાહ, મુંબઈ

'ખોજ' આપણા મનના ખૂણાની ખોજ કરાવે એવું શક્તિશાળી છે. અંકો ગમ્યા.

- દિલીપ નાયક, વડોદરા

'ખોજ'માં પ્રકાશિત થયેલા લેખોમાં વૈવિધ્ય ઘણું છે. સાથે સાથે લખાણોનું સ્તર ખૂબ ઊંચું છે, જે કદાચ સામાન્ય વાચકને ભારેખમ લાગે. આપણાં લખાણોને આપણે સરળ ભાષામાં વધુ લોકભોગ્ય ભાષામાં વ્યક્ત ન કરી શકીએ - રજૂ ન કરી શકીએ? અને વિદેશી લેખકો-વિચારકોનાં મંતવ્યોની ભરમાર શા માટે? જે વિદેશી લેખકો-ચિંતકોનાં લખાણોનો ઉલ્લેખ થયો છે, તેનાથી ગુજરાતના કેટલા વાચકો પરિચિત છે?

સાગબારા તથા સુરપાણેશ્વરની સમસ્યા અંગે આપે - આર્ચે - ગુજરાત હાઈકોર્ટમાં ધા નાખી છે. ગુજરાત હાઈકોર્ટ કે ભારતના અન્ય કોઈ પણ રાજ્યની હાઈકોર્ટમાંથી સમયસર ન્યાય મેળવવો એ આકાશના તારા તોડી લાવવા બરાબર છે. આપને એક નક્કર દાખલો આપું ?

નર્મદા નદી પરના સરદાર સરોવર બંધના કારણે ઉપલબ્ધ થનાર જળરાશીમાંથી પાણી પંચે ગુજરાત રાજ્યને ૧૯૭૯માં ૯ MAF પાણી ફાળવ્યું. આમાંથી ગુજરાત રાજ્યે, પાણીની સહુથી વધુ જરૂરતવાળા કચ્છ જિલ્લાને, સહુથી ઓછું - ફક્ત ૦.૨ પાણી ફાળવ્યું. વર્ષો પર્યંત, આ અન્યાયી ફાળવણી અંધારામાં રહી. કચ્છના અગ્રણીઓને જ્યારે આ અન્યાયની સમજ પડી - જાણ થઈ ત્યારે તેમણે નર્મદા નિગમ અને ગુજરાત સરકારમાં રજૂઆતો કરી. દસ દસ વર્ષ પર્યંત, ગુજરાત સરકાર દ્વારા કોઈ સાનુકૂળ પ્રતિસાદ ન મળતાં, કચ્છી અગ્રણીઓએ ૧૯૯૯માં આ મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની એક અરજી - રીટ પિટિશન રૂપે - ફાઈલ કરી. ગુજરાત હાઈકોર્ટે આ અરજી સ્વીકારવા - દાખલ કરવામાં બે વર્ષ કાઢી નાખ્યાં. ૨૦૦૧ થી ૨૦૦૪ સુધી લાંબી લાંબી મુદતો પડતી રહી. છેવટે ડિસેંબર ૨૦૦૪માં કચ્છની અરજી સાંભળતી બે ન્યાયમૂર્તિઓની બેંચે ડે-ટુ-ડે દૈનિક સુનાવણી હાથ ધરવાની જાહેરાત કરી. ગુજરાત સરકારને આ નિર્ણય અનુકૂળ ન જણાતાં, અદ્યાપિ પર્યંત, ત્રણ વખત બેંચ બદલાવાઈ છે ! આ મામલાની સુનાવણીની ખબર પણ બધાં અખબારોમાં પહોંચતી નથી - છપાતી નથી ! ચુકાદો કયારે ?

બિહારમાં લાલુપ્રસાદજી પરના ખટલા - ઘાસચારા કૌભાંડના કેટલાં વર્ષથી લટકતા પડયા છે ? આવાં તો અનેક ઉદાહરણ આપી શકાય ! પણ આ તો આડવાત થઈ.

ભારતના પ્રશ્નો ભારતની ગ્રામીણ જનતાની સમસ્યાઓના નિરાકરણ માટે વિદેશની વિચારધારાઓનો સહારો લીધા સિવાય ન ચાલે? માની લીધું કે જે ચિંતકો, વિજ્ઞાનીઓ કે લેખકોનો ઉલ્લેખ કરાયો છે, તેઓ પ્રખર અભ્યાસુ અને દીર્ઘદૃષ્ટા વિચારકો છે. પણ પ્રતિપળ બદલાતા વિશ્વમાં જ્યાં આજે કાર્લ માર્કસ કે સીગમન્ડ ફ્રોઈડની વિચારધારાઓ પણ અપ્રસ્તુત ગણાય છે, ત્યાં આપણે આપણી રીતે ન વિચારી શકીએ?

- લાહિરી શાહ, હૈદરાબાદ

[લાહિરીભાઈએ સરદાર સરોવરની પાણીની વહેંચણીમાં કચ્છને થયેલા અન્યાયની ચર્ચા કરી છે, જે અંગે આપણે પ્રસંગે ચર્ચા કરીશું. લાહિરીભાઈ એક બીજો પાયાનો generic કહી શકાય તેવો સવાલ ઊભો કરે છે, જેની ચર્ચા આ ઘડીએ કરવા જેવી લાગે છે. એકલા એમણે જ નહીં, 'ખોજ'ના ઘણા મિત્રોએ તેમના પત્રોમાં કે મૌખિક એ મુદ્દો ઉઠાવ્યો છે કે ખોજમાં વિદેશી વિચારો અને વિચારકો ઉપર તમે આટલો બધો ભાર શા માટે આપી રહ્યા છો? ન આપવો જોઈએ.

આ મુદ્દો ઊભો થાય છે તેની પાછળ ઘણાં સંકુલ કારણો છે, એવું અમારું માનવું છે. એક કારણ એવું લાગે છે કે પ્રશ્નો આપણી ધરાના છે, તેનો ઉકેલ અહીં, આપણે શોધવાનો છે. આપણી સભ્યતા પાસે પણ એ સજ્જતા અને વિચારભાથું છે, જેને ઉપયોગમાં લઈને આપણે આપણી રીતે પ્રશ્નોનો ઉકેલ કાઢી શકીએ. એક કારણ એવું પણ લાગે છે કે આપણે જાણે - અજાણે પશ્ચિમની સંસ્કૃતિથી વધારે પડતા અંજાઈ ગયા છીએ. તેનું આંધળું અનુકરણ કરી રહ્યા છીએ અને તે તરફ મોઢું રાખીને બેસી ગયા છીએ. આની સાથે જ જોડાયેલી એક ઉગ્ર લાગણી એ છે કે અંગ્રેજો ગયા, પરંતુ આપણું સંસ્થાનવાદી માનસ હજુ જતું નથી. આના જ કારણે અમૂર્ત સ્વરૂપનો સંસ્થાનવાદ આપણી ઉપર હાવી થયેલો છે. તો વળી એક કારણ દેશાભિમાન - સ્વાભિમાન કહેતાં રાષ્ટ્રવાદમાં પણ રહેલું છે. થોડું જાડું લાગે, પરંતુ ચોટડૂક રીતે કહેવું હોય તો આપણો દેશ, આપણી સભ્યતા અને આપણો ભૂતકાળ કાંઈ કોઈ રીતે કમ છે? આપણી પાસે એટલી તાકાત અને કૌવત છે કે બીજા કોઈ તરફ મોઢું રાખ્યા વગર આપણે આપણી જ વૈચારિક મૂડી ઉપર પ્રશ્નોને હલ કરી શકીએ. આ સિવાય બીજાં પણ કારણો હોઈ શકે, તે સ્વીકારીએ છીએ.

આ કારણો સાવ વજૂદ વગરનાં છે તેવું નથી કહેતા. પરંતુ, આવાં કારણો ઉપર મંડાયેલી દલીલો એક અતિરેક ઊભો કરે છે અને આપણી પાસે જે ક્ષમતાઓ છે તેનો ઉપયોગ કરવામાં બાધારૂપ બને છે. એક મહત્ત્વની વાત - કોઈ સભ્યતા, ભૂતકાળની કે હયાત, હતી નહીં કે છે નહીં, જેણે તેના બધા જ વિચારો અને ફિલસૂફી પોતે જ ઊભી કરી હોય અને તેની ઉપર સભ્યતા રચાઈ હોય. જે બ્રિટીશ સભ્યતાનું અનુકરણ કરી રહ્યા હોવાનું કહેવાય છે, તે સભ્યતાએ પણ ગ્રીક દેશ કે રોમન સામ્રાજ્યમાં વિકાસ પામેલા વિચારોમાંથી ઊંડી પ્રેરણા લીધી છે, તો વળી ગ્રીક સભ્યતાએ પોતે પણ એશિયા માઈનોર (હાલનું ટર્કી ), પર્શિયા (ઈરાન), મીસર

(ઈજિપ્ત), બેબીલોન (ઈરાક) અને સુમેર, કાર્થેજ (ઉ. આફ્રિકા) અને વાતને હજુ લંબાવીએ, તો ચીન અને ભારતમાંથી પણ વિચારોની આયાત કરી છે. ગણિત, વિજ્ઞાન, ફિલસૂફી, તત્ત્વજ્ઞાન, કાયદો - જેવા અનેક વિષયોમાં આ અને બીજી સભ્યતાઓએ પોત-પોતાની રીતે પ્રદાન કરેલું છે. એટલે કોઈ પણ સભ્યતા ટાપુ નથી. તેને કોઈ હયાત ભૌગોલિક સીમાઓમાં મર્યાદિત કરી શકાય નહીં, કરવી જોઈએ નહીં. ઋગ્વેદની ઋચા ''યા નો ભદ્રા ક્રતવઃ યન્તુ વિશ્વતઃ''નો જ પડઘો કવિવર ટાગોર, વિવેકાનંદ કે મહાત્મા ગાંધીએ પાડેલો છે. આપણી સભ્યતામાં જ એ બુલંદ રીતે કહેવાયું છે કે વિચારો અપૌરુષેય છે. અને એ મહાન તત્ત્વ જેમાં વિચારો સમગ્ર વિશ્વમાંથી - બધી જ દિશાઓમાંથી આવતા વિચારો આવકાર્ય છે. જે સભ્યતા આવા ઉદ્દત વિચારો સેવે છે અને તેને વ્યવહારમાં મૂકે છે તેને જ ''મહાન'' સભ્યતા કહી શકાય.

હવે આપણે વર્તમાન પરિસ્થિતિનો ક્યાસ લઈએ. આપણા રાષ્ટ્રે સ્વીકારેલું સંવિધાન લગભગ આખું ને આખું બ્રિટીશ, અમેરિકન, ફ્રેન્ચ વગેરે દેશોમાં વિકસેલી બંધારણીય થિયરીઓ પર મંડાયેલું છે. અરે, લોકતાંત્રિક વ્યવસ્થા એ લગભગ પૂરેપૂરી યુરોપિયન સભ્યતામાં ઉદ્ભવેલો અને ધીમે ધીમે પરિપક્વ થયેલો વિચાર છે. સંસદ, કેબિનેટ, ધારાગૃહો, વહીવટીતંત્ર, આપણા કાયદાઓ કશું જ આ વિચારોથી સ્વતંત્ર નથી. પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચતર શિક્ષણ, ન્યાયતંત્ર, ટેકનોલોજી, વિજ્ઞાન આ બધું જ સાવ ઉઘાડી રીતે પશ્ચિમની સંસ્કૃતિની નીપજ છે. અમારે મતે આ સ્થિતિનું હોવું એ કાંઈ નામોશીની વાત નથી, શરમાવાની વાત નથી. ઉપર કહ્યું તેમ કોઈપણ સભ્યતાના વિકાસની એ પૂર્વશરત છે કે તેની પૂરોગામી અને સમકાલીન સભ્યતાઓમાંથી યોગ્ય વિચારોને પોતાનામાં સમાવવા જ જોઈએ. પરિસ્થિતિનો તર્ક જ એવો છે જેમાંથી મુક્ત થવાની કોઈ સંભાવના નથી. વળી એવી કોઈપણ ઈચ્છા કે પ્રયત્ન આપણને એક બંધિયાર અને મૃતઃપ્રાય સમાજમાં જ લઈ જાય. વિચારોના મુક્ત આદાન-પ્રદાનના પ્રાણવાયુ વગર ધીંગી, ગતિશીલ, માનવીય સભ્યતા સંભવી ન શકે.

એમ જોવા જઈએ તો સમાજવાદી વિચારો પણ વિદેશના વિચારકોએ જ પ્રતિપાદિત કરેલા વિચારો છે. આ વિચારો આપણે ઉમળકાભેર અપનાવેલા છે. અને એ આપણને પોતીકા લાગે છે. એટલે સવાલ વિચારો આપણા છે કે વિદેશી છે એ નથી. સૌથી અગત્યની વાત એ છે કે આપણી પુરાણી સભ્યતામાં એવાં તત્ત્વો, વિચારબિંદુઓ, પરંપરાઓ, મૂલ્યો છે, જેનાથી આપણે કોઈપણ દિશામાંથી આવતા યોગ્ય વિચારને આપણામાં આત્મસાત્ (assimilate) કરી શકીએ, આપણી આગવી સભ્યતામાં સાહજિક રીતે ગોઠવી શકીએ, આપણો વિકાસ કરી શકીએ અને કરોડો ભારતીયોમાં પ્રગટ થયેલી કે સુષુપ્ત ક્ષમતાઓનો બને તેટલી મોટી માત્રામાં ઉપયોગ કરી શકીએ. સમાજમાં સુખશાંતિ અને આબાદીનો માહોલ રચાય, એક ભાઈચારો ઊભો થાય, એકબીજા માટે નિસબત ઊભી થાય, એ જ સાધવા યોગ્ય છે. અમે ચોક્કસ માનીએ છીએ કે ભારતીય સભ્યતા પાસે આ ક્ષમતાઓ પ્રચૂર માત્રામાં છે. હા, એવું નથી કે આપણા સમાજમાં બધું જ રૂડું-રૂપાળું અને ઉદાત્ત છે, ઘણી ઉણપો છે, અધૂરપો છે, કહી ન જાય, સહી ન જાય તેવી લાક્ષણિકતાઓ છે, પરંતુ આ બધાને જેર કરવાની પણ ક્ષમતા છે. - સં] ■

*The time that my journey takes is long and the way of it long.*

*I came out on the chariot of the first gleam of light,*
*and pursued my voyage through the wildernesses of worlds*
*leaving my track on many a star and planet.*

*It is the most distant course that comes nearest to thyself,*
*and that training is the most intricate*
*which leads to the utter simplicity of a tune.*

*The traveller has to knock at every alien door to come to his own,*
*and one has to wander through all the outer worlds*
*to reach the innermost shrine at the end.*

*Rabindranath Tagore, Gintajali*

*મારા દેશને ચાહીશ ખરો, પણ પૂજા તો સત્યની જ કરીશ. - રવીન્દ્રનાથ ટાગોર, ઘરે-બાહિરે*

# સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર
# ૨

## ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં કાયદાનું શાસન અને વ્યક્તિ-સ્વાતંત્ર્ય - બ્રિટીશ લિબરાલીઝમ

*- અનિલ પટેલ*

*(T)he central issue became increasingly the prevention of arbitrary action of government. Though the two meanings of 'arbitrary' were long confused, it came to be recognised, as parliament began to act as arbitrarily as the king, that whether or not an action was arbitrary depended not on the source of the authority but on whether it was in conformity with pre-existing general principles of law.*

*- F. A. Hayek (1960)*
*in The Constitution of Liberty*

*Though democracy is certainly praiseworthy value, the Rechtsstaat (The Rule of Law) is like the daily bread, the water we drink and the air we breathe; and the greatest merit of democracy is that it alone is adapted to preserve the Rechtsstaat.*

*- G. Radbruch (1950)*
*quoted in the Constitution of Liberty*

જોવા જઈએ તો માર્કેટ વિરૂદ્ધ સમાજવાદના દ્વંદ્વના પાયામાં વ્યક્તિવાદ (individualism) કે સામૂહિકવાદનો ચિરકાલીન દ્વંદ્વ રહેલો છે. બીજા શબ્દોમાં કહીએ તો વ્યક્તિ કેંદ્રમાં છે કે સમષ્ટિ કેંદ્રમાં છે, તે મુખ્ય સવાલ છે.

વ્યક્તિ-સ્વાતંત્ર્યને ટોચના સ્થાને બેસાડતી વ્યવસ્થા અને તેને વાજબી ગણતો વિચાર સૌપ્રથમ સ્પષ્ટપણે મુકાયો ૧૫મી સદીના ઉત્તરાર્ધમાં ઈટાલીનાં નગર રાજ્યોમાં. ઈતિહાસકારોએ તેને ઈટાલીયન રેનેસાંનું નામ આપ્યું છે. રેનેસાંએ પરંપરાઓ અને રૂઢિઓને ફગાવી દીધી. સમાજમાં પ્રચલિત ઊંચ-નીચની શ્રેણીઓ તોડી નાંખી. વ્યક્તિને કેંદ્રમાં મૂકી તેની સર્જનાત્મકતા અને મહત્ત્વાકાંક્ષાઓની પૂર્તિને મહત્ત્વનું સ્થાન આપ્યું. લૌકિક જગતમાં મનુષ્યને થતા અનુભવો અને તેની બુદ્ધિને જ જ્ઞાનપ્રાપ્તિનો મુખ્ય સ્રોત ગણ્યો. વિજ્ઞાનને બાઈબલ જેવા ધર્મગ્રંથોની પકડમાંથી મુક્ત કર્યું. વિજ્ઞાનની જ્ઞાનખોજ શુદ્ધ અર્થમાં નરી માનવીય, લૌકિક એટલે કે સેક્યુલર બની. સૃષ્ટિનાં રહસ્યોને સમજવાના પ્રયત્નોમાંથી ઈશ્વરી તત્ત્વની બાદબાકી કરતો આ સેક્યુલર વિચાર સમાજજીવનના દરેક ક્ષેત્રમાં પ્રસરી ગયો.

વ્યક્તિ, સમાજ, રાજ્ય અને સૃષ્ટિની ગતિવિધિઓને સમજવાના મનુષ્યના હજારો વરસ જૂના અવિરત પ્રયાસોમાં માંડ ૫૦૦ વર્ષ જૂનો રેનેસાં એક વોટરશેડ છે. આમ કહેવામાં કોઈને હકીકતદોષ દેખાય કે કથનની અતિશયોક્તિ પણ લાગે, કારણ કે નૂતન માનવને જન્માવતો પંદરમી સદીનો રેનેસાં એમ કાંઈ આકાશમાંથી ટપકી પડેલો ન હતો. મધ્યકાલીન યુરોપના કહેવાતા અંધકારયુગના વિચારજગતમાં તેનાં મૂળિયાં ક્યાંનાં ક્યાં ફેલાયેલાં હતાં. વોટરશેડ એટલા માટે કહી શકાય કે તે સમયકાળ પછી

કમસેકમ યુરોપનો માનવી ભૂતકાળમાં જીવવાને બદલે ભવિષ્ય તરફ નજર નાંખતો થયો. દૂર-સુદૂરના અતીતમાં રહેલા ઈડનના બાગને કે ગોકુળને બદલે ભવિષ્યમાં માનવીય પ્રયત્નોથી પૃથ્વી ઉપર યુટોપીઆ સર્જવાની મહત્ત્વાકાંક્ષા સેવતો થયો. પુરાણી પરંપરાઓને નકારતા અને ભવિષ્ય તરફ આશાભરી મીટ માંડતા રેનેસાંની માથું ફેરવી નાખવાની ક્ષમતાનો હજી આજે પણ આપણને અનુભવ થાય છે. વ્યક્તિસ્વાતંત્ર્ય વિના વિજ્ઞાને આગળનાં વિરાટ કદમ ભર્યાં તે થઈ શક્યું ના હોત. ભૌતિક જગતની કે વિચારોની અણદીઠી, અણકથી ભોમકાઓમાં ધસી જતો આધુનિક, સાહસિક માનવી પેદા થયો ના હોત. આને તો રેનેસાંનું એક અતિ સબળ પાસું જ કહી શકાય. આ જ રેનેસાંએ ઇટાલીનાં નગરરાજ્યોમાં વેપાર આડેના બધા જ આડબંધો તોડી નાંખ્યા. મુક્ત બજારનું અર્થતંત્ર ધમધમી ઉઠ્યું. બેંકિંગના વ્યવસાયે કેટલીય હરણફાળ ભરી. સંગીત, સાહિત્ય, સ્થાપત્ય, શિલ્પ, ચિત્રકળા અને યંત્ર વિજ્ઞાનનો તો વિસ્ફોટ થયો.

આ બધું ખરું, પરંતુ બધી જ પરંપરાઓને તોડીને આગળ ધસી જવા માંગતા રેનેસાંની આ એક મહત્ત્વની નબળી બાજુ પણ પુરવાર થવાની હતી. આનો સંબંધ આપણે ચર્ચવા ધારેલા માર્કેટ વિચાર સાથે તો છે જ, પરંતુ વિજ્ઞાનની આગેકૂચ સાથે પણ છે જ.

રેનેસાંનાં બે જ્વલંત પ્રતીકો અને પ્રકરણો : એક લિઓનાર્દો-દ-વિન્સી અને બીજો મહાન વિજ્ઞાની ગેલીલીયો. ગેલીલીયોના વિજ્ઞાને કેથોલિક ચર્ચને પાયામાંથી જ હચમચાવી મૂક્યું. ચર્ચની આખી ઈમારત ધ્રૂજી ઊઠી. ગેલીલીયોનું મોં બંધ કરવા સિવાય ચર્ચ પાસે જાણે કે બીજો કોઈ વિકલ્પ જ ના રહ્યો. ગેલીલીયો ઉપર ચાલેલો ખટલો ચરમસીમાએ પહોંચેલા આ વિચારસંઘર્ષનું પ્રતીક છે. મૃત્યુના આરે પહોંચેલા વયોવૃદ્ધ ગેલીલીયોએ ચર્ચની જોહુકમી સામે ઘૂંટણિયાં ટેકયાં. ઈટાલીની ધરતી ઉપર રેનેસાંને જાણે કે ધરબી દેવામાં આવ્યો. પણ રેનેસાંએ મુક્ત કરેલાં મનુષ્યમુક્તિનાં અને જ્ઞાનખોજનાં બળો એમ દબાઈ જાય તેમ થોડાં હતાં ? ઈટાલીમાંથી હઠીને રેનેસાં ગયો હોલેન્ડમાં અને તેની પાછળ ને પાછળ ગયો ઈંગ્લેન્ડમાં.

કેથોલિક ચર્ચે ઈટાલીયન રેનેસાંને તો જાણે દબાવી દીધો, પરંતુ જર્મનીમાં માર્ટીન લ્યુથરે કેથોલિક ચર્ચ સામે રીતસરની બગાવત જ પોકારી. કેથોલિક ચર્ચની યુરોપવ્યાપી પકડ તૂટી. ખ્રિસ્તી ધર્મ બે ઊભાં ફાડિયાંમાં વહેંચાઈ ગયો. કેથોલિક અને પ્રોટેસ્ટંટ. ધાર્મિક સ્વતંત્રતા અને સુધારણાનો યુગ યુરોપમાં શરૂ થયો. આને ધર્મ-સુધારણાનો (Reformation) યુગ કહેવાયો. ધાર્મિક સ્વતંત્રતાથી શરૂઆત થઈ પણ ધીમે ધીમે બીજી દુન્યવી સ્વતંત્રતાઓની માંગ તેમાંથી અનિવાર્યપણે ઊઠી જ. છતાં વ્યક્તિસ્વાતંત્ર્યનો ખરો વિકાસ ઈંગ્લેન્ડમાં થયો. અર્વાચીન યુગમાં વ્યક્તિસ્વતંત્ર્યનો વિચાર સમજવો હોય તો ઈંગ્લેન્ડ ઉપર જ નજર દોડાવવી પડે. ઈંગ્લેન્ડમાં પણ આ વિચાર કોઈ વિચારપૂર્વકના આયોજનથી થયેલો નહીં. જેમ બધે જ બને છે તેમ એ જૂથો વચ્ચેના સત્તાસંઘર્ષનું જ પરિણામ હતો. સંજોગોવશાત્ આ પ્રક્રિયા ૧૫મી અને ૧૬મી સદીના બે શતક દરમિયાન ઈંગ્લેન્ડમાં ચાલી. તેના કારણે વ્યક્તિ-સ્વાતંત્ર્યએ ધીમે ધીમે ત્યાંની ભૂમિમાં ઊંડાં મૂળિયાં નાંખ્યાં, જેનાં સારાં પરિણામો તેની પ્રજાએ જોયાં. લગભગ ૩૫૦ કરતાં વધારે વરસ લાંબી આ પ્રક્રિયા દરમિયાન વ્યક્તિ- સ્વાતંત્ર્યનો વિચાર એક બીજમાંથી ફાલેલા ફૂલેલા વૃક્ષમાં ફેરવાયો. ઈંગ્લેન્ડમાં તો તે એક આદર્શ તરીકે પ્રસ્થાપિત થઈ ગયો. ખંડીય યુરોપના સભ્ય સમાજો માટે આ વિચાર એક નમૂનારૂપ બન્યો. તેને ધારણ કરતી પ્રણાલિકાઓ અને સંસ્થાઓ એક કૌતુક અને નકલનું કારણ બની.

એક વાતનો વળી અહીં ઉલ્લેખ કરી લેવા જેવો છે. કોઈ પણ મહાન અને ફળદ્રુપ વિચાર માટે જે સાચું છે તે ઈંગ્લેન્ડમાં વિકસેલા આ વિચાર માટે પણ સાચું છે. ઈંગ્લેન્ડમાં વિકાસ પામેલા આ વિચારનાં મૂળિયાં ડચ ગણતંત્રમાં અને તેથી પણ પાછળ જઈએ તો રોમન રિપબ્લિક કાળમાં અને એથેન્સના નગરરાજ્ય જેવી ગ્રીક સભ્યતામાં જોવાનાં મળે. વળી સંશોધનકારોએ એ પણ શોધ્યું છે કે ચીનમાં લગભગ બે હજાર વર્ષ પહેલાં આને મળતો આવતો વિચાર ઉદ્ભવેલો, થોડો વિકસ્યો પણ ખરો, પછી વિલીન થઈ ગયો.

આપણે લીધેલા ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ઈંગ્લેન્ડમાં જે બન્યું તેની ઉપર આપણું ધ્યાન કેંદ્રિત થાય છે, કારણ કે ત્યાર પછી જ ''સ્વતંત્રતા''નો વિચાર રાજકીય અને સામાજિક સ્વરૂપમાં વિશ્વવ્યાપી બન્યો. વળી તેનો સંબંધ આ વિચારનું ફ્રાંસ અને જર્મનીમાં જે પ્રકારનું રૂપાંતર થયું તેની સાથે પણ છે. ૨૦મી સદીમાં દક્ષિણ એશિયાના ભારત સહિતનાં અને આફ્રિકાનાં નવોદિત રાષ્ટ્રોએ વિકાસની જે તરાહ અપનાવી તેની સાથે પણ આ વિચારનો સંબંધ છે.

૧૭મી સદીના ઈંગ્લેન્ડમાં વિકસેલા લીબર્ટીના વિચારનો મધ્યકાલીન યુરોપના વારસા સાથે કોઈ સંબંધ નથી, એવું નથી. જો તેનું મહત્ત્વ વધારે પડતું ના આંકીએ, તો મધ્યકાલીન યુગના વારસાનો એક કેંદ્ર વિચાર

મહત્ત્વનો હતો તે સ્વીકારવું જોઈએ. મધ્યકાલીન યુગમાં રાજાઓની સત્તા અમર્યાદ ન હતી. ભલે સામાન્ય માનવીના હક્કો લગભગ નગણ્ય હતા, પણ તે કાળના પ્રચલિત કાયદા પ્રમાણે રાજ્યનાં બીજાં જૂથોને અને વર્ગોને અમુક હક્કો હતા. આ હક્કો સદીઓ જૂની પરંપરાથી ચાલી આવેલા કાયદાઓની નીપજ હતા. આ કાયદા સર્વોપરી હતા. રાજા સહિત દરેકને તેની આણમાં રહેવું પડતું. રાજા કદીયે મનસ્વીપણે કાયદાઓ ઘડી શકતો નહીં, કે ચાલી આવેલા કાયદાઓને એકતરફી રદ કરી શકતો નહીં, ન તો તે તેનો ભંગ કરી શકતો. આવું કોઈ પણ કૃત્ય ન્યાય ઉપરના ઘા સમાન લેખાતું, ઈશ્વર સામે કરેલું પાપી કૃત્ય ગણાતું. સદીઓ સુધી એ સિદ્ધાંત સ્વીકારાયેલો હતો કે રાજા કે કોઈપણ માનવીય એજન્સી કાયદો સર્જી શકે નહીં. કાનૂન તો હોય જ. તેને ફક્ત ચાલી આવેલા નિયમો-પરંપરાઓમાંથી શોધવાનો જ હોય. બહુ બહુ તો હયાત કાનૂનમાં ઘૂસી ગયેલા દોષોને દૂર કરવાના હોય.

૧૫મી - ૧૬મી સદીની ધર્મસુધારણાની એક મોટી આડ-અસર એ ઊભી થઇ કે કેથોલિક ચર્ચ નબળું પડ્યું અને યુરોપના રાજવીઓ ચર્ચની પકડમાંથી નીકળીને વધારે ને વધારે સત્તા ધારણ કરતા ગયા, અને છેવટે અમર્યાદિત સત્તા ભોગવતા થયા. તેની સાથે જ મધ્યકાલીન યુગનો એ સિદ્ધાંત તૂટ્યો કે કાયદો અપૌરુષેય અને સર્વોપરી છે. રાજવીઓ મનસ્વીપણે કાયદાઓ ઘડવાને પ્રેરાયા. ઈંગ્લેન્ડ આ રસ્તે ચઢતાં અટકી ગયું કારણ કે ઈંગ્લેન્ડમાં યુરોપની સરખામણીમાં પાર્લામેન્ટ વધારે બળૂકી હતી. પાર્લામેન્ટ અને રાજા વચ્ચે મનફાવતા કાયદા ઘડવાની એક હૂંસાતૂંસી ચાલી. બંન્ને પક્ષો એક બીજા ઉપર આક્ષેપો કરતા રહ્યા કે સામો પક્ષ પરંપરાગત કાયદાઓને અનુરૂપ નહીં પરંતુ પોતાને મનફાવે તેવા કાયદા ઘડવા માંગે છે. આનું એક અણકલ્પ્યું સારું પરિણામ એ આવ્યું કે બંને સત્તાઓએ એકબીજાને અંકુશમાં રાખ્યા. પરિણામે વ્યક્તિ -સ્વાતંત્ર્ય અણધારેલી રીતે મજબૂત થતું ગયું. મધ્યકાલીન યુગમાં રાજ્ય સત્તા ઉપર મુકાયેલી મર્યાદાનો વિચાર ઈંગ્લેન્ડમાં ટકી ગયો. ૧૭મી સદીમાં મર્યાદિત રાજ્યનો વિચાર ઈંગ્લેન્ડમાં સ્થપાઈ ગયો.

૧૬મી સદીના ઉત્તરાર્ધમાં ઈંગ્લેન્ડમાં મહારાણી એલિઝાબેથ પ્રથમનો સૂરજ મધ્યાહ્નને તપતો હતો. ઈંગ્લેન્ડમાં પણ કેથોલિક ધર્મ અને ઈંગ્લેન્ડના વિશિષ્ટ સંજોગોમાં ઉદ્ભવેલા પ્રોટેસ્ટન્ટ ધર્મ વચ્ચેનો ઝગડો યુરોપની જેમ જ ઉગ્ર બની શકે તેમ હતો. તે જ રીતે પાર્લામેન્ટ અને રાજા વચ્ચેનો ઝગડો પણ ગમે તે કારણે ગમે તે સમયે બહેકી જઈ શકે તેમ હતો.

મહારાણી એલિઝાબેથ પ્રોટેસ્ટંટ પંથની હતી છતાં દુરંદેશિતા બતાવીને બે પંથો વચ્ચેના ઝગડા તેણે કુનેહપૂર્વક ટાળ્યા. અનુભવે બન્ને વચ્ચે એક પ્રકારની ધાર્મિક સહિષ્ણુતા સ્થપાઈ. તે જ રીતે પાર્લામેન્ટ સાથેનો ઝગડો પણ તેણે ડહાપણભરી રીતે વારંવાર ટાળ્યો. રાજ્યસત્તા ઉપરની મર્યાદા તેણે સ્વીકારી. યુરોપની રોમન લોની પ્રણાલીને ઘણી મળતી આવતી ઈંગ્લેન્ડમાં જ ખાસ વિકાસ પામેલી કોમન-લો પ્રણાલીને અવરોધ્યા વગર વિકસવા દીધી. વિકસી રહેલી કોમન-લો પ્રણાલીના માહોલમાં અર્થવ્યવસ્થામાં રાજ્યની દરમિયાનગીરી ઘણી ઓછી થઈ ગઈ, તેના કારણે વેપાર-વાણિજ્ય ખીલી ઉઠયાં, સંપત્તિમાં અભૂતપૂર્વ વધારો થયો. આ જ પ્રણાલીને કારણે ઈંગ્લેન્ડમાં સૌ પ્રથમ ઔદ્યોગિકીકરણની શરૂઆત થઈ. કળા, સાહિત્ય અને વિજ્ઞાન ક્ષેત્રોમાં ઇંગ્લેન્ડે હરણફાળો ભરી. ઈંગ્લેન્ડ સ્પેઈન સામેના મહા દરિયાઈ યુદ્ધમાં નિર્ણાયક રીતે વિજયી થયું અને દરિયાની રાણી તરીકે સમુદ્રની સર્વોપરિ સત્તા તરીકે બહાર આવ્યું. એલિઝાબેથનો કાળ ઈંગ્લેન્ડનો રેનેસાં કાળ કહેવાયો.

૧૭મી સદીમાં ઈંગ્લેન્ડમાં ધીરે-ધીરે વિકસેલા વ્યક્તિ-સ્વાતંત્ર્યની પાછળના વિચારોનાં મૂળ મધ્યકાલીન યુગમાં ના શોધતાં કલાસીકલ ગ્રીક અને રોમન સભ્યતામાં શોધવાં પડે. ઘણા ઇતિહાસકારોએ દલીલો કરી છે કે આપણે જે પ્રકારના વ્યક્તિ-સ્વાતંત્ર્યની વાત કરીએ છીએ તેનાં મૂળ પુરાણી સભ્યતાઓમાં શોધવાનો પ્રયત્ન વ્યર્થ છે. આવી કોઇ સ્વતંત્રતા ત્યારે હતી નહી. મોટાભાગનાં ગ્રીક નગરરાજ્યોની સભ્યતાઓ માટે કદાચ એ સાચું હશે. પરંતુ ગ્રીક નગરરાજ્યોમાં સહેલાઈથી શ્રેષ્ઠ સ્થાને વિરાજતા એથેન્સનગર રાજ્ય માટે એ સાચું નથી, કે નથી એ સાચું રોમન રિપબ્લિકના પાછળનાં ૪૦૦ વર્ષ માટે.

આ બન્ને સ્થળોએ વ્યક્તિ-સ્વાતંત્ર્યના વિચારે ઘણું મોટું ગજું કરેલું હતું. એલિઝાબેથ કાળના કોમન-લો પ્રથાના પ્રખર ચિંતકો ઉપર તે પુરાણી સભ્યતાઓની ઘણી ઊંડી અસરો પડેલી.

એથેન્સ પાસેથી ઈંગ્લેન્ડે Isonomy નો એ વિચાર સીધો જ સ્વીકારી લીધેલો કે ''દરેક વ્યક્તિ માટે કાયદો એક સમાન છે''. ધીમે ધીમે ''કાયદા સમક્ષ સૌ સમાન''ના વિચારમાંથી ''કાનૂનથી બદ્ધ સરકાર'' (Government of law) અને ''કાયદાનું શાસન'' (Rule of Law) જેવા જગપ્રસિદ્ધ સિદ્ધાંતો વિકસ્યા.

બહુ શરૂઆતમાં ગ્રીક નાગરિકોને જાહેર નીતિના ઘડતરની કે તેને

નિયંત્રણામાં રાખવાની કોઈ સત્તા ના હતી. ''દરેકને એક સરખા ગણવાના કાયદા''ને શરૂઆતના કાળમાં જાહેર નીતિઓના ઘડતરમાં કે નિયંત્રણમાં ભલે હિસ્સેદારી ના મળી હોય, પરંતુ એ તો નિશ્ચિત જ હતું કે તેમની ઉપર ચાલતું શાસન સર્વને ખબર હોય તેવા નિયમોની આણ હેઠળ ચાલતું અને તે અર્થમાં કાયદેસરનું હતું. આવું શાસન એક વાર સ્થપાયું પછી તેમાંથી કાળક્રમે એ માંગ ઊઠી કે દરેકને રાજય-વ્યવહારમાં ભાગ લેવા સમાન અધિકાર પણ મળવો જોઈએ. આને જ લોકશાહી કહેવામાં આવી છે. લાંબા સમય સુધી ગ્રીકો એ બે વિચારો વચ્ચેના સુક્ષ્મ અને મહત્ત્વના તફાવતો વિશે સભાન હતા. ધીમે ધીમે લોકશાહીમાં ભાગ લેનારાઓ કાયદા સમક્ષની સમાનતાના એ મૂળભૂત સિદ્ધાંતની જ અવગણના કરવા લાગ્યા, જેમાંથી તો લોકશાહી વિચારે સૌ પ્રથમ તેની વૈધતા મેળવી હતી. એરિસ્ટોટલના કાળમાં એ બારીક ભેદરેખા ભૂંસાવા માંડી હતી. ગ્રીક ધારાગૃહોમાં જોરદાર માંગ ઊઠી રહી હતી કે તેમને મનપસંદ કાયદાઓ ઘડવાની સત્તા ઉપર કોઈ પણ નિયંત્રણો હોવાં ના જોઈએ. ધારાગૃહો સર્વોચ્ચ સત્તા માંગવા માંડયાં અને તે અર્થમાં કાયદાની ઉપરવટ જવાની માંગ ઊઠી.

એરિસ્ટોટલે તો ''કાયદો નહીં પણ લોકો શાસન કરે'' તેવી વ્યવસ્થાની કડક આલોચના કરતાં કહ્યું કે જ્યાં ધારાગૃહો કાયદાને આધિન ના હોય ત્યાં સ્વતંત્ર રાજ્ય હોઈ ના શકે. આ વિચારમાંથી અર્વાચીન યુગનો એક મહત્ત્વનો વિચાર નીકળ્યો કે ''શાસન હોય તો કાયદાનું, નહીં કે મનુષ્યનું''. થોમસ હોબ્સે ''કાયદાના શાસન''ના વિચારની નિંદા કરતાં કહ્યું, ''એરિસ્ટોટલનો એ વિચાર કે વ્યવસ્થિત સમાજ ઉપર શાસન મનુષ્યનું નહીં પણ કાયદાનું હોય, તે ભૂલભરેલો હતો''.

સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં ઈંગ્લેન્ડમાં રોમન રિપબ્લિકમાં વિકસેલ અને પ્રચલિત કલાસીકલ રોમન લોમાંથી ઊતરી આવેલી અસરો બળવત્તર બની. જસ્ટીનિયન કોડ તરીકે જાણીતી થયેલી રોમન પ્રણાલિકા જેની ખંડીય યુરોપ ઉપર બહુ મોટી અસર પડેલી તે અને કલાસીકલ રોમન રિપબ્લિક લોની પ્રણાલિકા, એ બે સાવ ભિન્ન જ વિચારો છે. એ બન્નેને સરખા ગણવાની ભૂલ થાય નહીં તેની ઘણી કાળજી લેવાની જરૂર છે. ઇસુની બીજી સદીમાં રોમમાં ઊભી થયેલી જસ્ટીનિયન લોની પ્રથામાં તો રોમન સામ્રાજ્યે સમ્રાટની ઇચ્છા મુજબની કાયદા ઘડવાની અમર્યાદિત સત્તા હાથ કરી લીધી હતી. કાયદાએ વ્યક્તિસ્વાતંત્ર્યનું રક્ષણ કરવાનું છે એવી ભાવના આ સાથે નષ્ટ પામી. જ્યારે યુરોપના રાજવીઓએ ૧૫મી-૧૬મી સદીમાં મનફાવતા કાયદાઓ ઘડવાની સત્તા પ્રાપ્ત કરવા માંડી ત્યારે કાયદાનું ઘડતર કાયદાની ઉપર છે એવી જસ્ટીનિયન કોડની વિભાવના નમૂનારૂપ બની.

ઈસુ પહેલાંની સદીઓના સ્વતંત્ર રોમમાં કલાસીકલ રોમન લોની પ્રણાલિકા વિકસી. ગ્રીકોના Isonomy ના વિચાર સાથે ઘણી મળતી આવતી આ પ્રણાલિકામાં કાયદાના શાસન અને મનુષ્યના શાસન વચ્ચેનો તફાવત સ્પષ્ટ હતો. તે કાળના મહાન ચિંતક સિસેરો (Cicero)નાં લખાણો દ્વારા આ વિચારો સત્તરમી સદીના ઈંગ્લેન્ડમાં ફેલાયા. અર્વાચીન લિબરાલીઝમનો આદિ ગુરુ સિસેરો જ કહેવાવો જોઈએ. કાયદા હેઠળની સ્વતંત્રતાના મુખ્ય સિદ્ધાંતો સિસેરોમાંથી જ તારવવામાં આવ્યા છે. સિસેરોએ જ સૌ પ્રથમ ''સામાન્ય નિયમો'' (General Rules) નો મહાન સિદ્ધાંત રજૂ કર્યો. આ નિયમોના આધારે જ કાયદાઓ ઘડી શકાય, અને કાયદા ઘડવાની વૈધતા મળે. ''સ્વતંત્ર રહેવું હોય તો આ નિયમોને આપણે તાબે રહેવું જોઈએ''નો સિદ્ધાંત પણ તેમાંથી જ નીકળ્યો. સિસેરોએ બહુ સ્પષ્ટ કરી નાખ્યું કે કલાસિકલ રોમન કાળમાં સદીઓથી ઉત્ક્રાંતિ પામી રહેલા રોમન લોમાં કાનૂન અને સ્વતંત્રતા વચ્ચે કોઇ આંતરવિરોધ નથી. સ્વતંત્રતાનો બધો આધાર કાનૂનની સાર્વત્રિક્તા અને નિશ્ચિતતા, અને રાજ્યની વિવેકપૂર્ણ ભેદભાવ કરવાની સત્તા (discretionary powers) ઉપર કડક અંકુશો જેવી વિશિષ્ટ ખાસિયતો (attributes) ઉપર છે. સીસેરોના સમકાલીન કાટો જેવા ફિલસૂફે તો કહ્યું કે, ''(રોમન કાયદાની વ્યવસ્થા) કોઈ એક મનુષ્યની અસામાન્ય પ્રજ્ઞા ઉપર નહીં, ઘણાના પ્રયત્નો ઉપર મંડાયેલી છે : એક પેઢીના પરિશ્રમથી એ સ્થપાઈ નથી. સદીઓ બાદ અનેક પેઢીઓના અસંખ્ય મનુષ્યોએ તેમાં પોતાનું પ્રદાન કરેલું છે. એવો કોઈ મનુષ્ય કયારેય હસ્તિમાં આવ્યો નથી, જે એટલો તો પ્રતિભાસંપન્ન હોય કે તેની સુક્ષ્મ દૃષ્ટિમાંથી કાંઈ છટકી ના શકે અથવા તે કાળના બધા જ મનુષ્યની સંયુક્ત શક્તિની તે બરાબરી કરી શકે, જે અનુભવની મદદ વગર જ ભવિષ્યમાં ઊભી થનારી દરેક સમસ્યા કે પડકારને પહોંચી વળવાની જોગવાઈ પૂરી કરી શકે''.

આ પછી લગભગ ૪૦૦ વરસ બાદ ઈસુની બીજી સદીમાં જસ્ટીનિયન કોડ બન્યો. કલાસિકલ રોમન લોએ રાજ્યસત્તા ઉપર મૂકેલા અંકુશો હટાવી લેવાયા.

મહારાણી એલિઝાબેથના રાજ્યકાળ દરમિયાન સીસેરો કથિત રોમન લોમાંથી જ સીધી પ્રેરણા લેતા કોમન-લોના કલાસિકલ ચિંતકો તેની

ગાઢ અસર નીચે આવ્યા. એલિઝાબેથના મૃત્યુ પછી ઈંગ્લેન્ડની ગાદી ઉપર આવેલો જેમ્સ પહેલો કેથોલિક ન હતો, પરંતુ તે તરફ ઢળતો હતો. અત્યારે સમજવા અઘરા પડે તેવા ધાર્મિક વિધિઓના સુક્ષ્મ તફાવતો બે પંથો વચ્ચે ઊપસી આવ્યા. ઝગડાનું એક મોટું કારણ એ બન્યા. આમાંથી એક પક્ષને રાજાનું સમર્થન મળ્યું. આ ઉપરાંત રાજાએ આર્થિક બાબતોમાં હસ્તક્ષેપ કરવાના શરૂ કર્યા. તેણે તેની પસંદગીના લોકોને ઈજારાશાહી હક્કો આપવાના શરૂ કર્યા. તે કાળના એક પ્રખ્યાત કેસમાં કોમન-લો કોર્ટે આપેલા શકવર્તી ચુકાદામાં આવા ઈજારાઓને કોમન લોની વિરુદ્ધના અને નાગરિક સ્વતંત્રતા ઉપરની તરાપ તરીકે જાહેર કર્યા હતા. ઈંગ્લીશ નાગરિક બરાબર સમજી ચૂકયો હતો કે ઉત્પાદન ઉપરના કોઈ પણ શાસકીય અંકુશો એટલે કોઈ મળતિયાને વિશેષાધિકારોની લહાણી. પ્યુરીટાન (પ્રોટેસ્ટન્ટ) પ્રભાવિત પાર્લામેન્ટ અને જેમ્સ પહેલા વચ્ચે ખટરાગ ઊભો થવો અનિવાર્ય હતો. રાજાએ પાર્લામેન્ટની સંમતિ વગર બીજા આર્થિક અંકુશો જાહેર કર્યા. પાર્લામેન્ટે તેનો વિરોધ કરતાં એ મુદ્દો ઘૂંટયો કે પ્રજાની જિંદગી, જમીનો કે ઉત્પાદનના કોઈ પણ હક્કો કોમન-લોએ પ્રસ્થાપિત કરેલા કાનૂનના આધાર વગર છીનવી લઈ શકાય નહીં. ઈંગ્લીશ લિબર્ટીના તે કાળના મહાસમર્થક અને બચાવકાર કોમન-લો કાનૂનવિદ સર એડવર્ડ કોકે શાહી વિશેષાધિકારોનો દુરુપયોગ કરીને માનીતાઓને અપાતા મોનોપોલીના હક્કોની લહાણીને નાગરિક સ્વતંત્રતા ઉપરની તરાપ તો કહી જ, સાથે જ પાર્લામેન્ટને પણ ચેતવણી આપી કે દરેક મુદ્દાને કોમન લોના સીધા અને વાળી ના શકાય તેવા અક્કડ માપદંડથી જ માપવા જોઈએ અને કોઈને પણ ભેદભાવ કરવાની સત્તા અપાવી જોઈએ નહીં.

જેમ્સ પહેલાનો પુત્ર ચાર્લ્સ પહેલો ગાદી ઉપર આવ્યો તે વળી વધારે તંતીલો અને અક્કડ વલણ ધરાવનારો હતો. વાત ઓર વણસી. પાર્લામેન્ટ અને રાજા વચ્ચેનો સંઘર્ષ પરાકાષ્ઠાએ પહોંચ્યો. ૧૬૪૯માં પ્યુરીટાનોના નેતા ક્રોમવેલે લોહિયાળ ક્રાંતિ કરીને ચાર્લ્સ પહેલાને સત્તાભ્રષ્ટ કર્યા. તેના ઉપર દેશદ્રોહનો ખટલો ચલાવીને તેનો શિરચ્છેદ કર્યો. ત્યાર પછી ક્રોમવેલ પોતે જ સરમુખત્યાર થઈ બેઠો. ઈંગ્લેન્ડની સ્વતંત્ર મિજાજી પ્રજા આ ગુસ્તાખી ચલાવી લેવા તૈયાર ન હતી. ક્રોમવેલ પછી તેનો પુત્ર સત્તા ઉપર આવ્યો. તેની સામે બેઠો બળવો થયો. તેને હટાવાયો. રાજાશાહી ઈંગ્લેન્ડમાં પુનઃસ્થાપિત થઈ.

રાજકીય ઊથલપાથલોના આ દાયકાઓમાં કાયદાના શાસનની વાત ઊંડે ને ઊંડે ઊતરતી ગઈ. છેવટે નોબત એવી આવી કે રાજગાદી ઉપર પુનઃસ્થાપિત કરાયેલા જેમ્સ બીજાને પણ હટાવવો પડે. એક રકતવીહિન શાંત ક્રાંતિ દ્વારા ૧૬૮૮માં તેને હટાવાયો. ગાદી ઉપર હવે વિલિયમ ત્રીજાને બેસાડવામાં આવ્યો. એક રાજાને પદભ્રષ્ટ કરીને બીજાને બેસાડવાનું ઈંગ્લેન્ડની પ્રજાને આકરું લાગ્યું, પણ તેમ કરવું પડે એમ હતું. ગ્લોરીયસ રિવોલ્યુશન તરીકે પંકાયેલા આ સત્તાપલટાને ન્યાયસંગત સિદ્ધ કરવાનું કપરું કાર્ય કર્યું પ્રખ્યાત તત્ત્વચિંતક જહોન લોકે. એક રાજાને હટાવીને બીજા કોઈને તેને સ્થાને બેસાડવાની નાજુક સત્તા બદલીને જહોન લોકે વૈધ તો ઠેરવી, તેની સાથે જ એક મહાન રાજકીય સિદ્ધાંતને સંહિતાબદ્ધ (codify) કરવાનું અતિમહત્ત્વનું કાર્ય પણ તેણે કર્યું. શાસન કઈ સત્તાઓ ધારણ કરી શકે તે સિદ્ધાંતો તેણે પ્રસ્થાપિત કર્યા. લગભગ એક સદી પછી ઈંગ્લેન્ડથી લડીને છૂટાં પડેલાં અમેરિકન સંસ્થાનોએ ઈંગ્લેન્ડ સામે કરેલા બળવાને ન્યાયોચિત ઠેરવવા 'જહોન લોક'ના આ મહાન સિદ્ધાંતનો ઉપયોગ કરેલો. અમેરિકામાં ઈંગ્લીશ લીબર્ટી સ્થાપિત કરી, તેના પાયાના સિદ્ધાંતો પણ મહદ્ અંશે તેમણે લોકમાંથી લીધા.

લોક સામેનો સૌથી વ્યવહારુ પ્રશ્ન એ હતો કે સત્તાનો ભોગવટો કરનાર ગમે તે વ્યક્તિ કે સંસ્થાને તેનો મનસ્વીપણે દુરુપયોગ કરતી અટકાવવી કેવી રીતે ? તે માટેના તેના મહત્ત્વના સિદ્ધાંતો નીચે મુજબ છે :

૧) શાસન હેઠળની દરેક વ્યક્તિની સ્વતંત્રતા કોઈ ચોક્કસ નિશ્ચિત નિયમોને આધારે અંકિત થવી જોઈએ. આ નિયમો સમાજમાં દરેકને એકસરખી રીતે લાગુ પડવા જોઈએ. નિશ્ચિત નિયમોનું પાલન કરતા નાગરિક ઉપર બીજા કોઈ પણ મનસ્વી કે બદલાતા રહેતા કે અનિશ્ચિત નિયમો લાદી શકાય નહીં.

૨) કોઈ પણ જાતના અનિયમિત કે મનસ્વી સત્તાના ઉપયોગથી નાગરિકને બચાવવાની તેની સતત ચિંતામાંથી બીજો સિદ્ધાંત એ નીકળ્યો કે જેની પણ પાસે કાયદો ઘડવાની સર્વોત્તમ સત્તા હોય તે સત્તાનો ઉપયોગ પણ અગાઉથી જાહેર થઈ ગયેલા, સર્વ લોકોને અગાઉથી વિદિત હોય અને પ્રસ્થાપિત થઈ ચૂકયા હોય તેવા નિયમોની મર્યાદામાં જ થઈ શકે. કોઈ પણ સત્તાધારી કયારેય તત્કાળ પૂરતા અને તદર્થ હુકમો આપી શકે નહીં. ધારાગૃહોને પણ ''અમર્યાદિત મનસ્વી સત્તા'' નથી. તેણે ઘડેલા કાયદાની વૈધતાને નક્કી કરવાનું સ્વતંત્ર ન્યાયાધીશો જ કરી શકે.

૩) અને છેલ્લે લોક માટે કોઈ પણ સાર્વભૌમ સત્તાનો વિચાર જ અસહ્ય છે. તેનું પ્રસિદ્ધ પુસ્તક ''Second Treatise on Civil Government'' આવી કોઈ પણ સાર્વભૌમ સત્તાના દાવા ઉપરનો સીધો જ હુમલો છે.

લોકે માંડેલા કાયદાના શાસનના સિદ્ધાંતો સંપૂર્ણપણે ઈંગ્લેન્ડમાં પણ ક્યારેય પ્રસ્થાપિત થયા નથી. કાયદા સમક્ષની સમાનતાનો સિદ્ધાંત ગરીબો માટે એક વાસ્તવિક હકીકત ક્યાંય સુધી બન્યો નહીં. પરંતુ એ વાતનો સ્વીકાર કરવો જોઈએ કે ૧૮મી સદીના પૂર્વાર્ધ દરમિયાન આ સિદ્ધાંતો ઘણા મોટા અંશમાં અમલી બની ચૂકયા હતા. એ પણ સાચું છે કે આ સિદ્ધાંતોને અનુરૂપ કાયદાકીય સુધારાની પ્રક્રિયા ઘણી વાર ધીમી ચાલી. પરંતુ સૌથી મહત્ત્વની વાત એ છે કે ત્યાર પછી આ સિદ્ધાંતો પોતે વિવાદનું કેન્દ્ર ક્યારેય બન્યા નહીં. તે કોઈ પણ એક પક્ષનું દૃષ્ટિબિંદુ બનીને રહ્યા નહીં. ઈંગ્લેન્ડના બધા જ પક્ષોએ સૈદ્ધાંતિક રૂપે આ સિદ્ધાંતોનો એક આદર્શ તરીકે સ્વીકાર કર્યો તેનું જ બહુ મોટું મૂલ્ય અંકાવું જોઈએ.

સત્તાની વહેંચણીનો લોકનો સિદ્ધાંત બંધારણની થિયરીનું એક સૌથી મહત્ત્વનું પ્રદાન ગણાયું છે. આમ છતાં જેમ સમય વીતતો ગયો, બ્રિટનમાં કેબિનેટપ્રથા વિકસતી ગઈ તેમ મહદ્ અંશે આ સિદ્ધાંત તેનું કૌવત ખોવા માંડયો. ૧૭૬૭ની સાલમાં બ્રિટીશ પાર્લામેન્ટે એક કાયદો પસાર કરીને કાયદા ઘડવાની અમર્યાદ સત્તા પોતાને હાથ કરી લીધી. તે પછી પણ ૧૭મી સદીમાં ઈંગ્લેન્ડે જે સિદ્ધિઓ મેળવી તે ૧૯મી સદીના અંત પછી પણ સચવાઈ રહી.

જહોન લોકનો સત્તાની વહેંચણીનો સિદ્ધાંત શેમાંથી ઉદ્ભવ્યો ? તે માટેનાં કારણો કયાં ? તેને વાસ્તવિક સ્વરૂપ આપવાના પ્રયત્નોનો શો અંજામ આવ્યો ? - જેવા સવાલોને અહીં ના છેડીએ અને વ્યક્તિ-સ્વાતંત્ર્યનો વિકાસ આગળ ઉપર કેવો થયો તે જોઈએ.

## બ્રિટીશ લિબરાલીઝમ વિરુદ્ધ ફ્રેંચ લિબરાલીઝમ

ઇતિહાસની એક રસપ્રદ હકીકત એ છે કે વ્યક્તિ-સ્વાતંત્ર્યનો ઉદ્ભવ અને વિકાસ ફક્ત એ જ દેશોમાં થયો જ્યાં કાનૂન એ કોઈ વ્યક્તિ-વિશેષની મનસ્વી ઇચ્છાનું પરિણામ નહોતો. આ બધા જ દેશોમાં કાનૂન એક જમાના જૂની સમાજવ્યાપી સ્વયંભૂ પ્રક્રિયાના પરિણામે અસ્તિત્વમાં આવેલો. આ પ્રક્રિયામાં મનુષ્ય વ્યવહારોમાંથી નીકળેલી પ્રણાલિકાઓમાંથી શાણા ન્યાયાધીશોએ સામાન્ય નિયમો (General Rules) તારવેલા અને શબ્દબદ્ધ કરેલા. આ નિયમો કાનૂન (Laws) કહેવાયા. સમાજમાં સારું શું, ખોટું શુંની ન્યાયભાવના આ જ નિયમોના આધારે સ્થપાતી અને નિયંત્રિત થતી.

અર્વાચીન યુગમાં આવી કાનૂન આધારિત વ્યક્તિ-સ્વતંત્રતાની સ્થાપના સૌથી વિકસિત સ્વરૂપમાં ઈંગ્લેન્ડમાં લગભગ અઢી સદી સુધી ચાલેલી પ્રક્રિયાના અંતે થઈ.

ઈંગ્લેન્ડમાં બનેલી આ ઘટનાની બહુ વ્યાપક અસરો અમેરિકા ઉપર અને ખંડીય યુરોપ ઉપર પડી. એ દેશોમાં પણ ઈંગ્લેન્ડનું અનુકરણ કરતી સ્વતંત્રતા માટેની ચળવળો ચાલુ થઈ. અમેરિકામાં ઈંગ્લેન્ડ જેવું વ્યક્તિ-સ્વાતંત્ર્ય આધારિત લિબરાલીઝમ વિકસ્યું, પરંતુ ખંડીય યુરોપમાં, ખાસ કરીને ફ્રાંસમાં, આ ચળવળે જુદી દિશા પકડી અને જુદું જ સ્વરૂપ ધારણ કર્યું.

આ રીતે બે પ્રકારનાં લિબરાલીઝમ અસ્તિત્વમાં આવ્યાં : બ્રિટીશ લિબરાલીઝમ અને ફ્રેંચ (યુરોપીયન) લિબરાલીઝમ. બહુ પાછળથી અમેરિકામાં યુરોપીયન લિબરાલીઝમ ફેલાયું. આજે અમેરિકામાં લિબરાલીઝમનો અર્થ નિશ્ચિતપણે યુરોપીયન પ્રકારનું લિબરાલીઝમ કરવો જોઈએ. ફ્રેંચ લિબરાલીઝમની શરૂઆત ભલે બ્રિટીશ લિબરાલીઝમના અનુકરણ કરવાના પ્રયત્નોમાંથી થઈ, પરંતુ ફ્રાંસમાં તે કાળે પ્રચલિત ફિલસૂફીએ તેને બિલકુલ જુદો ઘાટ અને વળાંક આપ્યા. (આ નિર્ણાયક વળાંકની વધુ ચર્ચા આગળ કરીશું).

અંતે બન્યું એવું કે ફ્રેંચ લિબરાલીઝમમાં શાસનની સત્તાને મર્યાદિત કરવાના આદર્શનું સ્થાન લીધું, બહુમતીને અપાતી અમર્યાદિત સત્તાએ. બ્રિટીશ લિબરાલીઝમમાંથી ઊંડી પ્રેરણા લેતા ફ્રેંચ વિચારક વોલ્ટેરે સાવ જ જુદી પરંપરા ફ્રાંસમાં શરૂ કરી. આખરે તેની અને રૂસોની ગાઢ અસર નીચે ફ્રેંચ ક્રાંતિએ તેઓના મહત્ત્વના સિદ્ધાંતો સ્વીકાર્યા અને પ્રબોધ્યા. આ જ વિચારમાંથી આગળ જતાં સમાજવાદી વિચારનો ફાંટો ફૂટયો. આ જ વિચારધારામાંથી પ્રેરણા લઈને ઈંગ્લીશ વિચારક જેરેમી બેન્થમે ૧૮મી સદીના અંત ભાગમાં બ્રિટીશ લિબરાલીઝમની પણ કાયાપલટ કરી નાખી.

બંને પ્રકારનાં લિબરાલીઝમ ભલે અમુક બાબતોમાં સરખાં તારણો ઉપર પહોંચતાં હોય પરંતુ બન્નેના તાત્ત્વિક વિચારોના આધારો સાવ જ જુદા છે.

બ્રિટીશ લિબરાલીઝમની આધારશીલાઓ મુખ્યત્વે બે છે : એક, સભ્યતામાં પ્રગટ થતા બધા જ વ્યાપારો અને ક્રિયાઓ અરે ! મનુષ્ય મન પણ એક ઉત્ક્રાંતિનું ફળ છે. અને બીજું, એ અંતર્સૂઝ કે મનુષ્ય-બુદ્ધિ મર્યાદિત છે. તેથી ઊલટું, ફ્રેંચ લિબરાલીઝમ સભ્યતાએ દેખા દેતાં બધાં જ ઘટકોને મનુષ્ય બુદ્ધિએ વિચારપૂર્વક રચેલી રચના તરીકે જુએ છે. હાયેકે આ વિચારને રચનાવાદી બૌદ્ધિકવાદ (Constructivistic Rationalism) કહ્યો છે. આ બુદ્ધિવાદ એ દૃઢ માન્યતા ધરાવે છે કે સમાજની બધી જ વિકસિત સંસ્થાઓની પુનઃરચના સુનિશ્ચિત આયોજન પ્રમાણે કરી શકાય અને તે ઇચ્છનીય પણ છે. બ્રિટીશ પરંપરા ચાલી આવેલી પ્રણાલિકાઓ, સંસ્થાઓને સન્માનની દૃષ્ટિથી જુએ છે અને એ હકીકત સ્વીકારે છે કે મનુષ્યનું જ્ઞાન અને તેની સભ્યતા પરંપરાઓની ઉપર આધારિત છે. આનાથી ઊલટું, ફ્રેંચ વિચાર બધી જ પરંપરાઓને શંકાની અને અમુક અંશે તિરસ્કારની દૃષ્ટિએ જુએ છે. વોલ્ટેરે તો ત્યાં સુધી કહેલું કે, ''જો તમારે સારા કાયદા જોઈતા હોય તો હયાત કાયદાઓને બાળી દો અને મનપસંદ નવા જ કાયદા બનાવી લો''. બ્રિટીશ વિચાર વિનમ્ર છે અને મનુષ્યની મર્યાદિત બુદ્ધિનો મહત્તમ ઉપયોગ કેવી રીતે કરી શકાય તેની ઉપર તેનું ધ્યાન કેંદ્રિત કરે છે. ફ્રેંચ વિચાર આવી મર્યાદાઓને સ્વીકારતો નહીં હોવાથી કોઈ પણ ઇચ્છિત નક્કર વ્યવસ્થાને ઊભી કરી શકાય તેમ માને છે. બ્રિટીશ વિચાર બૌદ્ધિક મર્યાદાને સહજ સ્વીકારી લેતો હોવાથી ધાર્મિક માન્યતાઓ સાથે ટકરાવોને સતત ટાળે છે, અને તેની સાથે શાંતિમય સહઅસ્તિત્વ બનાવી રાખવા પ્રયત્નો કરે છે. જહોન લોકે પ્રસિદ્ધ કરેલી ધાર્મિક સહિષ્ણુતાના પાયામાં મનુષ્યબુદ્ધિની મર્યાદાનો ખુલ્લેઆમ એકરાર રહેલો છે. ધાર્મિક વિચાર ધરાવનારાઓનું લિબર્ટી વિચારમાં માનવું અને ઊંડી ધાર્મિક ભાવના પણ રાખવી તે બેની વચ્ચે કોઈ આંતરવિરોધ જોતા નથી. યુરોપીયન લિબરાલીઝમનો વિચાર હંમેશાં ધર્મનો ઘોર વિરોધી રહ્યો છે અને સંગઠિત ધર્મ સાથે સતત રાજકીય સંઘર્ષમાં રહ્યો છે. ફ્રેંચ લિબરાલીઝમની થોડી વધુ વિગતે ચર્ચા પાછળથી કરીશું. હાલ તુરત તો બ્રિટીશ લિબરાલીઝમનાં હાર્દ સમાં ઘટકોનો વિચાર કરીશું.

બ્રિટીશ વ્યક્તિ-સ્વાતંત્ર્યનો આખો આધાર જ સ્વયંભૂ ઉદ્ભવેલા અને સ્વતંત્ર ન્યાયાધીશોએ શબ્દબદ્ધ કરેલા ન્યાયી વર્તણૂંકના સામાન્ય નિયમો ઉપર જ છે. આ નિયમો ખરા અર્થમાં કાનૂન (laws) છે. આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઉપર જ શાસનને પોતાની દંડશક્તિનો (coercion) પ્રયોગ કરવાનો છે. આ નિયમોના ચુસ્ત પાલનથી જ સમાજ મધ્યે રહેલી વ્યક્તિ તેની પરિસ્થિતિમાંથી નક્કી કરી શકાય તેવી હકીકતોમાંથી તારણ કાઢીને તેના નિજી અધિકાર ક્ષેત્રનું (private domain) સિમાંકન કરી શકે છે. એ મુદ્દો ફરીથી ઘૂંટવા જેવો છે કે સામાન્ય નિયમો પોતે નિજી કાર્યક્ષેત્રને નક્કી કરી આપતા નથી. (The rules don't assign the domain). આ નિજી અધિકાર ક્ષેત્રમાં રહીને દરેક વ્યક્તિ તેને પસંદ હેતુઓની સિદ્ધિ માટે તેના જ્ઞાન, કૌશલ્ય અને સાધનોનો સ્વતંત્રપણે ઉપયોગ કરી શકે છે. જહોન લોકના સમયથી આ નિજી અધિકારક્ષેત્રને જ નિજી સંપત્તિ કહેવાઈ છે. નિજી અધિકાર ક્ષેત્ર એટલે કે નિજી સંપત્તિમાં જીવન, સ્વતંત્રતા અને વ્યક્તિના કબજા હેઠળનાં સાધનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. શાસન આ અધિકારક્ષેત્રમાં કોઈ પણ જાતની દખલગીરી કરી શકતું નથી કે દંડશક્તિનો ઉપયોગ કરી શકતું નથી. વળી શાસન પોતે જ સામાન્ય નિયમો આધારિત કાનૂનના આધિપત્ય હેઠળ હોય છે. કાનૂનના સર્વગ્રાહી આધિપત્ય નીચે જ દરેક વ્યક્તિ સ્વતંત્રતાનો ભોગવટો કરે છે, એટલે જ તેને કાનૂન હેઠળની સ્વતંત્રતા (Liberty Under Law) કહેવામાં આવી છે. અને એ જ કાનૂનનું શાસન (Rule of Law) છે. Rule of Lawના વિચારને સંહિતાબદ્ધ કરનાર જહોન લોકે એટલે જ કહેલું, ''જ્યાં કાયદો છે ત્યાં જ સ્વતંત્રતા છે, કારણ કે એક વ્યક્તિ ઉપર કોઈ બીજી વ્યક્તિ જબરજસ્તી કરી શકવાની સ્થિતિમાં હોય ત્યાં વળી સ્વતંત્રતા કેવી ?'' આનાથી સાવ ઊંધા જ વિચારને વાચા આપતાં ફ્રેંચ લિબરાલીઝમના અર્કને પ્રતિબિંબિત કરતા જેરેમી બેન્થેમે લોક પછીનાં લગભગ ૧૦૦ વર્ષ પછી કહેલું કે, ''દરેક કાયદો એક દૂષણ છે, કારણ કે દરેક કાયદો એ સ્વતંત્રતા ઉપરની તરાપ છે''. આ જ વિચારને ફ્રેંચ ચિંતક દકાર્તથી પ્રભાવિત તેના સમકાલીન સ્પીનોઝાએ વાચા આપતાં કહેલું કે, ''જે પોતાની બુદ્ધિના આદેશ પ્રમાણે જીવે છે તે જ સ્વતંત્ર છે.''

બ્રિટીશ ચિંતકો અને ફ્રેંચ ચિંતકો વચ્ચેનો મૂળભૂત મતભેદ એ જ હતો કે બ્રિટીશ ચિંતકો એ સ્વીકારવા તૈયાર ના હતા કે ધારાગૃહોમાં પસાર થયેલો દરેક આદેશ એ તેમને સમજાયેલા અર્થમાં કાનૂન હતો. જ્યારે ફ્રેંચ વિચાર એ જ વિચાર ઉપર ભાર મૂકતો હતો. કાયદા હેઠળની સ્વતંત્રતાના સિદ્ધાંત પ્રમાણે ''કાયદો એ સ્વતંત્રતાનું અભેદ કવચ છે''. એ સાચું તો જ બને કે આ કાયદા ''ન્યાયી વર્તણૂકના સામાન્ય નિયમો'' ઉપર આધારિત હોય. ધારાગૃહોએ પસાર કરેલા દરેક આદેશ આ અર્થમાં કાયદા ન હતા. અહીં મુદ્દાનો સવાલ ઊઠે છે કે ''ન્યાયી વર્તણૂકના સામાન્ય નિયમો'' (General Rules of Just Conduct) કયા? તેની થિયરી કઈ છે ? આની ચર્ચા હવે પછીના અંકમાં કરીશું. ■

# સમાચારની સાથે સાથે

-તૃપ્તિ પારેખ

## નાણાવટી કમિશન અહેવાલ-કાયદાના શાસનના પરિપ્રેક્ષ્યમાં

૧૯૮૪માં ઈન્દિરા ગાંધીની હત્યાના પગલે દિલ્હીમાં ફાટી નીકળેલા શીખ-વિરોધી હત્યાકાંડનાં ૨૧ વર્ષ અને ૯ પેનલો/કમિશનો બાદ છેવટે નાણાવટી કમિશને પાંચ વર્ષની તપાસ બાદ પોતાનો અહેવાલ સરકારને સુપ્રત કર્યો. તથા મંત્રી જગદીશ ટાઈટલર અને સજ્જનકુમાર જેવા કોંગ્રેસી નેતાઓની આ અધમ કાંડમાં સક્રિય ભાગીદારીની મોટી સંભાવનાના પુરાવા હોવાનું સ્વીકારી સરકારને એ અંગે વધુ તપાસ કરાવી પગલાં લેવાની ભલામણ કરી. એકવીસ વર્ષે હત્યાકાંડના ભોગ બનેલાઓને ન્યાય મળશે એવી આશા બંધાણી. પહેલી વાર આ કમિશને શાસક પક્ષના નેતાઓ સામે આંગળી ચીંધી એ સરાહનીય છે.

કોંગ્રેસ, અલબત્ત, ૬ મહિના સુધી આ અહેવાલ પર બેસી રહી અને એકશન ટેકન રિપોર્ટમાં કાં તો આગળ કોઈ પગલાં ભરવાની જરૂરિયાતનો ઈન્કાર કર્યો કે લંબાવ્યું. પણ વડા પ્રધાન મનમોહનસિંઘે કોંગ્રેસ વતી સંસદમાં નિષ્ઠાપૂર્વકની માફી માગી, અને વધુ તપાસ કરાવી પગલાં લેવાની ખાતરી આપી, જેને લીધે મંત્રીપદેથી ટાઈટલરને અને સજ્જનકુમારને રાજીનામું આપવાની ફરજ પડી. એ પણ સ્વીકારવું પડે કે કમિશન ભાજપે નીમ્યું હોવાના મુદ્દે તેની વિશ્વસનીયતા અંગે આક્ષેપબાજી કરવાનું કોંગ્રેસે ટાળ્યું. દેશભરમાંથી ઊઠેલા અવાજની, ડાબેરી પક્ષોની ઝાટકણીની અને પાછળ ને પાછળ ગુજરાત પ્રશ્ને આ જ કમિશનનો અહેવાલ આવી રહ્યાની હકીકત સામે આંખમિંચામણાં કરીને ભાજપે પણ કરેલા ઊહાપોહની ખાસ્સી અસર થઈ. અને સૌથી વધુ તો ધોળે દહાડે વંચાતા દીવાલ પરના અક્ષરોને કોંગ્રેસ કેવી રીતે ભૂંસી શકે ?

પરંતુ, એ હકીકત છે કે મનમોહનસિંઘે કહ્યું તેમ સત્ય હજી પ્રકાશમાં નથી આવ્યું. એટલું જ નહીં, નાણાવટી કમિશનનો કાયદાના શાસનને જાળવવાનો અને સચ્ચાઈને બહાર લાવવાનો પ્રયત્ન ટીકાથી પર રહી શકે એમ નથી.

પૂરા ૭૨ કલાક સુધી દેશના પાટનગરમાં ખુલ્લેઆમ ચાલેલા હિંસાના તાંડવને જેર કરવામાં દિલ્હી તંત્ર અને કેન્દ્ર સરકાર નિષ્ફળ કેવી રીતે રહ્યાં ? ‘મોટું ઝાડ પડે તો ધરતી થોડી તો હાલે જ’ કહેનાર વડા પ્રધાન રાજીવ ગાંધી, ગૃહપ્રધાન નરસિંહરાવ અને લેફ્ટનન્ટ ગવર્નર ગવાઈની ભૂમિકાને દોષમુક્ત જાહેર કરીને હિંસા ડામવાની નિષ્ફળતા માટે કોને જવાબદાર ઠેરવે છે? સૈન્ય કેમ બોલાવવામાં ના આવ્યું ? આ પ્રશ્ને ચાલેલી ચર્ચામાં એક દલીલ એ પણ થઈ કે કેન્ટોનમેન્ટમાં ૩૪૦ વ્યક્તિની હત્યા થતી હતી, દિલ્હી આખું ભડકે બળતું હતું, ત્યારે આર્મીએ ફોજદારી ધારાની કલમ ૧૩૧ નીચે પોતાના અધિકારથી ટોળાઓને વિખેરવા કેમ કોશિશ ના કરી? અને પોલીસતંત્ર કેમ આટલું બિનજવાબદાર રહ્યું? એનો જવાબ કમિશન પાસે મળતો નથી. વળી, જૈન અગ્રવાલ કમિટીએ પોલીસ અધિકારીઓની ભૂમિકાને તપાસવાની કરેલી ભલામણને પગલે દિલ્હી રાયોટ સેલે તપાસ માટે ફરીથી ખોલેલા કેસને બંધ કરી દેવાયા તેમજ કપુર મિત્તલ કમિટીના કુસુમ મિત્તલે ૭૨ જેટલા પોલીસ અધિકારીઓને હિંસક ટોળા સાથે ભળેલા કે સંપૂર્ણપણે બેજવાબદાર રહ્યા હોવાનું નોંધ્યું હતું, જેમને વિભાગીય તપાસમાં નિર્દોષ જાહેર કરવામાં આવેલા. ભોગ બનેલાઓ માટે ન્યાયની લડત ચલાવતા અગ્રણી વકીલ એચ. એસ. ફુલ્કાના જણાવ્યા મુજબ એમણે અને એમની ટીમે કમિશન સામે દરેક અધિકારીની ભાગીદારી વર્ણવતી ૫૦૦ પાનાંની નોંધ રજૂ કરેલી અને સરકારી રેકર્ડ સાથે સરખાવીને ન્યાય તોળવાની ભલામણ કરેલી. એટલું જ નહીં, ત્રિલોકપુરી, જ્યાં ૪૦૦ શીખોની કત્લેઆમ થઈ હતી, ત્યાં જ્યારે હિંસા થતી હતી ત્યારે જ ઇન્ડિયન એક્સપ્રેસના બે પત્રકારો -રાહુલ બેદી અને જોસેફ મલિયાકાને ત્યાંની મુલાકાત લીધી હતી અને પોલીસ સ્ટેશને જઈને હત્યાકાંડ નિવારવા માટે સ્થળ પર પોલીસ ફોર્સ મોકલવાની જાતે જઈને વિનંતી કરી હતી, ત્યારે જવાબ મળેલો કે ‘‘ત્રિલોકપુરીમાં કોઈ મર્યું નથી.’’ છેવટે ૩૦ કલાક બાદ પોલીસ ત્યાં પહોંચેલી. ત્રિલોકપુરી જેની હકૂમત નીચે હતું એ કલ્યાણપુરી પોલીસ સ્ટેશનના અધિકારી

સુરબીરસિંઘ ત્યાગી સામે સરકારે ફોજદારી કેસ દાખલ કર્યો, પરંતુ સરકારની મંજૂરી વગર ચાર્જશીટ દાખલ કર્યું, જેથી ટેકનિકલ કારણોસર ફોજદારી કાર્યવાહી પડતી મુકાઈ. સરકારી અધિકારી સામે કામ ચલાવવા માટે સરકારની પરવાનગી લેવી જરૂરી બનાવતી ફોજદારી ધારાની કલમ ૧૯૭ અંગે શું પોલીસ પરિચિત નહોતી ? નાણાવટી કમિશન સામે આ તથા અન્ય અસંખ્ય પુરાવાઓ હતા. પણ વિભાગીય તપાસમાં નિર્દોષ છૂટયા છે, એવી દલીલ કરીને તેમણે સંતોષ માન્યો.

પાછળ ને પાછળ ગુજરાતની મુસ્લિમ કત્લેઆમ અંગે પણ કમિશને સત્ય શોધવાનું છે. ટોચના નેતાઓને નિર્દોષ જાહેર કરતું કમિશન ગુજરાતની ટોચની નેતાગીરીને પણ સારવી લેશે એવી આશા અપેક્ષા ભાજપાને હશે? અને એટલે જ ટાઢે કોઠે ટાઈટલર આણી કંપની માટે ઊહાપોહ મચાવ્યો હશે?

ટૂંકમાં, હત્યાકાંડના ગુનાઈત કૃત્યમાં ખુલ્લેઆમ ભાગ લેનાર ગુનેગારો સામે આંગળી ચીંધવી એ એક વાત છે, અને હત્યાકાંડને જાણી જોઈને અટકાવવાની કોશિશ પણ ના કરનાર સરકાર અને તંત્ર અને અધિકારીઓને બાઈજ્જત બરી કરી દેવા, અને એ પણ પુરાવાઓ છતાં, એ બીજી વાત છે. પુરાવાઓની છાનબીન કરીને સચ્ચાઈનો તાગ મેળવવાની મુખ્ય ફરજમાંથી કમિશન ચ્યુત થયું, કાયદાના શાસનના હાર્દને ગળાટૂંપો દેવાયો. ■

## ઈમરાના, બાર ગર્લ્સ... અને વ્યક્તિસ્વાતંત્ર્ય

છેલ્લા બે-ત્રણ મહિનાથી ઉ.પ્ર.ના મુઝફફરપુર જિલ્લાની ઈમરાનાનો કિસ્સો દેશની સમાચાર ચેનલો અને છાપાંઓમાં છવાયેલો રહ્યો. ઈમરાનાના સસરાએ એના પર બળાત્કાર કર્યો એટલે દાર-ઉલ-ઉલુમ દેવબંદે ફતવો જારી ર્ક્યો કે સસરા સાથે શરીરસંબંધ બંધાયા પછી ઈમરાના એના પતિ માટે માતાતુલ્ય બની ગઈ હોવાથી પતિ સાથે લગ્નજીવન ચાલુ ના રાખી શકે, અને એણે સસરા પાસે જવું જોઈએ. ૨૧મી સદીમાં આવો ફતવો વાસ્તવિક હોઈ શકે એ માન્યામાં ન આવે, અને માનવામાં આવે તો લોહી ઊકળે એવો છે.

આવો ફતવો જારી કરનાર દેવબંદ પાસેથી વ્યકિત-સ્વાતંત્ર્ય કે સ્ત્રી સ્વાતંત્ર્ય - સ્ત્રીની પોતાની ઈચ્છા કે સ્વતંત્રતા હોઈ શકે એની અપેક્ષા રાખવી તો વધારે પડતી છે. પરંતુ દેવબંદને એ ખ્યાલ છે કે ત્રણ બાળકો સાથેના ભર્યાભાદર્યા કુટુંબને એકઝાટકે વેરવિખેર કરી નાખતા આવા ફતવાથી તો એમની પોતાની જ દૃષ્ટિએ જે પાક સંબંધ છે એવા લગ્નસંબંધ અને એની બુનિયાદ પર ઊભેલું સમાજજીવન જ છિન્નભિન્ન થઈ જાય? ૨૦૦૦ વર્ષ પહેલાંની પરિસ્થિતિને અનુરૂપ અને સ્ત્રી, કુટુંબ અને સમાજને બાંધી રાખનારાં જે મૂલ્યો વિકસેલાં એના પરિપ્રેક્ષ્યમાં મહંમદ પયગંબરે કદાચ કરેલાં વિધિવિધાનો કે સૂચવેલા ઉપાયોનું અર્થઘટન તે કથનોના બહારી સ્વરૂપ (manifestation)ને જ પકડીને કરવાથી તો તેનું હાર્દ ચૂકી જવાય છે, અને મહંમદ પયગંબર, કુરાને શરીફ અને શરિયતનો અનાદર થાય છે. અલબત્ત, તાજેતરના પોતાના નાના પણ ચોટદાર લેખમાં ડૉ. મહેબૂબ દેસાઈએ તો કુરાને શરીફ અને હદીસમાંથી દૃષ્ટાંતો આપીને આનાથી વિરુદ્ધની હકીકતો રજૂ કરી છે : 'હઝરત ઈબ્ન અબ્બાસ (ર.અ.) ફરમાવે છે : 'એક વાર એક છોકરી મહંમદ સાહેબ (સ.અ.વ.) પાસે આવી અને ક્હ્યું, મારા વાલીદ (પિતા)એ મારા નિકાહ બળાત્કારે કરાવ્યા છે. તે છોકરો મને પસંદ નથી. મહંમદ સાહેબે ફરમાવ્યું, ''તને અધિકાર છે કે તું નિકાહ તોડી નાખ અથવા ચાલુ રાખ''.

આ સંદર્ભમાં વધુ અગત્યનો સવાલ એ છે કે કોઈપણ શાસ્ત્રમાં જે કાંઈ કહેવાયું હોય એને જડતાપૂર્વક પકડી રાખવાથી તો જે તે સમાજ અને વ્યક્તિને નુકસાન જ છે. એક સમય હતો કે જ્યારે કોઈ સમાજમાં સ્ત્રીઓ કે શુદ્રોને તાડનને પાત્ર ગણવામાં આવતાં, આજે એ કોઈને મંજૂર નથી. એક સમય હતો કે જ્યારે કોઈ સમાજમાં ગુલામીની પ્રથાને માન્ય ગણવામાં આવતી, આજે એ કોઈને મંજૂર નથી. એક સમય હતો કે જ્યારે કોઈ સમાજમાં અશ્વેત લોકોને કે સ્ત્રીઓને મતાધિકાર નહોતો, આજે સહુને મતાધિકાર છે. એક સમય હતો, જયારે કોઈ સમાજમાં સ્ત્રીઓ કે નીચલા વર્ગોને સંસ્કૃત ભાષાના ઉપયોગ પર પ્રતિબંધ હતો, આજે એવો કોઈ પ્રતિબંધ નથી. કુટુંબ કબીલાની કડક પ્રણાલિમાં વડીલોની 'અવિચારણીય' ગણાતી આજ્ઞાનું સ્થાન આજે વ્યકિતનો અભિક્રમ અને સર્જનાત્મકતા લઈ રહ્યાં છે. વ્યકિત-સ્વાતંત્ર્ય અને એના જ ભાગરૂપ સ્ત્રીસ્વાતંત્ર્યનાં મૂલ્યો પ્રસ્થાપિત થઈ રહ્યાં છે, ત્યારે ઈમરાના સામેનો આ ફતવો આ મૂલ્યો પરનો કુઠારાઘાત છે.

અલબત્ત, ફતવાનો ઓલ ઇન્ડિયા મુસ્લિમ વીમેન પર્સનલ લો બોર્ડ તથા અમુક મુસ્લિમ સંસ્થાઓ અને સ્ત્રી સંસ્થાઓએ વિરોધ કર્યો છે. રાજકીય પક્ષોની પ્રતિક્રિયા હંમેશની જેમ રાજકીય કાવાદાવા અને ગણતરીઓના આધારે જ આવી. ઉ.પ્ર.ના મુખ્યમંત્રી મુલાયમસિંહે જણાવ્યું કે આ એમની (મુસ્લિમ સંસ્થાઓની, સમાજની કે સ્ત્રીઓની!) વ્યકિતગત બાબત છે અને રાજ્ય એમાં દખલ ના કરી શકે! કોંગ્રેસનો રવૈયો પણ કાંઈક આવો જ રહ્યો. જાણે મુસ્લિમ સ્ત્રીઓને ભારતના બંધારણે બક્ષેલા પાયાના અધિકારો પણ લાગુ ના પડી શકે! અને ભાજપને તો સમાન નાગરિક ધારાનો મુદ્દો જોરશોરથી ઊભો કરવાનું જાણે કે ફરી એક પ્લેટફોર્મ મળી ગયું. અલબત્ત, બધા જ ધર્મોની સ્ત્રીઓને પ્રત્યેક બાબતમાં સમાન નાગરિક અધિકાર અને સમાન વ્યકિતસ્વાતંત્ર્ય હોવું જ જોઈએ એ નિર્વિવાદ બાબત છે. હકીકતમાં, આ મુદ્દાને વ્યકિતસ્વાતંત્ર્ય અને સમાન અધિકારના ત્રાજવે તોલવાનો હોય, ધર્મના તરાજુ પર નહીં !

[વચ્ચે એક સમાચાર એવા આવેલા કે ઈમરાના પર કોઈ બળાત્કાર થયો જ નથી, એ તો મિલ્કતના ઝઘડામાંથી ઉપજાવી કાઢવામાં આવેલું. ૨૫ ઓગસ્ટે ટોચના એક કટાર લેખક સઈદ નકવીએ ઈન્ડિયન એક્સપ્રેસના મધ્ય લેખમાં જણાવ્યું કે નથી કોઈ બળાત્કાર થયો, નથી કોઈ ફતવો બહાર પડ્યો અને આ પાક્કી થયેલી વાત છે. જો એ વાત સાચી હોય તો સમાચાર માધ્યમો દ્વારા ભયંકર રમત રમાઈ કહેવાય. અને જો ખોટી હોય તો સાચને મોભ પર રાખતા ઈન્ડિયન એક્ષપ્રેસે એને છાપ્યું, કોઈ તપાસ ન કરાવી અને ખાસ તો પોતાના આગલા સમાચારો / લેખો અને સઈદ નકવીના આ લેખ વચ્ચેના વિરોધાભાસની કોઈ ચોખવટ ના કરી ! ન પાછળથી એના વિષે કોઈ ચર્ચા થઈ. અમારો નાનો તંત્રીને પત્ર છપાયો, પણ તંત્રીની કોઈ ટિપ્પણી કે ચોખવટ ના આવી! લોકોએ કોના પર વિશ્વાસ મૂકવો? ]

કટ્ટરપંથિતાના તાનમાં આવીને સ્ત્રીસ્વાતંત્ર્ય કે વ્યકિતસ્વાતંત્ર્યનું ગળું દબાવવામાં દેવબંદ જોકે એકલું નથી. મહારાષ્ટ્રના એન.સી.પી.ના નાયબ મુખ્ય પ્રધાને અને મહારાષ્ટ્ર સરકારે તાજેતરમાં બાર ગર્લ્સ પર બાન જારી કર્યો અને પ્રામાણિકપણે રોજી રળતી હજારો છોકરીઓને ઘરે બેસાડી દીધી. અને આ ક્યારે થયું? જ્યારે મુંબઈને પ્રલયકારી પૂરમાંથી હજી કળ નહોતી વળી, જયારે સરકાર મુંબઈગરાઓને રક્ષવામાં નિષ્ફળ નીવડી હતી, ત્યારે પૂરા જોશથી એને બેઠું કરવામાં પોતાનાં સમય, શકિત ખર્ચવાને બદલે બાર ગર્લ્સ દ્વારા 'બગડતા' સમાજને ઉગારવાનું મોરલ પોલીસનું કામ બજાવવામાં સરકારને વધુ દિલચસ્પી હતી! ન આમ-સમાજમાંથી એનો વિરોધ થયો, ન કોંગ્રેસ હાઈકમાન્ડે મહારાષ્ટ્ર સરકારના કાન આમળ્યા, કે ન કોઈ રાજકીય પક્ષો - સંગઠનોએ આ અંગે કોઈ ઉંહકારો પણ કર્યો !

જૂન મહિનાના છેલ્લા દિવસોમાં અચાનક મધ્યપ્રદેશની ભાજપ સરકારે ભોપાલમાં મુસ્લિમ બહુમતી વસ્તી ધરાવતા વિસ્તારમાં આવેલી પચાસ વર્ષ જૂની એમ.એલ.બી. ગર્લ્સ કોલેજથી ૪ કિ.મી. દૂર આવેલી છોકરા-છોકરીઓની ભેગી હમીદીયા આર્ટ્સ કોલેજ સાથે અદલા-બદલી કરવાનો હુકમ જારી કર્યો. કારણ એ અપાયું કે ગર્લ્સ કોલેજમાં ભણતી હિન્દુ છોકરીઓને મુસ્લિમ છોકરાઓ દ્વારા ફોસલાવવામાં આવી રહી છે. (જે અંગેની કોઈ જ ફરિયાદ પોલિસ રેકર્ડમાં નહોતી) રાતોરાત ૫૦ વર્ષ જૂની કોલેજોની અદલાબદલી થઈ પણ ગઈ ! નજીકની માત્ર- છોકરીઓની કોલેજોમાં ભણવાની માંડ માંડ છૂટ મેળવીને ભણતી કેટલીય મુસ્લિમ છોકરીઓને ભણવામાંથી ઉઠાડી લીધી! કોઈ કહેશે કે એ મુસ્લિમ સમાજની સંકુચિતતા છે. એ ખરું, પણ કન્યા કેળવણીની દુહાઈ દેતી સરકાર સામે ચાલીને આવું પગલું લે ત્યારે મોટા પ્રશ્નાર્થો ઊભા થાય છે. વ્યકિતસ્વાતંત્ર્ય અને કાયદાના શાસનના પાયાના સિદ્ધાંતોને નેવે મૂકીને સરકાર ઊઠીને આવું પ્રતિગામી પગલું લે અને સમાજ ચૂપ - સ્ત્રી સંગઠનો, સ્વૈચ્છિક સંગઠનો અને રાજકીય પક્ષો - બધા જ ચૂપ બેઠા! કટ્ટરપંથિતા ફૂલે-ફાલે તેમાં શી નવાઈ ?

જુલાઈના છેલ્લા દિવસોમાં ગુજરાત સરકારે આદેશ બહાર પાડયો કે રજિસ્ટર્ડ લગ્ન માટે માબાપનું સંમતિપત્રક આવશ્યક છે. અલબત્ત, આવા આદેશનો કોઈ મતલબ નથી, કારણ એનો ઉદ્દેશ્ય સિદ્ધ થવા સર્જાયો જ નથી. જે ભાગીને લગ્ન કરે છે તે રજિસ્ટર્ડ લગ્ન માટેનાં ફોર્મ ભરીને નોટિસ આપતાં નથી અને બાકીનાને મા-બાપની અસંમતિ હોવાનો સવાલ ઉપસ્થિત થતો નથી. અલબત્ત, પળાવી ના શકાય એવા અતાર્કિક કાનૂનનો આ એક વધારાનો દાખલો છે. ઉપર જણાવેલા કટ્ટરપંથી ફતવાઓની કટ્ટરપંથિતાની તોલે કદાચ ના આવે, પણ એનાં બીજ તો અહીં રહેલાં જ છે.

તાજેતરની આસમાની સુનામીને ખાળવામાં તો આપણે નિષ્ફળ ગયા, ત્યારે અતાર્કિક, આત્યંતિક કટ્ટરપંથિતાનું ઘોડાપૂર ઊમટે એ પહેલાં કોઈ પાળ બાંધીશું ? ■

# ગુજરાત સરકારનો વન નીતિ ખરડો

ભૂતકાળના અનુભવો અને ભૂલો પરથી પદાર્થપાઠ લઈને શીખવાને બદલે જૂનું ગાણું ગાયે રાખવાનો ઉત્તમ દાખલો આપણને ગુજરાત સરકારે તાજેતરમાં બહાર પાડેલ ગુજરાત વન નીતિના ખરડામાં જોવા મળે છે. ટૂંકમાં કહેવું હોય તો, રાજ્યનાં વનોની હાલની સ્થિતિ અને એની પાછળનાં કારણોનો અભ્યાસ કરીને એના ઉકેલો, રણનીતિ અને વનવ્યવસ્થાપનની રૂપરેખા આપવાને બદલે આ ખરડો મુખ્યત્વે એ જ કેન્દ્રીય વ્યવસ્થાપન ચાલુ રાખે છે, જેને પરિણામે જંગલોની પાયમાલી સર્જાઈ છે.

વન નીતિ ખરડાની મુખ્ય બાબતો પર આવીએ એ પહેલાં એક નાની નુકતેચીની કરી લઈએ. માહિતીના અધિકાર અને નીતિનિર્માણમાં પ્રતિભાવો આપીને સામેલ થવાના લોકોના અધિકારના દેશવ્યાપી સ્વીકાર પછી પણ ગુજરાત રાજ્યના વન વિભાગની વેબસાઈટ પર આ ખરડો ના મુકાયો, અને પ્રતિભાવો મંગાવવાની મુદત સાવ ટૂંકી જાહેર કરવામાં આવી. અલબત્ત, અન્ય વેબસાઈટ પર પ્રકાશિત કરીને પ્રતિભાવો મંગાવવાની ઔપચારિકતા નિભાવેલી એવો દાવો ગુજરાત સરકાર જરૂર કરી શકે! કશું જ આપ્યા વગર, જાણે બધું જ આપ્યું છે એવો દાવો કરી શકે, જે બાબત આ ખરડાની વિષયવસ્તુ અંગે તો આબાદ લાગુ પડે છે.

૧૯૮૮ની રાષ્ટ્રીય વન નીતિએ ૧૯૫૨ની નીતિથી ચાતરીને સ્પષ્ટ નીતિગત અભિગમ અપનાવ્યો કે આદિવાસીઓ અને સ્થાનિક લોકોની જંગલો પરની જરૂરિયાતો અને વન ઉછેરમાં એમની ભાગીદારી પર અહમ ભાર મૂક્વો જરૂરી છે. એના પગલે બહાર પડેલી સહભાગી વન વ્યવસ્થામાં સ્પષ્ટ જણાવ્યું છે : ''૧૯૮૮ની રાષ્ટ્રીય વન નીતિ વનોના વિકાસ અને સંરક્ષણમાં લોકોની સહભાગીદારી કલ્પે છે. જંગલોમાં અને એની નજીક રહેતા ગામલોકો અને આદિવાસીઓની બળતણ, ઘાસચારો, ઘર બાંધકામ માટે ઈમારતી લાકડું જેવી જરૂરિયાતોનો વન પેદાશો પર પહેલો હક્ક છે. નીતિ એ કલ્પના કરે છે કે વન વ્યવસ્થાપનની અતિ આવશ્યક બાબતોમાંની એક બાબત એ છે કે વન વિકાસ અને રક્ષણ સાથે તાદાત્મ્ય અનુભવે એ માટે વન વિસ્તારના સમુદાયોને પ્રોત્સાહિત કરવા જોઈએ જેમાંથી તેમને લાભ પણ મળે.''

રાષ્ટ્રીય નીતિના માળખાના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત વન નીતિનો ખરડો ઘડાયો છે અને રાજ્યની લાક્ષણિકતાઓને ધ્યાનમાં રાખતા એના હેતુઓ રાષ્ટ્રીય નીતિના હેતુઓની ઉપરાંતના છે એવું એ જણાવે છે. આ પાર્શ્વભૂ હોવાથી સ્હેજે એવી અપેક્ષા રહે કે આ ખરડો પણ વનઉછેર, સંરક્ષણ અને વ્યવસ્થાપનના કામમાં સ્થાનિક લોકોને સાંકળવા પર ભાર મૂકતો હશે. પણ ખરડાને વાંચતાં ખ્યાલ આવે છે કે પાયાના હેતુઓ (૨)માં વર્કિંગ પ્લાન/મેનેજમેન્ટ પ્લાનના આદેશો મુજબ ખાતાકીય રાહે વન વ્યવસ્થાપન પર જ એ ભાર મૂકે છે, અને એ જ જરીપુરાણી, નિષ્ફળ ગયેલી વ્યવસ્થાપન વ્યવસ્થા ચાલુ રાખે છે. સ્થાનિક લોકોની સક્રિય ભાગીદારી વગર વન સંરક્ષણ થઈ શકે એમ નથી એવો બોધપાઠ ૧૯૮૮ની કેન્દ્રીય વન નીતિએ લીધો જણાય છે, પરંતુ અહીં એનો અભાવ જોવા મળે છે. સહભાગી વન વ્યવસ્થા આદિવાસી ગામોમાં જ વધારવની (૪.૭) જોગવાઈ સિવાય સ્થાનિક લોકો કે આદિવાસીઓની ભાગીદારી આધારિત પૂરા વનવ્યવસ્થાપનને ગોઠવવાની કોઈ જ જરૂર એને જણાતી હોય તેવું લાગતું નથી.

રાજ્ય હસ્તકનાં જંગલોના વ્યવસ્થાપન (૪.૩)ની જોગવાઈઓમાં ક્યાંય સામુદાયિક વન વ્યવસ્થાપનની કોઈ વાત નથી. માત્ર પાંખાં જંગલો (degraded forests)ની નજીક રહેતા લોકો દ્વારા જંગલો પરનું ભારણ ઓછું કરવા માટે અસરકારક રક્ષણ, ગેપ પ્લાન્ટેશન, ઈન્ટેન્સિવ ઈકો-ડેવલપમેન્ટ અને એન્ટ્રી પોઈન્ટ કાર્યક્રમો દ્વારા વન નવસર્જનમાં લોકોને સાંકળવા જણાવે છે. આટલાથી લોકો વન નવસર્જનમાં જોડાશે એવો વન વિભાગને વિશ્વાસ છે? અને લોકોને સ્વાયત્તતા અને ઠોસ લાભ આપતા વનવ્યવસ્થાપનમાં જોડયા વગર વનોનું નવસર્જન થશે ખરું ? આટઆટલાં વર્ષો પછી પણ એ જ રેકર્ડ વગાડતું વન વિભાગ ખરેખર કાંઈ શીખ્યું જ નથી ?

આદિવાસીઓ માટે કલ્યાણકારી અને વિકાસના કાર્યક્રમો હાથ ધરવાનો ઉદ્દેશ્ય જાહેર કરે છે, પરંતુ વર્ષો જૂનાં એમનાં ખેડાણો અને અધિકારો સેટલ નથી થયા અને એને લીધે કેન્દ્રીય વન મંત્રાલય જેને ''ઐતિહાસિક અન્યાય'' કહે છે એ દૂર કરવા અંગે આ ખરડો ચૂપ છે. ગ્રામીણ લોકોના અધિકારો અને વિશેષાધિકારો (૪.૪)ની જોગવાઈમાં લોકો સંસાધનોને કાર્યક્ષમ અને કરકસરભરી રીતે વાપરે એ માટે જાગૃત્તિના કાર્યક્રમ બનાવવાનું સૂચવ્યા સિવાય અન્ય કોઈ અધિકારોની આ ખરડો વાત કરતું નથી. જમીન ખેડાણના અને વન વ્યવસ્થાપનના અધિકારો મેળવીને આદિવાસીઓ સ્વબળે અને ખુમારીપૂર્વક જીવે એને બદલે વન ખાતાના મજૂર તરીકે કે વિભાગીય રીતે હાથ ધરાતી / કે ના ધરાતી યોજનાઓના લટકતા ગાજર પર ઓશિયાળા રહે એ જ ઉદ્દેશ્યનો રહી રહીને અહીં

પડઘો પડે છે. એટલે જ કાં તો વન ખાતાના મજૂર તરીકેની રોજગારીની તકો ઊભી કરવાની (૪.૨) કે વૃક્ષ ઉછેર પ્રવૃત્તિઓને ગ્રામીણ વિકાસ યોજના સાથે સાંકળવાની એ જોગવાઈ કરે છે. અલબત્ત, વૃક્ષ ઉછેર કઈ જમીનો પર (જંગલ જમીનો ?) કરવાના એ સ્પષ્ટ નથી. ઉલટું, ખેડાણો હટાવવા અને નિયમબધ્ધ કરેલી જમીનો પર એગ્રો-ફોરેસ્ટ્રી માટે લોકોને તૈયાર કરવા પર (૪.૯) એ ભાર મૂકે છે, જેથી કરીને વૃક્ષોનું આચ્છાદન સારું રહે!

જે વન વિભાગ આટલાં વર્ષોમાં પોતાને હસ્તકની જમીનો પરનાં વૃક્ષો કે જંગલો સાચવી નથી શકયું, એ આ ખરડામાં વન વિસ્તારની બહાર વૃક્ષો ઉછેરવાનો હેતુ દર્શાવે છે! જંગલો/વૃક્ષો સુધારવા/ઉછેરવા માટે સામુદાયિક વ્યવસ્થાની કે સામાજિક વનીકરણની (૪.૨) વાત એ જરૂર કરે છે, પણ તે જંગલ સિવાયની જમીનો માટે. એને માટે એગ્રો-ફોરેસ્ટ્રી અને અન્ય વૃક્ષો અંગેની વૈજ્ઞાનિક પ્રયોગાત્મક જાણકારી આપવા એ તૈયાર છે. ખાનગી જમીનો પર લોકો સારી જાતનાં વૃક્ષો ઉગાડે, નર્સરીઓ કરે (૪.૨) એ માટે પ્રોત્સાહિત કરે છે. વળી, ખાનગી કોર્પોરેટ ક્ષેત્રો પણ ખાનગી ખેડૂતો પાસે વૃક્ષો ઉગાડાવે (૪.૧૦) એ માટે (જંગલ જમીન આપવા સામે પ્રતિબંધ છે) પ્રોત્સાહન આપવા પર પણ આ ખરડો ભાર મૂકે છે.

સૌથી વધુ ધ્યાન ખેંચે એવી બાબત છે - વનગામો (forest villages)ના વિકાસ માટેનું સમયબદ્ધ આયોજન કરવાની (૪.૭), જેમાં સમુદાય અને વ્યક્તિલક્ષી લાભદાયી યોજના બનાવવાની એ હિમાયત કરે છે. હકીકત તો એ છે કે વન વિભાગની ફરજ તો વન ગામોને મહેસૂલી ગામોમાં ફેરવી દેવાની છે. કેન્દ્રીય વન મંત્રાલયે ઠેઠ ૧૯૯૦માં એ અંગેનો દેશવ્યાપી પરિપત્ર બહાર પાડેલો, જેનો અમલ રાજ્ય સરકારે કર્યો નથી. ૨૦૦૩માં કેન્દ્રીય મંત્રાલયે ફરીથી પરિપત્ર બહાર પાડીને વન વસાહતોને રેવન્યુ ગામોમાં ફેરવવાની તાકીદ કરી છે. એટલે નીતિગત ઉદ્દેશ્ય તરીકે એ ફેરવવા અંગે નીતિવિધાન કરવાને બદલે એ આવી જોગવાઈ કેવી રીતે કરે છે ? વન વિભાગની સંપૂર્ણ સત્તા હેઠળ જીવતા આ ગામોના લોકોના પાયાના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. બંધારણનું ઉલ્લંઘન કરતી જોગવાઈ વન વિભાગે કઈ રીતે ખુલ્લેઆમ પોતાની નીતિ તરીકે આમેજ કરી છે એ કલ્પનાતીત છે. એનો જવાબ વન વિભાગ જ આપી શકે.

આરક્ષિત વિસ્તારો (૪.૬)ની જોગવાઈમાં સ્થાનિક સમુદાયોના સેટલમેન્ટની અને એમના પ્રશ્નો ધ્યાન પર લેવાની જરૂરિયાતનો એ સ્વીકાર કરે છે એ એનું સકારાત્મક પાસું છે. પરંતુ, એ વિસ્તારનાં વન્ય જીવોના સંરક્ષણ, માવજત અંગે વિવિધ જોગવાઈઓ કરી છે, પણ ત્યાં જ પેઢીઓથી રહેતા લોકો કેવી રીતે ગરિમાપૂર્વક જીવશે એ અંગે સદંતર ચૂપ છે.

ટૂંકમાં, આખો ખરડો વાંચતાં એ જ છાપ ઘૂંટાતી જાય છે કે વન વિભાગ જાણે છે કે જંગલોનું નવસર્જન અને સંરક્ષણની તાતી જરૂર છે, પણ ઉપાય તરીકે વર્કિંગ પ્લાનનું (મૂળસોતાં વૃક્ષોની કટાઈને બાદ કરતાં) કડક પાલન ખાતા મારફતે કરવા પરનો જ ભાર ચાલુ રાખે છે. બીજી બાજુ, તે એ પણ જાણે છે કે સ્થાનિક લોકોનું જીવન એમની આસપાસનાં જંગલો પર આધારિત છે. એ આધાર ઓછો કરવા માટે સામ, દામ, દંડ, ભેદનાં પગલાં (દબાણ કડક રીતે હટાવવું, એને બદલે વૈકલ્પિક વન મજૂરી આપવી, વિકાસનાં કામોમાં જોડવા, વન પેદાશોનો કરકસરભર્યો ઉપયોગ કરવા સ્થાનિક લોકોને જાગૃત્ત કરવા, ખાનગી જમીનો પર ખેડૂતોને વૃક્ષો વાવવા કે કોર્પોરેટ ક્ષેત્રને ખાનગી જમીનો પર વૃક્ષો ઊગડાવવા પ્રોત્સાહિત કરવા વિગેરે) પર ભાર મૂકે છે. પણ આખી નીતિમાંથી પાયાની વાત ચુકાઈ જાય છે. તે છે સ્થાનિક લોકોને વન વ્યવસ્થાપનમાં અધિકારો, સ્વાયત્તતા અને આર્થિક લાભ આપીને વ્યવસ્થાપનમાં સાંકળવાની વાત. તો જ સ્થાનિક લોકોને વનમજૂરો તરીકે વૈકલ્પિક રોજગારી આપવાની કે તાલીમ આપવાની કે વિકાસ યોજનાઓમાં સાંકળવાની જોગવાઈઓ કરવી નહીં પડે, દબાણો નહીં રહે, લોકોને વનપેદાશો સાચવીને વાપરવા માટેના જાગૃતિ કાર્યક્રમો યોજવા નહીં પડે, પણ લોકો જાતે ઊલટભેર પોતાનાં ઢોર ઓછાં કરીને પણ જંગલો ઉછેરશે, વગર જાગૃતિ શિબિરો કર્યે સંસાધનો માવજતથી વાપરશે. પોતે પણ બે પાંદડે થશે, અને જંગલો પણ નવપલ્લવિત થશે, જેથી આમ સમાજને તો લાભ જ લાભ થશે.

આટલું દીવા જેટલું ચોખ્ખું હોવા છતાં વન વિભાગને એ સમજાતું નથી એ આ ખરડામાં સીધું પ્રતિબિંબિત થાય છે. કેન્દ્રનું વન મંત્રાલય જ્યારે આદિવાસીઓ/સ્થાનિક લોકોના અધિકારો અંકે થયા ન હોવાથી એમને ''ઐતિહાસિક અન્યાય'' થયો છે એ બાબત સ્પષ્ટ શબ્દોમાં સ્વીકારીને એ નિવારવાની વાત કરે છે, એમને વન વ્યવસ્થાપનમાં સહભાગીદાર બનાવવાની હિમાયત કરે છે, ત્યારે રાજ્યનો વન વિભાગ આવો ખરડો પેશ કેમ કરે છે એ સવાલ તો રહે જ છે. રાજ્ય સરકારો જંગલો ભેલાડી મારશે એ કારણ આગળ ધરીને કેન્દ્ર સરકારે બંધારણીય સુધારા કરીને 'વન'ને રાજયની યાદીમાંથી ખસેડીને સંયુક્ત (concurrent list) યાદીમાં મૂકી દીધું ; હવે કેન્દ્રીય મંત્રાલય સ્થાનિક લોકો/આદિવાસીઓ તરફ બહુ કૂણું થઈ ગયું છે (જે હકીકત નથી) એવું કારણ ધરીને રાજ્ય વન વિભાગ પોતાની સ્વાયત્ત વન નીતિ બનાવીને સત્તાનો દાવો (assert) કરવા માંગતો હોય એ શકયતા નકારી ના શકાય. ■

# પાંખાં વનોની કાયાપલટનો કીમિયો

*- તૃપ્તિ પારેખ*

*'Give a man the secure possession of bleak rock, and he will turn it into a garden, give him nine years lease of a garden, and he will turn it into a desert ... The magic of property turns sand into gold'*

*- Arthur Young, Travels, 1787*

આપણા દેશમાં અંગ્રેજોએ દોઢસો વર્ષ અગાઉ જંગલોનું રાષ્ટ્રીયકરણ કર્યું ત્યારથી સહિયારાં સંસાધનોની કરુણાંતિકા કઈ રીતે ઊકલવાને બદલે વધારે વણસી તેની વિગતો આપણે ગયા અંકમાં ('ખોજ'-૨) જોયેલી. સ્વતંત્ર ભારતે પણ એ જ પ્રક્રિયા ચાલુ રાખી, બલ્કે એને વધુ તેજ અને મજબૂત બનાવી અને વધારાની લાખો હેક્ટર જમીનો 'અનામત જંગલ' હેઠળ લાવી દીધી. રાષ્ટ્રીયકરણ અને કેન્દ્રીકરણની આ પ્રક્રિયાનું પરિણામ એ આવ્યું કે એક બાજુ જંગલમાં રહેતા આદિવાસીઓના પરંપરાગત હક્કો ઝૂંટવાઈ ગયા અને પોતાના જ વિસ્તારામાં તેઓ પારકા બની ગયા. તો બીજી બાજુ જંગલોનો પણ ખાતમો બોલી ગયો. 'વૈજ્ઞાનિક વન વ્યવસ્થાપન'નાં નામે લાખો હેક્ટર ઉપજાઉ શ્રેષ્ઠ મિશ્ર જંગલો 'clear cutting' નો ભોગ બન્યાં. એક સમયે ગાઢાં જંગલોથી લહેરાતા ડુંગરા બોડા બની ગયા.

આ પરિસ્થિતિમાંથી બહાર આવવાનો એકમાત્ર રસ્તો વન વ્યવસ્થાપનના કેન્દ્રમાં સ્થાનિક આદિવાસી સમુદાયોને મૂકવાનો છે તે વિષે પણ થોડી ચર્ચા કરેલી. એ માટે એમને બધાં વન સંસાધનો પર કાયમી હક્કો આપવા જોઈશે. આમ થશે તો આ આદિવાસીઓની આર્થિક સ્થિતિ અને જંગલો એમ બન્નેની સ્થિતિ સુધરશે. કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રાલયની ૧૯૮૮ની નવી રાષ્ટ્રીય વન નીતિમાં થોડા અંશે આ વાતનો સ્વીકાર થયેલો જણાય છે. વન પેદાશો પરનો પહેલો હક્ક એની આસપાસ રહેતા સ્થાનિક સમુદાયોનો છે એ વાત એણે સ્વીકારી અને એથી આગળ વધીને એમ પણ કહ્યું કે સ્થાનિક આદિવાસીઓની સક્રિય ભાગીદારી વગર જંગલ ઉછેરવાં શક્ય નથી. આમ છતાં એને વ્યવહારમાં અમલી બનાવવા માટે ખાસ કોઈ નક્કર પગલાં હજી સુધી લેવાયાં નથી. ૧૯૯૦માં સહયોગી વન વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવાનો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો. પરંતુ ગુજરાત સહિતની ઘણી રાજ્ય સરકારોએ એનો ખાસ અમલ જ નથી કર્યો. એ ઉપરાંત એ એક પરિપત્ર જ રહ્યો છે અને એને કાનૂની માન્યતા આપવા માટે વન અધિનિયમમાં જે ફેરફારો થવા જોઈએ એ પણ નથી થયા. આમ, આખી યોજનાની લાંબા ગાળાની વિશ્વસનીયતા પર જ પ્રશ્નચિન્હો ઊભાં થયાં છે.

બીજી બાજુ, જંગલોની સાચવણી અને ઉછેરનું કામ સ્થાનિક આદિવાસી સમુદાયોને સોંપવાના આ વિચાર સામે અનેક સવાલો ઊભા કરાઈ રહ્યા છે —— આદિવાસીઓ તે વળી જંગલો સાચવતા હશે? તેઓ તો હંમેશા ઝાડ કાપવાની જ વેતરણમાં હોય છે, એ વળી જંગલો કેવી રીતે સાચવી શકે? ભૂતકાળમાં કોઈ એક સમય હશે જ્યારે આદિવાસીઓ અને જંગલો વચ્ચે પારસ્પરિક લાભકારક 'symbiotic' સંબંધ હશે. પરંતુ એ તો બધું ખતમ થઈ ગયું છે, વસતીનું ભારણ જ એટલું વધી ગયું છે કે લોકો અને જંગલો એક સાથે રહી જ શકે એમ નથી અને આ આખો વિચાર જ ઇતિહાસના ચક્રને પાછું ફેરવવાની નેમવાળો રોમેન્ટિક વિચાર છે.

આ દલીલો મોટાભાગના લોકોને સહેલાઈથી ગળે ઊતરી જાય એવી છે. પરંતુ અહીં સૌથી અગત્યની વાત જ એ છે કે વસતીનું ભારણ વધી રહ્યું છે એટલે તો ખાસ વનસંપત્તિની સાચવણી અને યોગ્ય ઉપયોગમાં સ્થાનિક સમુદાયોનાં કાયમી હિત 'stakes' ઊભાં કરવાં જરૂરી છે. જો એવો કોઈ જંગલ વિસ્તાર હોય, જ્યાં કોઈ સ્થાનિક લોકો રહેતા જ ના હોય, તેવા કોઈ વિસ્તારમાં કદાચ વન વિભાગના નિષ્ઠાવાન અધિકારીઓ સમાજે નક્કી કરેલા હેતુસર જંગલોનું યોગ્ય વ્યવસ્થાપન કરી શકે. (જો કે એવા કિસ્સાઓમાં પણ વૈશ્વિક અનુભવ તો એમ જ દર્શાવે છે કે સરકાર હસ્તકની કેન્દ્રીકૃત વન વ્યવસ્થાપનની પ્રક્રિયામાં 'વૈજ્ઞાનિક વનવ્યવસ્થાપન'ના અખતરાઓમાં જંગલોને સરવાળે લાભ કરતાં નુકસાન જ વધારે થયું છે. એના દાખલા પાછળથી ક્યારેક ચર્ચીશું.) પરંતુ જ્યાં લાખો કરોડો લોકો સદીઓથી જંગલોની વચ્ચે રહેતા હોય ત્યાં એ શક્ય છે ખરું? છેલ્લાં દોઢસો વર્ષથી એ જ કરવાની કોશિશ તો આપણે કરતા આવ્યા છીએ અને એનાં માઠાં પરિણામો આપણા સૌની નજર સામે છે. આમ, દિવાસ્વપ્ન જેવી વાત જો કોઈ હોય તો, 'જંગલોની વચ્ચે લાખો કરોડો આદિવાસીઓ રહેતા હોય છતાં, એ લોકોનાં જળ, જમીન અને જંગલ જેવાં કુદરતી સંસાધનો પરના તમામ અધિકારો છીનવી લઈને માત્ર સરકારી અધિકારીઓ ચોકીદારોના ચોકીપહેરાથી જ જંગલોની યોગ્ય જાળવણી અને માવજત કરી શકાશે' એ છે અને નહીં કે 'આ સંસાધનોની જાળવણીમાં સ્થાનિક સમુદાયોનાં કાયમી 'હિતો' પ્રસ્થાપિત કરીને એમની જાળવણી અને ઉછેરની દિશામાં આગળ વધી શકીશું' ની વાત.

આ સિવાય સ્થાનિક સમુદાયોની આવડત, જ્ઞાન અને ક્ષમતાના પ્રશ્નો પણ ઉઠાવાય છે. અને લોકોના સામુદાયિક વ્યવસ્થાપનમાં પણ 'સહિયારાં સંસાધનોની કરુણાંતિકા' સર્જાવાનો ભય તો રહેલો જ છે, તેવી આશંકાઓ પણ વ્યક્ત કરાય છે. આ પ્રશ્નોને સમજવા માટે અંગ્રેજોએ વનોનું રાષ્ટ્રીયકરણ કર્યું ત્યાર પહેલાના અને હાલના કપરા સંજોગોની વચ્ચે પણ સ્થાનિક સમુદાયો દ્વારા જંગલોની યોગ્ય જાળવણી માટેના જે પ્રયત્નો થઈ રહ્યા છે તેના થોડા દાખલા જોઈશું. એમાં સૌથી અગત્યની વાત સ્થાનિક સ્તરે સંસાધનોની યોગ્ય જાળવણી અને ઉપયોગ માટેના અનૌપચારિક નીતિ નિયમો જે રીતે ઘડાતાં જાય છે તેની છે. એ પ્રક્રિયાને સંકોરીને એને કાનૂની માન્યતાનું પીઠબળ પૂરું પાડવામાં આવે તો જ એ ટકી શકે અને વધારે ફૂલીફાલી શકે અને તો જ જંગલોની યોગ્ય જાળવણી અને ઉછેરની દિશામાં આગળ વધી શકાય.

## ઈતિહાસમાં સામુદાયિક વન વ્યવસ્થાપન

અંગ્રેજોએ જંગલોનું રાષ્ટ્રીયકરણ કર્યું ત્યાર પહેલાં જંગલો જ્યારે સરકારની માલિકીનાં નહોતાં, અને સાથે જ કાં તો કોઈની પણ માલિકીના નહોતાં કે રાજાની માલિકી હેઠળ હોવા છતાં સ્થાનિક લોકોના ભોગવટા હેઠળ હતાં, ત્યારે સહિયારાં સંસાધનોની કરુણાંતિકા નહીં સર્જાતી હોય? ગેરી હાર્ડીનની થિસિસ મુજબ જો સંસાધનો સહિયારી માલિકી નીચે હોય, તો સંસાધનોનો ભોગવટો બધા કરે, પરંતુ એની સાચવણીમાં કોઈ રસ ના લે. પરંતુ, આ વાત બધા માટે ખુલ્લાં એવાં સંસાધનોને લાગુ પડે, નહીં કે લોકોના અનૌપચારિક રીતે ઊભા થયેલા વ્યવસ્થાપન હેઠળનાં સંસાધનો માટે. આ પ્રકારનું અનૌપચારિક માળખું બે બાબતો પર આધારિત છેઃ સંસાધનો પર નભનારા લોકો સંસાધનોના પ્રમાણમાં વધુ હોય અને એમના સિવાય અન્ય કોઈ બાહ્ય એજન્સી વચ્ચે ના હોય. તો સામાન્ય સંજોગોમાં કાળક્રમે અરસપરસ ભોગવટા અને સાચવણીના નિયમો બનતા જાય છે.

આપણે ત્યાં દોઢ-બે સદી પહેલાં વસતી ઓછી હોવાથી સંસાધનો પર મોટું ભારણ નહોતું એ વાત સાચી. એટલે એના વ્યવસ્થાપન અને ભોગવટાના સ્થાનિક નિયમો કદાચ બધે ના પણ બન્યા હોય, કારણ કે નિયમો પરિસ્થિતિ અને એમાંથી ઊભી થતી જરૂરિયાતોમાંથી સ્વયંભૂ રચાતા હોય છે, અને કોઈ એક સત્તામંડળ દ્વારા થોપાતા હોતા નથી. વધતી જતી વસતીની સાથે સંસાધનો પરનું ભારણ વધતું જવાની સાથે વર્ષો જૂની પરંપરાઓ, રૂઢિઓ અને રિવાજોના આધારે નિયમો અસ્તિત્વમાં આવતા જાય છે. અને એ નિયમોનું પાલન કરાવવાની સત્તા પણ સાથે જ ઊભી થતી જાય છે. એ સત્તા ગામના મુખીની, પટેલની કે પંચની હોઈ શકે, જેની આણ બહારની એજન્સીની મદદ કે દખલ વગર દરેક વ્યક્તિ પર હોય. આ પરિસ્થિતિમાં સંસાધનો સહિયારાં હોવા છતાં નિયમબદ્ધ હોય છે અને બધા માટે ખુલ્લાં અને મનફાવે એમ વાપરવાપાત્ર રહેતાં નથી.

આ પ્રમાણેના પરંપરાગત સાચવણી અને ભોગવટાના નિયમોના અસંખ્ય દાખલા સંબંધિત સાહિત્યમાં જોવા મળે છે. ઘણા આદિવાસી વિસ્તારોમાં સાચવણી માટેની ધાર્મિક, સામાજિક કે પરંપરાગત માન્યતાઓ - રિવાજો હતા અને અમુક કિસ્સાઓમાં આજે પણ હયાત મળે છે. કેટલાયે ચોક્કસ જંગલ વિસ્તારોને પવિત્ર - sacred groves ઘોષિત કરવામાં આવતા, જ્યાંથી ધાર્મિક ઉપયોગ માટે જ વૃક્ષો કાપી શકાતાં. આપણે ત્યાં વનવ્યસ્થાપનના પિતા ગણાતા અંગ્રેજ ફોરેસ્ટર બ્રાન્ડીસે દેશનાં બધાં રાજ્યોમાં ઠેર ઠેર આવા sacred groves હતા તેની નોંધ લીધી છે. હજી આજે પણ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, રાજસ્થાનના આદિવાસી વિસ્તારોમાં આવા sacred groves જોવા મળે છે. એ સિવાય પીપળો, વડ, બીલી, લીમડો, મહુડો જેવાં વૃક્ષોને પવિત્ર - sacred trees માનવાની પરંપરા તો વધારે જૂની અને વ્યાપક છે. આજે પણ ના છૂટકે જ આ વૃક્ષોને કાપવામાં આવે છે. મહુડા માટે તો એક બીજી પરંપરા પણ આજ સુધી ચાલુ રહેલી જોવા મળે છે. મહુડાનાં વૃક્ષો જંગલ જમીનો ઉપર આવેલાં હોય તો પણ કંઈ ગમે તે વ્યક્તિ એનાં ફૂલો વીણી નથી શકતી. મહુડાનાં ચોક્કસ ઝાડનાં ફૂલો વીણવાનો અધિકાર કોઈ ચોક્કસ કુટુંબના સભ્યોને હોય છે અને એ અધિકાર પેઢી દર પેઢીથી ચાલ્યો આવે છે. શરૂઆતમાં જ્યારે ગામ વસેલું ત્યારે જે કુટુંબના સભ્યોએ જે મહુડાનાં ફૂલ વીણવાનું સૌથી પહેલાં ચાલુ કરેલું એ કુટુંબના સભ્યોનો એ કાયમી અધિકાર બની ગયેલો જે આજ સુધી એમના વારસો ભોગવી રહ્યા છે. આ કુટુંબો આ અધિકારને જીવની જેમ સાચવે, અને બીજા લોકો પણ એને માન્યતા આપે અને એનું ઉલ્લંઘન ન કરે. એવું પણ બને કે જે તે મહુડા પર બીજા ગામના કોઈ કુટુંબનો અધિકાર હોય, તો પણ એની મર્યાદા પાળવામાં આવે. દેડિયાપાડા તાલુકાના પાનખલા ગામની ખાતાની જમીન પરનાં મહુડા પર વર્ષોથી પીપલોદ ગામનાં કેટલાંક કુટુંબોના અધિકાર ચાલ્યા આવે છે, જેનો આજે પણ અમલ થઈ રહ્યો છે. એવું જ રાજપીપળા તાલુકાના ગધેર (નર્મદા યોજનામાં ડુબાણમાં ગયેલું ગામ) ગામમાં પણ અમારા જોવામાં આવેલું.

એક અન્ય રિવાજની નિશાની આજે પણ જોવા મળે છે. કોઈ પણ સ્થળે જ્યારે લોકો વસવાટ કરતા, ત્યારે ત્યાં આમલી, લીમડો, વડ, પીપળો વગેરે અચૂક વાવતા અને ઉછેરતા. એટલે આજે પણ ઠેર ઠેર દાયકાઓ જૂનાં આ ઝાડો વસવાટની આસપાસ જોવા મળે છે. અમુક ઝાડોની ડાળો અમુક સમયે લોકોની જરૂરિયાતો, જેવી કે ખેતીનાં સાધનો બનાવવા કે ઘર બાંધવા / મરમ્મત કરવા માટે કાપવાની છૂટ આપવામાં આવતી અને એને માટેના નિયમો પણ બનાવવામાં આવેલા. (જંગલો સિવાય અન્ય સંસાધનો માટે પણ પરંપરાગત ભોગવટાના નિયમો બનેલા જોવા મળે છે. દા.ત. નર્મદામાં ચોમાસા પહેલાં ઉપરવાસમાં ઈંડાં મૂકવા માટે આવતી ગર્ભવતી હિલ્સા માછલીઓને નહીં મારવાનો અને એ જ્યારે પાછી ફરતી હોય ત્યારે જ એને પકડવાનો રિવાજ હતો અને હજી થોડાં વર્ષો અગાઉ સુધી તે પળાતો પણ હતો. આટલાં વર્ષો સુધી આવી માછલીઓ નહીં પકડવી એવો કોઈ સરકારી નિયમ નહોતો!)

વસતીનું ભારણ તેમજ લાકડાની માંગ વધતાં કાળક્રમે એમાંથી ચોક્કસ જંગલો ઉપરની ચોક્કસ ગામોની સામુદાયિક માલિકી પ્રસ્થાપિત કરતાં તેમજ એના ઉપયોગ અને સંવર્ધનને લગતાં બીજાં નીતિનિયમો પણ અસ્તિત્વમાં આવી શક્યાં હોત. પરંતુ અંગ્રેજોએ જંગલોનું રાષ્ટ્રીયકરણ કરી દઈને લોકોના પરંપરાગત અધિકારોને અને સાચવણી - ભોગવટાની અનૌપચારિક નિયમબદ્ધ વ્યવસ્થા ઊભી કરતી પ્રક્રિયાને એક ઝાટકે તોડી નાખ્યાં. અને સ્વતંત્રતા બાદ પણ આપણે એ જ ચાલુ રાખ્યું. લોકોને જંગલોની સાચવણીની સત્તા કે આણ ન રહ્યાં અને ધીમે ધીમે એમાં રસ પણ ન રહ્યો. નર્મદા જિલ્લાના નેત્રંગ તાલુકાના રૂખાલ ગામના લોકોએ આ લાગણીને બહુ ચોટદાર રીતે મને કહેલી- 'જંગલો તો જંગલખાતાની માલિકીનાં છે. એમને જંગલ બચાવવાની કંઈ પડી નહોતી. એમણે જ મોટા પાયે જંગલો કાપી નાંખ્યાં. એક સમય એવો આવ્યો કે અમારી પાસે દાતણ તરીકે વાપરવા માટે ડાળીઓ પણ બચી નહીં. અમે લોકોએ પણ એ સાચવવામાં રસ લીધો નહીં. શા માટે સાચવીએ? કોના માટે સાચવીએ? અમે પ્રયત્ન પણ કરીએ, તો પણ બીજા સવાલ ઉઠાવે કે આ કંઈ તમારું જંગલ થોડું છે? તમને શું સત્તા છે?'

## વણસતી પરિસ્થિતિનો તકાજો

વૃક્ષોના થતા જતા નિકંદનથી જંગલ વિસ્તારો વેરાન બનતા ગયા અને ડુંગરો બોડા થતા ગયા. તેની સીધી અસર સ્થાનિક લોકોના જીવન પર પડી. પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે ૧૯૮૦ના દાયકામાં દેશના ઘણા વિસ્તારોમાં લોકોએ જાતે જ કોઈ જ જાતની બાહ્ય મદદ કે યોજના વગર (બહુ જૂજ કિસ્સાઓમાં સ્થાનિક વન ખાતાના પ્રોત્સાહન સાથે) કુદરતી સાચવણી અને વૃક્ષઉછેરની પ્રક્રિયા શરૂ કરી દીધી. પશ્ચિમ બંગાળમાં એ પ્રક્રિયાને સરકારી પીઠબળ મળ્યું. એને કારણે સ્થાનિક લોકો દ્વારા થતા સામુદાયિક વન વ્યવસ્થાપનને મોટા પાયા પર જે સફળતા મળી તેમાંથી જ પછી રાષ્ટ્રીય સ્તરે સહભાગી વન વ્યવસ્થા કાર્યક્રમનાં બીજ રોપાયાં.

ગુજરાતમાં પણ ઘણા વિસ્તારોમાં બોડા ડુંગરોથી ચિંતિત આદિવાસીઓએ કુદરતી સાચવણી ચાલુ કરી દીધાના દાખલા જોવા મળે છે. ત્યારે કાં

તો સહભાગી વન વ્યવસ્થા હજુ હમલમાં આવી નહોતી, અથવા સ્થાનિક કક્ષાએ હજુ એની જાણકારી નહોતી. છોટાઉદેપુરના કવાંટ તાલુકાના કાંકણપુર ગામના ઈશ્વર રાઠવા અને અભેસિંગ રાઠવાના કહેવા મુજબ, 'લોકોને બળતણ માટે તો છોડો, શબ બાળવા માટે પણ લાકડું મળવું મુશ્કેલ થતું જતું હતું. બીડીપત્તા, દાતણ કે ઘર સમારકામ માટે વાંસ મળવા પણ મુશ્કેલ હતા. લોકોને ખ્યાલ આવ્યો કે એમણે જંગલ ઉછેરવું પડશે. તેથી ઘણાં ગામોમાં લોકોએ અનૌપચારિક મંડળો બનાવી જંગલો સાચવવાં શરૂ કર્યાં. ચોક્કસ વિસ્તારોમાં લોકોને કે ઢોરને પ્રવેશવા પર બંધી ફરમાવવામાં આવી. ગામ લોકોએ જ ચોકીદાર રાખ્યા કે જંગલ સાચવવા માટે વારા બાંધ્યા. એમાંથી ધીમે ધીમે કુદરતી રીતે જંગલ ઊછરવા માંડ્યું.' એ સાલ હતી ૧૯૮૬ની.

પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકાના અસુંદરીયા ગામના લોકોએ લગભગ ૧૯૯૦ની આસપાસથી જંગલ સાચવવાનું શરૂ કરેલું. એમના કહેવા મુજબ, 'એનું સૌથી મોટું કારણ અમારાં ઘરોના સમારકામ માટે પણ લાકડું કે વાંસ મળતાં નહોતાં. આજુબાજુનાં ગામોનાં જંગલો પણ ખતમ થઈ ગયાં હતાં. અમારા છોરા પરણ્યા પછી પણ જુદું ઘર નહોતા કરી શકતા, કારણ કે નવું ઘર બાંધવા માટે કશું બચ્યું જ નહોતું. ધીમે ધીમે સૌએ જંગલ સાચવવાનું શરૂ કર્યું.' એમણે પણ પ્લાન્ટેશન કરવાને બદલે કુદરતી ઉછેર પર જ ભાર મૂક્યો. તેથી અમુક જંગલ વિસ્તારને ઢોર ચારવા માટે બંધ કરી દીધો અને કશું પણ કાપવા પર સ્વેચ્છાએ પ્રતિબંધ મૂક્યો. વર્ષો જતાં ત્યાં ટીમરુ, સાદડ, ધાવડો, ઊંબીયું, ખાખરો, બીલી, સાધી વગેરે ઝાડો ઊગી નીકળ્યાં. જતે દહાડે દરેક કુટુંબને નિશ્ચિત માત્રામાં બળતણ લેવાની તથા ઢોર ચારવાની છૂટ આપવામાં આવી.

પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકાના પાંચમુવા અને રામ ભેમના મુવાડાના લોકોએ જંગલો કેવી રીતે નાશ પામ્યાં અને એમણે શા માટે જંગલો સાચવવાનું શરૂ કર્યું એનું વિગતે ચિત્રણ કર્યું છે : ''આઝાદી પહેલાં, રાજાના સમયે જંગલોની સ્થિતિ સારી હતી. પણ સરકારે ખાનગી કોન્ટ્રાક્ટરો અને જંગલ મંડળીઓ સાથે મૂળિયાંસોતાં ઝાડો કાપી જવાના કોન્ટ્રાક્ટ કર્યા. અમારી પાસે ઘર બાંધવા પણ લાકડું ના રહ્યું. નાનાં નાનાં પીલાંમાંથી અમે થોડું ઘણું બળતણ વગેરે મેળવી લેતા. ૮૭-૮૮માં અમે જંગલ સાચવવું શરૂ કર્યું. અમે ફેરણું કરવાનું ચાલુ કર્યું. અમે અને બહારના લોકોએ પણ પીલાં કાપવાનું બંધ કર્યું. પણ, પછી કેટલાક લોકોને ચિંતા થઈ કે આપણે ઉછેરેલાં ઝાડ પાછળથી જંગલખાતું લઈ જશે તો? આપણે લાભ વગરના રહી જઈશું તો? એટલે અમુક લોકોએ ઉછેરેલું બધું કાપવા માંડ્યું. અમારી પાસે કોઈ ખાતરી નહોતી. જંગલખાતાએ અમને સહભાગી વન વ્યવસ્થા અંગે કાંઈ જણાવ્યું પણ નહોતું. લગભગ ૧૯૯૪માં 'સારથી' સ્વૈચ્છિક સંસ્થાની મદદથી અમે એના અંગે જાણ્યું, અને સમિતિ બનાવીને રક્ષણ શરૂ કર્યું. પણ, હજુ (૨૦૦૧ની સાલ) અમને અધિકારપત્ર મળ્યો નથી.''

નસવાડી તાલુકાના છોડવાણી ગામના લોકોના જણાવ્યા મુજબ, ''૧૯૬૦-૭૦ની સાલમાં વન મંડળીઓ અને કેટલાક કોન્ટ્રાક્ટરોએ અમારા જંગલમાં મૂળસોતી કટાઈ કરી નાખેલી. ૧૯૮૫ સુધી કેટલાંક મૂળિયાંમાંથી અમારી થોડી ઘણી જરૂરિયાત સચવાતી. પણ પરિસ્થિતિ બગડતી જતી હતી. જંગલો પર અમારો કોઈ અધિકાર નહોતો એટલે એ સ્થિતિ અટકાવવાનો કોઈ ઉકેલ દેખાતો નહોતો. ત્યારે અમને ખ્યાલ આવ્યો કે આપણાં બાળકોનાં બાળકો તો સાદડ કે સાગને ઓળખી પણ નહીં શકે. આ તો કેમ ચાલે? અને ત્યારથી અમે જંગલો સાચવવાં શરૂ કર્યાં.'' એ ૯૦ના દાયકાની શરૂઆત હતી. ત્યારે જંગલખાતાના કર્મચારીઓએ લોકોના જંગલ સાચવણીના પ્રયત્નોની નોંધ પણ નહોતી લીધી. 'અને એટલે જ અમે થોડું તો થોડું પણ સાચવી શકયા' એમ લોકોનું માનવું હતું.

સહભાગી વન વ્યવસ્થામાં નીતિગત તથા અમલીકરણની અનેક ખામીઓ હોવા છતાં લોકોનો વનઉછેરનાં કામોમાં જોડાવાનો ઉત્સાહ વડોદરા, પંચમહાલ, ગોધરા વગેરે જિલ્લાઓનાં ગામોમાં ખૂબ જોવા મળ્યો છે. કવાંટના બોરચોપડા ગામના માવસીંગભાઈ રાઠવાએ તો પોતાના ઘરની નજીકનું જંગલ એટલું ગાઢું કરી નાંખ્યું છે કે ત્યાં મોર જેવાં પંખીઓ તો ખરાં જ, દીપડો પણ આવીને વસ્યો છે! સંતરામપુર તાલુકાના અસુંદરીયા ગામના લોકોએ કહેલું, 'જંગલખાતાને જંગલો ઉગાડવામાં રસ નથી, પણ અમને છે. જો અમને એ સોંપવામાં આવે, અને અમે સાચવેલાં કે ઉછેરેલાં ઝાડો બારોબાર જંગલખાતું લઈ નહીં જાય એની ખાતરી આપવામાં આવે તો અમે અમારાં ઘણાં બકરાં તેમજ ઢોર વેચી પણ નાખીએ. એનાથી નવી કૂંપળો વધુ ફૂટી શકે અને ઊછરી શકે'. ૧૯૯૪માં ડી.એફ.ઓ.એ લોકોને સહભાગી વન વ્યવસ્થા નીચે અધિકારપત્ર આપ્યો. એનાથી લોકોનો જંગલ સાચવણીનો ઉત્સાહ વધ્યો. એમને થયું કે હવે એમને જંગલ સાચવવાની સત્તા હતી. પણ ૧૯૯૯માં જંગલખાતાએ એ જ જમીનો પર લોકોને વિશ્વાસમાં લીધા વગર બારોબાર એકપક્ષી રીતે પ્લાન્ટેશન કરી દીધું. એનાથી લોકોનો વિશ્વાસ ડગી ગયો. સાચવણી હેઠળનાં ઝાડો ખાસ્સાં મોટાં થઈ ગયાં હતાં. અને હવે લોકોને ચિંતા થવા લાગી કે જે જંગલખાતું એમણે સાચવેલા વિસ્તારમાં બારોબાર પ્લાન્ટેશન કરી દે છે તો કાલે ઝાડો કાપી નહીં લઈ જાય તેની શું

ખાતરી? એમને પોતાની મહેનત પાણીમાં જતી લાગી અને એમાંથી પછી લોકો ઝાડો કાપવા લાગ્યા.

આ પ્રશ્ને અનેક આદિવાસી લોકો સાથેની વાતચીતમાંથી એક વાત બહુ સ્પષ્ટ રીતે બહાર આવે છે. છોડવાણી ગામના લોકોએ બહુ સચોટ રીતે કહેલું, જે બધા જ માને છે : ''અમારાં ખેતરોને અમે કેમ સાચવીએ છીએ? કારણ કે તે અમારાં છે. જો જંગલો પણ અમારાં હોય તો એને પણ અમે ખેતરોની જેમ જ સાચવીએ અને થોડા સમયમાં બીજા લોકો પણ ખેતરોની જેમ અમારા અધિકારો અને સીમાડાઓને માન આપતા થઈ જાય. હમણાં તો અમને કાયમ બીક રહે છે કે કાં તો જંગલખાતાવાળા કે બીજા ગામના લોકો અમે ઉછેરેલાં ઝાડ કાપી જશે.''

## આગળનો મારગ

આપણે ઉપર જોયું તેમ ઘણા વિસ્તારોમાં જરૂરિયાતમાંથી - અનિવાર્યતામાંથી લોકો દ્વારા જંગલ સાચવણીનું કામ ઊભું થયું. પેઢીઓથી જંગલ એમનું નહોતું, તેથી એને સાચવવા માટે સમય, શક્તિ, પૈસા ખર્ચવાની કે પ્રયત્ન કરવાની જરૂર લોકોને લાગી નહોતી. એ સ્વાભાવિક પ્રક્રિયા હતી. અલબત્ત, એના પરથી સામાન્ય માન્યતા એ ઊભી થઈ કે આદિવાસીઓને કે જંગલમાં રહેનારા લોકોને જંગલોની કાંઈ પડી નથી, એમને લાંબા ગાળાની કોઈ સમજણ નથી. ટૂંકા ગાળાના લાભ માટે લાંબું જોવાની દૃષ્ટિ નથી. પણ, આખા પ્રશ્નના કાર્યકારણ સંબંધને ઊંડાણથી તપાસીએ તો આ વાત ટકતી નથી. લોકોએ જ્યારે જંગલનાશથી ઊભી થયેલી હાડમારી અનુભવી, ત્યારે જંગલખાતાની પણ ઉપરવટ જવાનું સાહસ અને હિંમત દાખવ્યાં. પોતે મહેનત કરીને સાચવશે, અને જંગલખાતું એ અધિકાર નહીં સ્વીકારે, સ્ટાફ ઝાડો કાપી જશે એની તલવાર લટકતી હોવા છતાં તેમણે એ કામગીરી શરૂ કરી, કારણ કે એના વગર કોઈ ચારો નહોતો. એ પણ એક સ્વાભાવિક પ્રક્રિયા હતી. છેલ્લાં ૧૦ - ૧૫ વર્ષોમાં ઠેર ઠેર થઈ રહેલાં સાચવણીનાં કામો જોતાં પણ લોકોની ટૂંકી દૃષ્ટિવાળી વાત તૂટી પડે છે. ઝાડ ઊછરી શકે તે માટે તેઓ બળતણ કે ઘાસચારાના તેમના ટૂંકા ગાળાનાં હિતો પર કાપ મૂકવાને પણ તૈયાર થાય છે, અને એ માટે ઢોર વેચી દેવાં પડે તો તેની પણ તૈયારી રાખે છે. પરંતુ એક વાત પણ સ્પષ્ટ છે કે જંગલો ઉપર જંગલખાતાની સત્તા એમની એમ અકબંધ રહે તો એ લોકોને એમણે ઉછેરેલાં જંગલ એમનાં જ રહેશે એવો પૂરેપૂરો વિશ્વાસ બેસી નહીં શકે અને એ સંજોગોમાં આ પ્રયત્નો એક હદથી વધારે ગજું કરી શકે નહીં. આમ, સવાલ લોકોની ટૂંકી દૃષ્ટિનો નહીં, પણ જંગલો પરની જંગલખાતાની એકહથ્થુ માલિકી અને આણનો હતો અને છે.

આવડત અને જ્ઞાનની વાત કરીએ તો તેમાં પણ સામાન્ય રીતે જોવા મળ્યું છે કે જન્મથી જ જંગલોમાં ઊછરેલા આદિવાસીઓ અને સ્થાનિક લોકોની જુદાં જુદાં ઝાડો કેવી રીતે ઊગે છે, ક્યારે પુખ્ત થાય છે, ક્યારે અને કેટલા પ્રમાણમાં કાપવાં જોઈએ, ક્યારે પ્રુનીંગની જરૂર હોય છે, વાંસ પર ફૂલો આવે એટલે શું, બી નીચે પડે પછી કેવી રીતે કુદરતી ઉછેર થાય વગેરે બાબતોમાં અનુભવના નીંભાડામાંથી તવાઈને બહાર આવેલા એમના જ્ઞાનની વ્યાપકતા હેરત પમાડે એવી હોય છે. ઊલટું, એમાં તો ઘણી વાર જંગલખાતાના અધિકારીઓ માર ખાઇ જતા જોવા મળે છે. લોકો ઘણી વાર કહે છે કે 'વાંસની ગેડીઓ કે સાગનાં પીલાં જંગલખાતાવાળા અહીંથી ઉખેડીને બીજે લઈ જઈને રોપે છે. પણ એનાથી તો બેવડું નુકસાન થાય છે. બીજે એ ટકી શકતાં નથી. અને અહીં એટલાં ઓછાં થઈ જાય છે'.

જંગલના ઉછેર માટે બન્ને જે જુદી જુદી રીતો અપનાવે છે તેમાં પણ આ બાબત આંખે ઊડીને વળગે છે. જ્યાં જ્યાં લોકોએ વનઉછેરનું કામ પોતાની મેળે શરૂ કર્યું છે, ત્યાં તેમણે મોટાભાગે કુદરતી નવસર્જનની (natural regeneration) પ્રક્રિયાને જ સંકોરવાની રીત અપનાવી છે અને એને આંચ ન આવે તે માટે વિવિધ પ્રકારના નીતિનિયમો નક્કી કરીને સામાજિક વાડ (social fencing) ઊભી કરી છે. એ માટે બહારથી મોટા પાયે નાણાં લાવવાની પણ એમને જરૂર નથી પડી. અને છતાં એનાં ઘણાં સારાં પરિણામો મળ્યાં છે. તો બીજી બાજુ વનવિભાગે વિશ્વબેંક કે જાપાન સરકાર પાસે કરોડો રૂપિયાની લોન લઈને મોટા પાયે પ્લાન્ટેશનો કર્યાં છે. અને એનાં પરિણામ? ભાગ્યે જ કોઈક જગ્યાએ એનાથી જંગલો ઊછર્યાં હોવાનું જોવા મળે છે. Social fencingની જરૂરિયાતને તો તેઓ સાવ અવગણીને ચાલ્યા છે.

આમ છતાં, વૃક્ષોની નવી જાતોને લગતું નવું વૈજ્ઞાનિક જ્ઞાન આદિવાસીઓને ન હોય એ સ્પષ્ટ છે. તાલિમબદ્ધ વન અધિકારીઓ એ માટે જરૂર એમને મદદ કરી શકે. પરંતુ એમાં પણ વનવિભાગની ભૂમિકા લોકોને એ જ્ઞાન આપવા પૂરતી કે એ માટેની સુધારેલી જાતોનાં બી પૂરાં પાડવા પૂરતી જ હોઈ શકે. વનવ્યવસ્થાપનના કેન્દ્રમાં તો સ્થાનિક આદિવાસી સમુદાયોને જ રાખવા પડે.

આમ, એ તો સ્પષ્ટ છે કે લોકો દ્વારા સ્વયંભૂ વનઉછેરની જે પ્રક્રિયા શરૂ થઈ છે તેને લાંબો સમય ટકાવવી હશે તો સહભાગી વનવ્યવસ્થાપન (જેમાં હજીયે મુખ્ય ભૂમિકા તો વનવિભાગની જ છે) થી આગળ વધીને સામુદાયિક વનવ્યવસ્થાપનની દિશામાં આગળ વધવું પડશે. ■

# સહભાગી વન વ્યવસ્થાપનથી સામુદાયિક વન વ્યવસ્થાપન : નેપાળ રાહ ચીંધે છે...

ભારતમાં ૧૯૮૮ની રાષ્ટ્રીય વન નીતિના પગલે કેન્દ્રીય વન મંત્રાલયે પાંખાં થઈ ગયેલાં વનોના ઉછેરમાં સ્થાનિક લોકોની ભાગીદારી વધારવા ૧૯૯૦માં માટે સહભાગી વન વ્યવસ્થાનો પરિપત્ર બહાર પાડ્યો. લગભગ એ જ અરસામાં આપણા ઉત્તરી પડોશી દેશ નેપાળે સામુદાયિક વન વ્યવસ્થાપનના શ્રીગણેશ કર્યાં. ત્યાર પછીના છેલ્લા દોઢ દાયકામાં આપણે ત્યાં સહભાગી વનવ્યવસ્થા કાર્યક્રમે ખાસ કંઈ ગજું કર્યું નથી. જ્યારે સામુદાયિક વન વ્યવસ્થાપન હેઠળ નેપાળના જંગલોની કાયાપલટ શરૂ થઈ ગઈ છે. આપણે ત્યાં સહભાગી વન વ્યવસ્થા હેઠળ કુલ ૨૦૦૨ સુધીમાં કુલ ૧૮ ટકા જંગલ વિસ્તાર આવરી લેવાયેલો. એમાંથી મોટાભાગનો વિસ્તાર મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને આંધ્રપ્રદેશમાં આવેલ છે. ત્યાં પણ મોટાભાગના કિસ્સાઓમાં કાગળ ઉપર જ અમલ થયો હોવાની વાતો થાય છે. નેપાલમાં ૨૦૦૨ સુધીમાં દેશનાં કુલ ૫૮.૩ લાખ હેક્ટર જંગલમાંથી લગભગ ૯ લાખ હેક્ટર જંગલ (૨૧ ટકા) વિસ્તાર સામુદાયિક વનવ્યવસ્થાપન હેઠળ સ્થાનિક ઉપભોક્તા જૂથોને કાયમી ધોરણે સોંપી દેવામાં આવ્યો હતો. (ત્યાંના વન વિભાગનું લક્ષ્યાંક દેશના કુલ જંગલ વિસ્તારના ૬૧ ટકા જેટલો વિસ્તાર સામુદાયિક વન વ્યવસ્થાપન કાર્યક્રમમાં આવરી લેવાનો છે.) બન્ને યોજનાઓના અમલ વચ્ચેના આ તફાવત પાછળ બન્ને દેશોની ભૌગોલિક, આર્થિક તેમજ વન વ્યવસ્થાપનની ઐતિહાસિક પરંપરાઓનો તો ભાગ હશે જ. પરંતુ આ બે કાર્યક્રમ હેઠળ લોકોને અપાતા હક્કો, સ્વાયત્તતા અને સત્તા વચ્ચે જે પાયાના તફાવતો છે તેની ભૂમિકા અહમ રહી છે.

## નેપાળનો સામુદાયિક વન વ્યવસ્થાપન કાર્યક્રમ

ખોબલા જેવડો નાનો દેશ-નેપાળ ચારે બાજુ જમીનથી ઘેરાયેલો હોવાથી બહારી દુનિયા સાથેનો દરિયાઈ વેપાર ખાસ વિકસી શક્યો નથી અને ૭૫% પહાડી વિસ્તાર હોવાથી આંતરિક રેલવેલાઈનના અભાવે અને જૂજ હાઈવેને કારણે ઉદ્યોગ ધંધા પણ ખાસ વિકસ્યા નથી. તેથી દેશના અને લોકોના અર્થતંત્રનો મોટો આધાર પ્રવાસન વિકાસ પર જ છે. અને એનો આધાર જંગલો અને ઘાટી વનરાજી પર જ હોય એ સ્વાભાવિક છે. જ્યારે ભારતમાં આપણે આર્થિક વિકાસ માટે જંગલો પર એટલા આધારિત નથી, એટલે બનવાજોગ છે કે વન સંરક્ષણ માટે નેપાળ જેટલા નિસબત અને નિર્ધાર નહીં ધરાવતા હોઈએ. વળી, ભારતની જેમ નેપાળમાં અંગ્રેજોનું શાસન ન હોવાથી ત્યાંનાં જંગલો સદ્ભાગ્યે ભારત જેવા કડક વન વિભાગની હકુમત નીચે આવ્યાં નહોતાં. અને લગભગ એક સદી સુધી રાજ કરનાર રાણા પરિવારના સમય દરમ્યાન (૧૮૪૬-૧૯૫૧) જંગલોની માલિકી રાજાની કે ખાનગી હોવા, છતાં લોકોનો ભોગવટાનો અધિકાર ચાલુ હતો અને સાચવણી પણ લોકો જ કરતા. વક્રોક્તિ તો એ છે કે નેપાળે છેક ૧૯૫૦ના દાયકામાં ભારતની વન વ્યવસ્થાનું મોડેલ અપનાવ્યું અને ૧૯૫૭માં વનોનું રાષ્ટ્રીયકરણ કર્યું. એને કારણે મોટા પાયા પર વનવિનાશ થયો. છેવટે સ્થિતિ એટલી નાજુક બની ગઈ કે ૧૯૭૮માં વિશ્વબેંકે ભાખ્યું કે ૧૯૯૩ સુધીમાં પહાડી વિસ્તારોનાં અને ૨૦૦૦ની સાલ સુધીમાં તેરાઈ વિસ્તાર (ભારતની ઉત્તરી સરહદને અડીને આવેલો)નાં જંગલો ખતમ થઈ જશે! અર્થતંત્ર જેના પર નભતું હતું, એવાં જંગલોનો નાશ થતો અટકાવવા માટે નેપાળ સરકારે ઠોસ પગલાં લેવાં જ પડે એમ હતાં. એમાંથી સામુદાયિક વન વ્યવસ્થાપનનો જન્મ થયો.

## સામુદાયિક વન વ્યવસ્થા શું છે?

૧૯૮૯ના નેપાળના વન ક્ષેત્ર માટેના માસ્ટર પ્લાને વનવિભાગની 'પોલીસ' તરીકેની માનસિકતા અને ભૂમિકાના બદલાવ પર અને લોકોના જૂથોને મજબૂત કરવા માટે કાયદાઓમાં સુધારા કરવા પર ભાર મૂક્યો અને એ અંગે સ્પષ્ટ સૂચનાઓ આપી. એના પગલે ૧૯૯૩માં નવો વન અધિનિયમ બન્યો, જેમાં એ માટેની વિધિવત્ જોગવાઈઓ છે. વન સાચવણી અને એના ઉત્પાદનનો સામૂહિક હિત માટે ઉપયોગ કરવા ઈચ્છુક લોકોએ વન ઉપભોક્તા તરીકે જૂથ બનાવવાના હોય છે. જિલ્લા વન અધિકારી તેઓ જે વન પર આધારિત હોય, તેની વિધિવત્ તેમને કાયમી ધોરણે સોંપણી કરે. આ જૂથોને સ્વાયત્ત કંપનીનો દરજ્જો અને જંગલ સંપત્તિ પર કાયમી ધોરણે માલિકી હક્કો મળે. ઈમારતી લાકડાં સહિતની વન પેદાશોની આવકના ૧૦૦% જૂથને મળે. (૧૯૯૯-૨૦૦૦માં નેપાળ સરકારની કેબિનેટે આવકના ૪૦% ભાગ સરકારમાં જમા કરાવવાનો તથા તેરાઈ પ્રદેશોમાં મોટાં જંગલો સ્થાનિક સમુદાયોને સોંપવા પર રોક લગાવતો પરિપત્ર બહાર પાડ્યો હતો, જેને ઉપભોક્તા જૂથોના ફેડરેશને સુપ્રીમ કોર્ટમાં પડકારેલો. રાજકીય ડામાડોળ પરિસ્થિતિ અને ઉથલપાથલોને કારણે જો કે હજી આ સુધારો પસાર થયો નથી.) ઉપરાંત, જંગલોના વ્યવસ્થાપન અંગેના નિયમો (માઈક્રો પ્લાન) બનાવવાની, ચોર પકડાય તો તેને દંડ અને સજા કરવાની, વનપેદાશોની વહેંચણી તથા બહાર લઈ જઈને વેચાણ કરવાની પણ સંપૂર્ણ સત્તા જે તે જૂથને હોય છે. જે આવક થાય તે ઉપભોક્તા જૂથના સભ્યોને વ્યક્તિગત રીતે નથી મળતી, પરંતુ તેમાંથી તેઓ વનવિકાસ અને નિશાળ, પંચાયત ઘર, સિંચાઈ, રસ્તા જેવાં ગામના વિકાસનાં કાર્યો કરી શકે છે. વનવિભાગની ભૂમિકા સલાહકારની તથા વખતોવખત હિસાબ તપાસવાની રહે છે. માઈક્રો પ્લાન મુજબ કામ ન થતું હોય તો વન

અધિકારી ઉપભોકતા જૂથ પાસેથી સામુદાયિક વન પરત લઈ શકે છે, પરંતુ નવા ગઠિત થયેલાં જૂથને એની પછી સોંપણી કરવાની હોય છે.

૨૦૦૦માં એમાંથી કેટલાંક ગામોની મેં મુલાકાત લીધેલી, ત્યારે ઘણાં ગામોમાં તો સામુદાયિક વનોમાંથી આવક પણ ચાલુ થઈ ગઈ હોવાનું જાણવા મળેલું. લોકો ગજબ ઉત્સાહથી આ કામમાં જોડાયેલા. કેટલાંયે ગામોમાં તો લોકોએ જંગલો સારી રીતે ઊછરે એ માટે થઈને સ્વેચ્છાપૂર્વક પોતાનાં ઢોરોની સંખ્યા અડધી કરી નાખેલી. ઉપભોકતા જૂથોમાં ફોરેસ્ટ્રીના વિષયના જાણકારોની માંગ એટલી મોટા પાયે ઊભી થઈ રહી હતી કે આપણે ત્યાં જેમ આઈ.ટી.નો ક્રેઝ છે તેમ ત્યાં યુવક-યુવતિઓમાં ફોરેસ્ટ્રીના કોર્સ કરવા માટેનો ધસારો થઈ રહ્યો છે. આ હકીકતો સામુદાયિક વન તરફનો લોકોનો ઉત્સાહ દેખાડે છે.

## ભારતનો સહભાગી વન વ્યવસ્થાપન કાર્યક્રમ

આપણે ત્યાં આ કાર્યક્રમમાં પાંખાં થઈ ગયેલાં જંગલોની સાચવણીમાં જે લોકો જોડાય તેમને જંગલોની પેદાશની આવકમાંથી નિશ્ચિત હિસ્સો આપવાની જોગવાઈ છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા લોકો પોતાના ગામના અમુક જંગલ વિસ્તાર માટે ડી.એફ.ઓ.ને અરજી કરે, જેની એ તપાસ કરાવીને ગામની વન (રક્ષક) સમિતિને એ જમીન પરના જંગલોની સાચવણી માટેનો અધિકારપત્ર આપે. જમીનોનું વન સમિતિના નામે કાયમી ધોરણે હસ્તાંતરણ થતું નથી. ગુજરાતમાં ઘણા કિસ્સાઓમાં જોવા મળ્યું છે કે લોકો દ્વારા સાચવણી વધારે વિસ્તારમાં થતી હોય છે, પણ અધિકારપત્ર ખૂબ ઓછી જમીન માટે મળ્યા છે અથવા અમુક કિસ્સાઓમાં તો મળ્યા જ નથી. કવાંટના કાંકણપુર ગામમાં વન સમિતિને ૮૦ હેક્ટરની સાચવણી સામે ૨૦ હેક્ટર જમીનનો અધિકારપત્ર મળ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત ડી.એફ.ઓ. અને વન સમિતિ વચ્ચે કાયદેસરના કરાર કરવાના હોય છે, પરંતુ ગુજરાત આખામાં આજદિન સુધી કોઈપણ સ્થળે આવા કરાર થયા નથી. આ યોજના પાંખા વન વિસ્તારો (degraded forest) પૂરતી જ અમલમાં આવેલી, જે પાયલોટ પ્રોજેક્ટ તરીકે સારા વન વિસ્તારોમાં ધીમે ધીમે લાગુ પાડવી એવો સુધારો ૧૯૯૪માં વન મંત્રાલયે બહાર પાડેલો. પરંતુ એનો અમલ ગુજરાતમાં હજુ થયો નથી.

જંગલો ઉછેરવા અને સાચવવાની જવાબદારી જે તે વન સમિતિની બને છે અને પછી એમાંથી જે ઈમારતી લાકડું મળે તેના વેચાણનો ગુજરાતમાં પચાસ ટકા હિસ્સો વન સમિતિને મળે છે. દેશમાં આ વહેંચણી ૪૦ ટકાથી લઈને ૧૦૦ ટકા (મધ્યપ્રદેશમાં) સુધીની જોવા મળે છે. અને એમાં થતી ગૌણ પેદાશો (વાંસ સિવાયની) પર સો ટકાનો અધિકાર એમને મળે છે. જંગલ સાચવણીનાં કામો જો ડી.એફ.ઓ.ને સંતોષકારક ન લાગે, તો ગમે એટલા વર્ષે પણ એને જે તે સમિતિ પાસેથી પાછાં લઈ લેવાની ડી.એફ.ઓ.ને સત્તા છે. વળી, આખા ડીવીઝન માટે વન વિભાગે જે વર્કિંગ પ્લાન બનાવ્યો હોય તે જ આ યોજના હેઠળના વિસ્તારને પણ લાગુ પાડવામાં આવે છે, જેના લીધે લોકોને પોતાની રીતે વ્યવસ્થાપન કરવાની છૂટ રહેતી નથી. આખી યોજનામાં વન વિભાગની ભૂમિકા જ કેન્દ્રમાં રહે છે અને લોકોને સ્વાયત્તા મળતી નથી. વળી, વન સમિતિ કોઈ ચોરને પકડે, તો એને સજા કરવાની સત્તા રેન્જરને જ હોય છે. કવાંટ તાલુકાના કાંકણપુર ગામમાં ૧૯૯૭માં ચોરોને પકડીને રેન્જરને સોંપ્યા. રેન્જરે રૂા. ૨૦૦ લઈને એમને છોડી મૂક્યા. એ વ્યક્તિઓએ ગામ પર આવીને દમદાટી મારવી શરૂ કરી કે તમે પકડ્યા, પણ અમારો વાળ પણ વાંકો ના થયો, જોયું? અને એમની દાદાગીરી વધી ગઈ. આ બનાવથી લોકો હતોત્સાહ થઈ ગયા. આવું જ નસવાડી તાલુકાના છોડવાણી ગામના લોકોનું કહેવું હતું, ‘‘અમે જંગલ સાચવીએ, પણ ચોર પકડીને તો રેન્જરને જ સોંપવો પડે. રેન્જર મોટાભાગે પૈસા ખાઈને એને છોડી મૂકે. અમે હાથ ઘસતા રહી જઈએ અને ચોર દાદા થઈને ફરે. જંગલ સાચવવાની પછી અમને પણ શું પડેલી રહે?’’ સંતરામપુરના અસુંદરીયા ગામના લોકોનો આગ્રહ હતો કે ‘‘ચોરને સજા કરવાની અને દંડ લેવાની સત્તા પણ સમિતિ પાસે જ હોવી જોઈએ, નહીં તો જાનના જોખમે પણ અમે શા સારું જંગલ સાચવીએ? અમારાથી ડરે પણ કોણ? અને કોણ અમારી સત્તાને માને?’ આમ છતાં ઘણા ગામ લોકો આ કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયેલા અને પોતાની આગવી રીતે જંગલો સાચવવાનું અને ઉછેરવાનું ચાલુ કરી દીધાના ઘણા દાખલા જોવા મળે છે એ આપણે નોંધ્યું છે. એ તમામ ગામોમાં લોકોનો આ ઉત્સાહ લાંબો સમય ટકી નથી શકતો, કારણ કે જંગલખાતાની આપખુદ રીતરસમોનો એમને અનુભવ થવા માંડે છે અને એમનો વિશ્વાસ ડગી જાય છે. ગુજરાતમાં, કેટલાક અપવાદોને બાદ કરતાં, વન વિભાગના મોટા ભાગના અધિકારીઓને આ યોજનાના અમલમાં ખાસ દિલચસ્પી જ નથી.

ટૂંકમાં, આ યોજના વન મંત્રાલયના પરિપત્રના આધાર પર જ ટકી છે. એને કાયદાનું સ્વરૂપ નથી. વળી, આ યોજના હેઠળ નિર્ણય કરવાની લગભગ પૂરેપૂરી સત્તા જંગલખાતાએ પોતાને હસ્તક રાખી છે અને વન અધિકારીની વિવેકાધીન સત્તા પર એ ટકેલી છે. લોકોને એ જંગલો પર નિશ્ચિત, લાંબા ગાળાના વારસાગત અધિકારો નથી આપતી. એને બદલે ગામની નજીકનાં જંગલો પર સ્થાનિક લોકોને વારસાગત અને પાછા લઈ ન શકાય એવા માલિકી હક્કો આપવામાં આવે એ જરૂરી છે. આ જંગલ વિસ્તારોમાં કુદરતી જતન કરવું કે નવું વાવવું, કેટલું વાવવું વગેરે બાબતો નક્કી કરવાની, સાચવણીના પાલનના નિયમો બનાવવાની અને એનો અમલ કરાવવાની, મુખ્ય અને ગૌણ પેદાશોને વેચવાની અને ભોગવવાની પૂરી સત્તા ગામલોકો કે એમનાં જૂથોને હોવી જોઈએ. વન વિભાગની ભૂમિકા સલાહકારની રહે. આ મુતાબિક કાયદો બને એ એના સમુચિત અને ઉત્સાહભેરના અમલ માટે જરૂરી છે. ■

# સરિસ્કા ધબડકો અને ટાઈગર ટાસ્ક ફોર્સ અહેવાલ

સરિસ્કા ધબડકાથી ચિંતિત વડા પ્રધાને એપ્રિલ ૨૦૦૫માં સુનિતા નારાયણના વડપણ હેઠળ ટાઈગર ટાસ્ક ફોર્સની રચના કરેલી, જેણે ત્રણ જ માસમાં ૬ ઓગસ્ટના રોજ પોતાનો બસ્સો પાનાંનો દળદાર અહેવાલ સરકારને સુપ્રત કર્યો છે. ટાસ્ક ફોર્સના બે સંદર્ભ હતા : એક તાત્કાલિક - સરિસ્કામાંથી વાઘના અદશ્ય થઈ જવાનો, અને બીજો વ્યાપક - ભારતમાં વાઘના સંરક્ષણ અને સંવર્ધનનો.

તાત્કાલિક પરિપ્રેક્ષ્યના સંદર્ભ-સરિસ્કા પ્રશ્ને છાનબીન કરીને ટાસ્ક ફોર્સે પોતાનાં તારણો રજૂ કર્યાં. સરિસ્કામાં સંરક્ષણ વ્યવસ્થા સાવ તૂટી પડી છે. જ્યારે અધિકારીઓ વાઘની સંખ્યાના ખોટા આંકડા આપવામાં વ્યસ્ત હતા, ત્યારે વાઘચોરો રિઝર્વમાં ખુલ્લેઆમ ફરતા હતા. રિઝર્વના છેડા પર આવેલી ખાણોમાં માઈનિંગ લોબી પ્રવૃત્ત હતી. ગામ લોકો વાઘ અને રિઝર્વના વહીવટીતંત્ર વચ્ચે ભીંસાઈને કંગાળ જીવન જીવી રહ્યા છે.

વ્યાપક પરિપ્રેક્ષ્યમાં અહેવાલ સ્પષ્ટ જણાવે છે કે કરણસિંહના નેતૃત્વ હેઠળ ૧૯૭૨માં શરૂ થયેલા વાઘ સંરક્ષણ કાર્યક્રમના સમયથી જ નીતિના ઘડવૈયાઓ જાણતા હતા કે ભારતનાં જંગલો લોકોની વસતી વગરના અફાટ વિસ્તારો (wilderness) નથી. ૧૯૮૩માં માધવરાવ સિંધિયાના વડપણ હેઠળના ટાસ્ક ફોર્સે જણાવેલું કે ''એમની (ગામ લોકોની) નાજુક પરિસ્થિતિમાં વન્યપ્રાણી રિઝર્વમાં પ્રતિબંધોનું પાલન કરવાથી વૈમનસ્ય જ જન્મે છે.

દેશના જે સૌથી વધુ ગરીબ ૧૫૦ જિલ્લાઓ છે, તે જ આદિવાસી વિસ્તારો છે અને તે જ મુખ્યત્વે 'વાઘ જિલ્લા'ઓ છે, અને આ જ વિસ્તારોમાં વધુ ગાઢાં (dense forest) જંગલો છે. (દેશનાં કુલ ગાઢાં જંગલો- ૩૯૦૫૬૪ ચો. કિ.મી.માંથી ૨૪૬૮૫૮ ચો.કિ.મી. આદિવાસી જિલ્લાઓમાં છે.) ઘણા પર્યાવરણવાદીઓ ભારતના આરક્ષિત વિસ્તારો (રિઝર્વ, અભયારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાનો)ને કોઈ જ દખલ વગરના રાખવા માટે લોકોને ત્યાંથી હટાવવાની હિમાયત કરે છે. ટાસ્ક ફોર્સ જણાવે છે કે ટાઈગર રિઝર્વમાં કે આરક્ષિત વિસ્તારોમાં રહેલા લોકોના ચોકકસ આંકડા ઉપલબ્ધ નથી. અને ઘણા વિસ્તારોમાં લોકોના અધિકારો અંકે પણ થયા નથી. એવા સંજોગોમાં પુનર્વસવાટ દુઃસ્વપ્ન જેવું જટિલ કામ પુરવાર થાય એમ છે.

એટલું જ નહીં, પુનર્વસવાટની કિંમત ક્યાંય ધ્યાનમાં લેવામાં આવી નથી. છેલ્લાં ૩૦ વર્ષમાં ટાઈગર રિઝર્વનાં માત્ર ૮૦ ગામોનાં ૨૯૦૪ કુટુંબોને બીજે વસાવવામાં આવ્યાં છે. ટાઈગર રિઝર્વનાં કુલ ૧૫૦૦ ગામોમાં ૬૫,૦૦૦ કુટુંબો વસે છે અને ૬૦૦ થી વધુ આરક્ષિત વિસ્તારોમાં ૩૦ લાખ લોકો રહે છે તેવો અંદાજ છે. પુનર્વસવાટના હાલના સરકારી આંકડા મુજબ ૧ લાખ પ્રતિ કુટુંબ ખર્ચ ગણવામાં આવે, તો ૬૬૫ કરોડ રૂપિયાનો ખર્ચ થાય. જો એ ખર્ચ ૨.૫ લાખ પ્રતિ કુટુંબ ગણવામાં આવે તો એ ૧૬૬૩ કરોડનો થાય. કર્ણાટકના ભદ્રા ટાઈગર રિઝર્વમાં, જ્યાં પુનર્વસવાટ સફળ થયો ગણાય છે, ત્યાં ૪.૦૨ લાખ પ્રતિ કુટુંબ ખર્ચ થયો છે. વળી, પુનર્વસવાટ માટે આપવાની થતી જંગલ જમીન સામે જે તે રાજ્યે ૫.૮ થી ૯ લાખ પ્રતિ હેકટરની નેટ પ્રેઝન્ટ વેલ્યુ ચૂકવવાની થાય, જેથી રાજય સરકારોએ ૯,૬૪૫ કરોડ રૂપિયા ચૂકવવાના થાય.

અલબત્ત, ટાસ્ક ફોર્સ સ્પષ્ટ કરે છે કે આનો મતલબ એ નથી કે વાઘ માટે સાવ અલાયદી અને દખલ વગરની કોઈ જગ્યા જ ના હોવી જોઈએ. પરંતુ, ખરેખર કેટલાં ગામોને ખસેડવાની જરૂર છે એનો વાસ્તવિક અને વૈજ્ઞાનિક અભ્યાસ કરવાની જરૂર છે. અને એના આધારે ખસેડવાપાત્ર લોકોના પુનર્વસવાટનો સમયબદ્ધ કાર્યક્રમ બનાવવાની જરૂર છે. નહીં તો પુનર્વસવાટ થતો નથી અને લોકો પોતાની જ જમીન પર 'ચોર' બનીને રહી જાય છે. પુનર્વસવાટ અનિવાર્ય ના હોય ત્યાં વાઘ સંરક્ષણને લોકોની આજીવિકાની જરૂરિયાતો સાથે જોડવાની જરૂર છે.

રિઝર્વ અને આરક્ષિત વિસ્તારોના વ્યવસ્થાપનમાં કમાન્ડ અને કંટ્રોલ પર જ વધુ ભાર મુકાયો છે અને ''લોકો'' ને સંરક્ષણ આયોજનમાંથી પડતા મુકાયા. સરિસ્કા ધબડકો પણ એ જ કારણે થયો. આજે કટોકટીની પરિસ્થિતિ ઊભી થઈ છે. ત્યારે શું કરવું ? વધુ પૈસો, વધુ ચોકિયાતો, વધુ શસ્ત્રોથી પરિસ્થિતિ સુધરી નથી. બીજા રિઝર્વના વાઘ દીઠ સરેરાશ વાર્ષિક ખર્ચ રૂા.૨૪ લાખની સામે સરિસ્કા બન્યું ત્યારથી છેલ્લાં ૨૫ વર્ષમાં વાઘ દીઠ રૂા. ૧ કરોડનો ખર્ચ થયો છે. પ્રતિ ચો.કિ.મી.ની રાષ્ટ્રીય સરેરાશ રૂા.૧ લાખની સામે ત્યાં રૂા.૨.૫૮ લાખનો ખર્ચ છે. છતાં એ નિષ્ફળ ગયું.

ટાસ્ક ફોર્સ આથી બે વિકલ્પો : વધુ કેન્દ્રીકરણ અને સંસ્થાગત સહભાગીપણું માંથી બીજા વિકલ્પને કરે છે - કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચેની સહભાગિતા અને સ્થાનિક લોકોની સહભાગિતા. કેન્દ્ર - રાજ્યની સહભાગિતા અંગે એ વન મંત્રાલયને વન અને પર્યાવરણ એવા બે જુદા વિભાગોમાં ફેરવવાનું તથા પ્રોજેક્ટ ટાઈગર ડાયરેક્ટોરેટને સત્તામંડળનો દરજ્જો અને સ્વાયત્તતા આપવાનું, તેમજ વન્યપ્રાણી અધિનિયમ ૧૯૭૨ના પાલનમાં થતી ઢીલને નિવારવા માટે કાયદાની જોગવાઈઓ સુધારવાનું અને વાઈલ્ડ લાઈફ ક્રાઈમ બ્યુરો રચવાનું સૂચવે છે.

સ્થાનિક લોકોની સહભાગિતા પર પણ એ ભાર આપે છે. એ નોંધે છે કે ઘણા આરક્ષિત વિસ્તારોમાં લોકોના અધિકારો સેટલ થયા નથી. વન્ય પ્રાણી અધિનિયમના ૨૦૦૩ના સુધારામાં જોગવાઈ છે કે લોકોની 'બોનાફાઈડ જરૂરિયાતો' માટે વન પેદાશોને એકઠી કરી શકાશે. પણ આ શબ્દોનો અર્થ સ્પષ્ટ કર્યો નથી. હાલમાં તો ઘણાં રાજ્યો આરક્ષિત વિસ્તારોમાં ઝાડ, વાંસ કે ઘાસ કાપવા સામે, ગૌણ વન પેદાશો એકઠી કરવા સામે પ્રતિબંધ મૂકેલા છે. વળી, કાયદો મિલકત પરના અધિકારો પર પ્રતિબંધ મૂકે છે. આ પરિસ્થિતિને ટાસ્ક ફોર્સ 'સંરક્ષણની લડાઈ' કહે છે અને કહે છે કે સહ-અસ્તિત્વ શક્ય છે, પણ એને માટે બધાને જોડીને સંરક્ષણ વ્યવસ્થાપન ગોઠવવાનું એ સૂચવે છે.

જો વાઘચોરો શિકારમાં કુશળ એવા સ્થાનિક શિકારી સમુદાયોને પૈસા આપીને ખરીદી શકતા હોય, તો વાઘના બચાવ માટે એમનો ઉપયોગ કેમ ના કરી શકાય ? અરૂણાચલ અને કેરાલાના પેરિયાર ટાઈગર રિઝર્વ તેમજ કમ્બોડિયામાં થયેલા પ્રયોગોનો હવાલો આપીને આવા પ્રયોગો બીજે કરવાનું સૂચન કરે છે. પ્રવાસન ક્ષેત્રે સ્થાનિક લોકોને આર્થિક લાભ મળે એવી વ્યવસ્થા ગોઠવવાનું પણ એ સૂચવે છે. આજે હોટલો અને રિસોર્ટો પર્યાવરણીય ધોરણો જાળવ્યા વગર ચાલી રહ્યાં છે, ત્યારે સ્થાનિક લોકોને જોતરીને ઈકો-ટુરીઝમ વિકસાવવાનું અને રિઝર્વની આસપાસની ૫ કિ.મી.ની સીમામાં આવેલી હોટલોને પૈસાના કુલ ટર્નઓવરના ૩૦ ટકા રિઝર્વને આપવાનું સૂચવે છે.

ઉપરાંત, રિઝર્વની આસપાસનાં જંગલો અને ચરિયાણ જમીનોની ઉત્પાદકતા વધારવાનું અને વન વિકાસની નીતિઓ ઘડવાનું સૂચવે છે. ૭ ટાઈગર રિઝર્વમાં રૂા.૨૮૮ કરોડથી વધુ પૈસાના ખર્ચ કર્યા બાદ ઈકોડેવલપમેન્ટ કાર્યક્રમ, જ્યાં જંગલખાતાની નિર્ણય પ્રકિયા લોકોની અને પંચાયતની ભાગીદારી વગરની હતી, ત્યાં નિષ્ફળ ગયો, અને જ્યાં લોકો સાથે સુમેળ સાધેલો, ત્યાં સફળ થયો અને લોકોની આર્થિક સ્થિતિ સુધરી. આરક્ષિત વિસ્તારના છેડાનાં જંગલોમાં સહભાગી વન વ્યવસ્થા વિકસાવવાનું અને લોકોને સંરક્ષણના કામમાં જોડવાનું પણ એ સૂચન કરે છે.

## ટિપ્પણી

ઘણા પર્યાવરણવાદીઓ અને ટાસ્ક ફોર્સના એક સભ્ય સુધ્ધાંના વિરોધની ઉપરવટ જઈને ટાસ્ક ફોર્સે વાઘ રિઝર્વમાં રહેતા લોકોના સહઅસ્તિત્વ અને એમની જરૂરિયાતો/અધિકારોના મુદ્દા પર ભાર મૂક્યો છે. વળી, એ સ્પષ્ટ સ્વીકાર્યું છે કે રિઝર્વના વ્યવસ્થાપનમાં વધુ શસ્ત્રો, વધુ ચોકિયાતો કે વધુ પૈસાને બદલે, આદેશ અને નિયંત્રણને બદલે, વધુ કેન્દ્રીકરણને બદલે વ્યવસ્થાપનમાં લોકોના સહભાગીપણાની જરૂર છે. ઉપરાંત, પુનર્વસવાટની સમસ્યા ચર્ચીને અતિ આવશ્યક વિસ્તારોના લોકોના સમયબદ્ધ પુનર્વસવાટની હિમાયત કરી છે. આમ, ઘણી દૃષ્ટિએ ટાસ્ક ફોર્સે સંકુચિત પર્યાવરણવાદને બદલે ખુલ્લાપણું અને માનવીય અભિગમ બતાવ્યાં છે. તેમજ ધરાતલની વાસ્તવિકતાને નજર સામે રાખીને ઉપાયો સૂચવ્યા છે. આ બાબતો પ્રસંશનીય છે.

અમેરિકા, ઓસ્ટ્રેલિયા, યુરોપમાં માનવવસ્તી વિહોણા અફાટ પ્રદેશો આવેલા છે, જ્યાં માનવ પગપેસારા રહિતના આરક્ષિત વિસ્તારો કે રિઝર્વ જાહેર કરવાનો વિચાર કદાચ અમલમાં મૂકી શકાય. અમેરિકાના Endangered Species Act અમલમાં આવ્યા પછી વક્રોક્તિ એ થઈ છે કે જે પશુ-પંખીઓને લોકો કનડતા કે ઈજા નહોતા પહોંચાડતા, તે હવે જો ભૂલેચૂકે પણ એમની રાન્ચમાં કે ઘરની આસપાસ આવી જાય તો ગુપચુપ પતાવી દેવાનું મુનાસિબ સમજે છે, કારણ કે નહીંતર એ કાયદા હેઠળ એ પશુ/પંખીઓના વસવાટની આસપાસનો વિસ્તાર આરક્ષિત જાહેર થઈ જાય એવો ભય હોય છે! આવા પ્રકારના કાયદા પળાવી ન શકાય અને ખુદ જેમના સંરક્ષણ માટે બનાવેલા હોય એમને જ નુકસાનકર્તા નીવડે એવું બને છે. માણસોની વસ્તી વગરના આરક્ષિત વિસ્તારો બનાવવાની આવી વિભાવના જ આપણા દેશ માટે કામ આવે એવી નથી, છતાં અમુક પર્યાવરણવાદીઓ જોરશોરથી માંગણી કરી રહ્યા છે. અલબત્ત, ટાઈગર ટાસ્ક ફોર્સનો અભિગમ ધરાતલનો છે, અને આવો આત્યંતિક નથી.

બીજી બાજુ, અહેવાલમાં જોયું તેમ રિઝર્વ અને આરક્ષિત વિસ્તારોમાંથી પુનર્વસવાટનો સરકારનો વિચાર પૂરો ન કરવાનો વાયદો માત્ર બનીને રહી ગયો છે. પુનર્વસવાટ કરવાનો છે એમ માનીને વિકાસ અટકાવી

દેવાય છે અને પુનર્વસવાટ થતો નથી. લોકો તદ્દન કંગાળ હાલતમાં જીવે છે. એમના પુનર્વસવાટનો સરકારી અંદાજ ૧ લાખ રૂપિયા પ્રતિ કુટુંબ છે. સારા પુનર્વસવાટ માટે રૂા. ૪.૦૨ લાખ રૂપિયા પ્રતિ કુટુંબ થયો એ આપણે અહેવાલમાં જોયું. નર્મદાના સરદાર સરોવરના અસરગ્રસ્તો પાછળ ૧૯૯૦ થી ૯૫ સુધીમાં આશરે ૨ થી ૩ લાખ રૂપિયા પ્રતિ કુટુંબ ખર્ચાયા. એ વાતને આજ એક દાયકા ઉપરાંતનો સમય થઈ ગયો છે. આજે એવો પુનર્વસવાટ કરવાનો ખર્ચ ઓછામાં ઓછો ૭ થી ૮ લાખ આવે, જો એ તત્કાલ હાથ ધરવામાં આવે તો. સમય વીતતો જશે, એમ ખર્ચ વધશે.

બીજું, વધુ અગત્યનો પ્રશ્ન છે જમીનોનો. ટાસ્ક ફોર્સ અહેવાલ જણાવે છે કે ખાનગી રેવન્યુ જમીનો રાજકીય ઇચ્છાશક્તિ કે તાકાતના અભાવે ગણતરીમાં લેવામાં નથી આવી, તેથી જંગલ જમીન આપવાની અને નેટ પ્રેઝન્ટ વેલ્યુ ચૂકવવાની એ વાત કરે છે. હકીકતમાં વનવિભાગે પોતાના હસ્તકની જમીનો વાઘ અને વન્ય પ્રાણીઓને બચાવવા હોય તો છૂટી કરવાની તૈયારી રાખવી જ પડે એ નિર્વિવાદ છે. પરંતુ, જમીનોની છેવટની પસંદગી અસરગ્રસ્તોએ કરવાની હોય. તેથી ખાનગી જમીનો વેચાતી લેવાની તૈયારી, તાકાત અને રાજકીય ઇચ્છાશક્તિ સરકારે રાખવાં જ પડે, જો વાઘ બચાવવા હોય તો. સાથે જ, બીજો સવાલ એ ઊભો થાય કે અંદાજિત ૬ લાખ કુટુંબો (૩૦ લાખ લોકો) ના પુનર્વસવાટ માટે વહીવટીતંત્ર/વનવિભાગની તૈયારી અને સજ્જતા છે? અને જે ભ્રષ્ટ તંત્ર વાઘ ના બચાવી શક્યું, એ લોકોનો પુનર્વસવાટ કેવો કરે એ સવાલ તો ખડો જ છે. વાઘને બચાવવામાં કટિબદ્ધ શહેરી પર્યાવરણવાદીઓ લાખો ગરીબ આદિવાસીઓની જાતિને extinct કરવા તૈયાર થઈ ગયા છે ?

વાસ્તવિક પરિસ્થિતિ અને આર્થિક લાભાલાભનો તર્ક જ રિઝર્વ અને આરક્ષિત વિસ્તારોની સંખ્યા અને વ્યાપ ઘટાડવા તરફ દોરી લઈ જાય છે. આજદિન સુધી એ જાહેર કરવામાં એનો ભોગ બનતા લોકો તરફની રાજ્યની કોઈ જ જવાબદારી કે આર્થિક ભારણ ધ્યાનમાં લેવાયાં નથી, તેથી શહેરી પર્યાવરણવાદીઓ અને વનમંત્રાલયની મનઘડંત કલ્પનાઓના આધારે ૫ ટકા વિસ્તારને આરક્ષિત વિસ્તાર બનાવી દેવાનો વિચાર નીતિ તરીકે સ્વીકારાઈ ગયો અને અમલમાં પણ મુકાઈ ગયો. આજ સુધીમાં દેશના કુલ વિસ્તારના ૪.૫ ટકા વિસ્તારને આરક્ષિત જાહેર કરી દેવાયો છે.

હકીકતમાં, પાયાનો પ્રશ્ન ૨૭ જેટલાં વાઘ રિઝર્વ અને ૬૦૦ થી વધુ આરક્ષિત વિસ્તારો ખરેખર જરૂરી છે કે નહીં તેના પર જ ફેર વિચારણા કરવાનો છે. અત્યાર સુધી જાહેર થયેલા વિસ્તારોમાંથી અત્યંત જરૂરી ના હોય એવા વિસ્તારોને બાકાત કરવાની તાતી જરૂર છે. માણસ - વન્ય પ્રાણીઓના વૈમનસ્યને અટકાવવાનો સારામાં સારો ઉપાય એના વ્યાપ અને વિસ્તારને ઘટાડવામાં રહેલો છે.

એક ચોખવટ કરવી જરૂરી છે. આટલી ચર્ચાને અંતે એક છાપ કદાચ એ પડે કે અમે વાઘ બચાવવામાં માનતા નથી. હકીકતમાં, વાઘ બચાવવાની ના નથી. પણ ત્યાં રહેતા ગરીબ લોકોને ભોગે એ બચાવવાના છે? અહીં પ્રશ્ન મનુષ્ય અને પ્રકૃતિના પ્રત્યેક જીવથી લઈને ખોરાક-કડીની ટોચ પર બેઠેલા વાઘ વચ્ચેના દ્વન્દ્વનો કે મનુષ્યસ્વકેન્દ્રિતા (anthropocentricity) નો નથી. અહીં પ્રશ્ન શહેરી, 'પર્યાવરણ-પ્રેમી' સમાજ અને અંતરિયાળ, અણવિકસિત જંગલ વિસ્તારોમાં રહેતા, અને કુદરતી સંસાધનોને મૂડી બનાવીને એને બેવડી-ત્રેવડી કરીને કમાઈ શકવાની શક્યતાઓનાં દ્વાર જેમના માટે કાયદેસર રીતે બંધ છે તેવા, આવકનાં ટાંચાં સાધનોવાળા ગરીબ આદિવાસીઓ વચ્ચેના દ્વન્દ્વનો છે. અને આમ જોઈએ તો વાસ્તવિકતા ભૂલી જઈને, ગમે તે ભોગે વાઘ બચાવવાની જોરશોરથી થતી હિમાયત મુઠ્ઠીભર પર્યાવરણવાદીઓની મનુષ્યસ્વકેન્દ્રિતાનો જ એક આવિર્ભાવ છે એ ના ભૂલવું જોઈએ.

ફરી ટાસ્ક ફોર્સ પર આવીએ. એ વાઘચોરોને પકડવાના અભિયાનમાં સ્થાનિક લોકોને જોડવાનું, એમને પ્રવાસન ક્ષેત્રે જોડવાનું, આસપાસની હોટલો - રિસોર્ટોના ૩૦ ટકા રિઝર્વને આપવાનું (જોકે એમાંથી સ્થાનિક લોકોને શું મળશે એ સવાલ તો રહે જ છે) વગેરે સૂચનો કરે છે. પરંતુ, આ સૂચનોમાં પણ ખૂબ થોડા લોકોને જ રોજી મળવાની એવી ગુંજાઈશ છે. દેશ પાસે વ્યવહારમાં અંકુશ રહે તેવો કોઈ વ્યાપક અનુભવ આ અંગે નથી. એ ઉપરાંત, ટાસ્ક ફોર્સ આ વિસ્તારોના છેડાનાં ગામોના લોકોને ઈકોડેવલપમેન્ટ અને સહભાગી વન વ્યવસ્થામાં જોડવાની હિમાયત કરે છે, એ સારું છે. પરંતુ, જે લોકો આરક્ષિત વિસ્તારોની અંદર રહે છે, તેમનું શું? ટાસ્ક ફોર્સ વન્ય પ્રાણી અધિનિયમના ૨૦૦૩ના સુધારાની જોગવાઈ અનુસાર 'બોનાફાઈડ જરૂરિયાતો' માટે વન પેદાશો એકઠી કરવા દેવાની વાત કરે છે, પણ લોકોના જીવવા માટે શું એ પૂરતું છે? એમની આવકનાં ઠોસ સાધનો અંગે જ્યાં સુધી વાસ્તવિક, વિચારપૂર્વકના, વ્યવહારુ ઉપાયો ના શોધાય, ત્યાં સુધી જે તે વિસ્તારના લોકોના જીવનમરણના પ્રશ્નને બાજુ પર હડસેલીને 'વાઘ બચાવ' અભિયાન પર જ ધ્યાન કેન્દ્રિત કરવું એ ગુનાઈત તો છે જ, હજારો-લાખો લોકોના ગરિમાપૂર્ણ જીવવાના પાયાના અધિકારોનો ભંગ કરવા બરાબર છે. ■

## સંશયાત્મક પર્યાવરણવાદી - ૩

# પાણીની કટોકટી -

## સવાલ જથ્થાનો કે વ્યવસ્થાપનનો ?

*- અંબરીષ મહેતા*

બીયોર્ન લોમ્બોર્ગના 'સંશયાત્મક પર્યાવરણવાદી' પુસ્તકનો પરિચય કરાવતી આ શ્રેણીમાં ગયા અંકમાં આપણે ટકાઉ વિકાસની ચર્ચા કરેલી. એમાં આપણે ઊર્જાનો દાખલો લઈને જોયેલું કે વિકાસ વધતો ગયો છે તેમ મર્યાદિત કુદરતી સંસાધનોનું દોહન પણ વધતું ગયું છે અને ભાવિની પેઢીઓનું અસ્તિત્વ જ જોખમમાં મુકાઈ ગયું છે તે વાત અત્યાર સુધીના અનુભવના empirical આધારે ટકી શકે એમ નથી. વિકાસ એટલે અનિવાર્યપણે સંસાધનોનો ખાતમો એવું જે સમીકરણ આપણા સૌના મનમાં દઢપણે બેસી ગયું છે તે સાચું નથી. વિકાસ અને પર્યાવરણના જતન વચ્ચે પણ એવો કોઈ અનિવાર્ય વિરોધ નથી. આ વાત બરાબર સમજાઈ જાય તો પર્યાવરણને લગતી સમસ્યાઓને આપણે વિકાસના અનિવાર્ય પરિણામ તરીકે જોવાને બદલે ઉકેલી શકાય એવી સમસ્યા તરીકે જોઈ શકીએ.

સંસાધનોનું વધારે પડતું દોહન થઈ રહ્યું છે કે નહીં તેની ચકાસણી કરવા માટે આપણે ઊર્જાની સ્થિતિ વિશે વિગતવાર ચર્ચા કરેલી. અને કહેલું કે ખનીજ પેદાશો કે બીજાં બિનઊર્જા સંસાધનો, અનાજ, જંગલો, પાણી જેવાં પુનઃપ્રાપ્ય સંસાધનો માટે પણ આ સાચું છે. પરંતુ સ્થળ સંકોચને કારણે એ વિશે વિગતે ચર્ચા ન્હોતા કરી શક્યા. આ સંસાધનોની બાબતમાં પણ સવાલ એમના પૂરતા જથ્થાનો નહીં, પરંતુ યોગ્ય વ્યવસ્થાપનનો છે. મૂળ યોજના પ્રમાણે આ અંકમાં પ્રદૂષણની સમસ્યા અંગે વિગતે ચર્ચા કરવાની હતી. પરંતુ ગયો લેખ વાંચીને કેટલાક મિત્રોએ પ્રતિભાવ આપ્યો કે પાણી અને જંગલો જેવાં મહત્ત્વનાં સંસાધનોને આમ બાજુ પર મૂકી દેવા બરાબર નથી. તેમાંય પાણીનો સવાલ તો ઘણો મહત્ત્વનો છે. ઊર્જા કરતાં પણ કદાચ એ વધારે ગંભીર સમસ્યા છે. એટલે એના વિશે તો ચર્ચા કરવી જ જોઈએ. આ કારણસર આ અંકમાં પાણી વિશે ચર્ચા કરીશું. આમેય પાણીની કટોકટી એ ગુજરાતની મોટી સમસ્યા છે અને એ વિષે આગામી અંકોમાં આપણે ચર્ચા કરવાની જ છે. ત્યાર પહેલાં એ વિષે એક વૈશ્વિક પરિપ્રેક્ષ્ય બંધાઈ જાય એ આપણા સૌના લાભમાં જ છે.

છેલ્લાં પંદર વર્ષથી પાણીની 'વૈશ્વિક કટોકટી'ની ઘણી ચર્ચા થાય છે. પરંતુ એ કટોકટીનું સ્વરૂપ ખરેખર કેવું છે તે વિશે સ્પષ્ટ સમજણ મેળવી લેવી જરૂરી છે. શું વધતી માંગના પરિણામે પાણીનો જથ્થો ખૂટી રહ્યો છે કે પછી બીજી કોઈ સમસ્યા છે? સંયુક્ત રાષ્ટ્રના પર્યાવરણ પરના અહેવાલ-'Global Environment Outlook–2000'- ના જણાવ્યા મુજબ 'પાણીની અછતે તો હવે વૈશ્વિક કટોકટીનું સ્વરૂપ ધારણ કરી

લીધું છે અને પાણીના વાર્ષિક કુદરતી ચક્ર દ્વારા એની વધતી માંગને પહોંચી વળવું શકય નથી રહ્યું... દુનિયામાં ઘણા પ્રદેશોમાં પાણીની કાયમની અછત વિકાસની પ્રક્રિયાને અવરોધી રહી છે અને આવનારા દિવસોમાં પરિસ્થિતિ વધારે વણસતી જશે'. પૃથ્વી પર માણસની વસતી તો વધી જ રહી છે. સાથે સાથે માથાદીઠ પાણીનો વપરાશ પણ વધી રહ્યો છે. પરિણામે ૧૯૪૦માં આપણે જેટલું પાણી વાપરતા હતા એના કરતાં અત્યારે ચાર ગણું વધારે વાપરીએ છીએ. અને એમાંથી જ પછી તર્ક નીકળે કે એ તો સ્પષ્ટ છે કે આવું લાંબો સમય ચાલી ન શકે. સાથે સાથે પાણીની અછતને કારણે આંતરરાષ્ટ્રીય સંઘર્ષો વધશે એવી વાતો પણ થાય છે. એકવીસમી સદીનાં યુદ્ધો હવે તેલ માટે નહીં પરંતુ પાણી માટે થશે - એવાં મથાળાંઓ પણ બંધાય છે. વર્લ્ડ વૉચ ઈન્સ્ટિટ્યુટે કહેલું કે '૯૦ના દાયકામાં પાણીની કટોકટીનું સ્વરૂપ ૭૦ના દાયકાની તેલની કટોકટી જેવું હશે- આંતરરાષ્ટ્રીય સંઘર્ષો વધશે અને દેશોની અર્થવ્યવસ્થા ખોરવાઈ જશે'.

લોમ્બોર્ગના કહેવા પ્રમાણે આ મથાળાં ગેરમાર્ગે દોરનારાં છે. એ સાચું છે કે દુનિયાના ઘણા પ્રદેશોમાં પાણીની અછત વર્તાઈ રહી છે અને જો યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં એ સમસ્યા વણસશે પણ ખરી. અને આપણે પાણીનો બગાડ ઘટાડીને એનો કાર્યક્ષમ ઉપયોગ કરતાં થઈએ એ પણ જરૂરી છે. પરંતુ સવાલ પાણીના પૂરતા જથ્થાનો નહીં, તેના યોગ્ય વ્યવસ્થાપનનો છે. મૂળભૂતે આપણી પાસે પાણી તો પૂરતું ઉપલબ્ધ છે.

## કેટલું પાણી છે?


પૃથ્વીને ભૂરા ગ્રહ તરીકે ઓળખવામાં આવે છે. એનું કારણ એ છે કે એનો મોટો ભાગ પાણીથી ભરાયેલો છે. પૃથ્વીની સપાટીનો ૭૧ ટકા જેટલો વિસ્તાર પાણી હેઠળ છે. એ પાણીનો કુલ જથ્થો તો અધધધ થઈ જવાય એટલો મોટો - ૧૩.૬ અબજ ઘન કિલોમીટર છે. અલબત્ત, આમાંથી મોટાભાગનું પાણી (૯૭.૨ ટકા) તો દરિયાનું ખારું પાણી છે, જે સીધેસીધું કામમાં નથી લઈ શકાતું. બે ધ્રુવો પરના બરફના ગ્લેસીયરોમાં બીજું ૨.૧૫ ટકા જેટલું પાણી સંગ્રહાયેલું છે. એ પાણી પીવાલાયક જરૂર છે, પરંતુ એ આપણી પહોંચ બહાર છે, એટલે વ્યાવહારિક સ્તરે એ પણ ઉપયોગમાં લઈ શકાય એમ નથી. આમ આપણે બાકી બચેલા ૦.૬૫ ટકા પાણી પર જ આધાર રાખવાનો છે, જેનો કુલ જથ્થો ૮.૮૪ કરોડ ઘન કિ.મી જેટલો છે. આ ૦.૬૫ ટકામાંથી ૦.૬૨ ટકા જેટલું પાણી તો જમીનની નીચે ભૂગર્ભ જળના સ્વરૂપમાં રહેલું છે.

જમીનની નીચે આવેલા ભૂગર્ભ જળનો સંગ્રહ કરવામાં કુદરતને સદીઓ કે હજારો વર્ષનો સમય લાગે છે - એક અંદાજ મુજબ અમેરિકાનું બધું ભૂગર્ભજળ જો ૭૫૦ મીટર સુધીની ઊંડાઈ સુધી ખેંચી લેવામાં આવે તો એને ફરી ભરતાં દોઢસો વર્ષ લાગે. આમ, ભૂગર્ભજળના દોહનની પ્રક્રિયાને પુનઃઅપ્રાપ્ય (non-renewable) એવાં ખનીજ સંસાધનોના માઈનીંગ સાથે સરખાવી શકાય. પરંતુ એની સાથે એ પણ સાચું છે કે દર વર્ષે વાર્ષિક જળચક્રની પ્રક્રિયામાં નવું ભૂગર્ભજળ બનતું જ રહે છે.


આ થઈ પૃથ્વી પરના પાણીના કુલ જથ્થાની વાત. હવે પાણીના વાર્ષિક જળચક્રમાં દર વર્ષે કુલ કેટલું પાણી મળે છે તેની વાત કરીએ. એ પાણી વર્ષોવર્ષ મળતું રહે છે અને એટલે પુનઃપ્રાપ્ય છે.

સૂર્યની ગરમીથી દરિયાનું પાણી બાષ્પીભવન થઈને વરાળ બને છે, પવનો વરાળના કેટલાક ભાગને વાદળના સ્વરૂપે જમીનવાળા વિસ્તારો ઉપર લઈ આવે છે, જ્યાં પછી વરસાદ કે બરફના સ્વરૂપમાં એ નીચે ધરતી પર પડે છે. ધરતી પર પડેલા આ વરસાદના પાણીમાંથી મોટાભાગનું પાણી તો વનસ્પતિઓ ખેંચી લે છે કે સીધેસીધું બાષ્પીભવનથી ફરી હવામાં ઊડી જાય છે. બાકી જે પાણી બચે તે કાં તો જમીનની નીચે ભૂગર્ભ જળમાં ઊતરી જાય છે અથવા તો નદી-નાળાં મારફત પાછું દરિયામાં ઠલવાય છે.

પાણીના આ વાર્ષિક ચક્રમાં કુલ કેટલા પાણીની હેરાફેરી થાય છે એનો અંદાજ કાઢીએ તો પૃથ્વીના જમીનવાળા વિસ્તારોમાં વરસાદ કે બરફના સ્વરૂપમાં સરેરાશ ૧૧૩ હજાર ઘન કિ.મી. જેટલું પાણી પડે છે. એમાંથી ૭૨ હજાર ઘન કિ.મી. જેટલું પાણી (૬૨ ટકા) ખેતીના પાકો અને અન્ય વનસ્પતિઓ ખેંચી લે છે અથવા સીધેસીધું બાષ્પીભવન થઈ જાય છે. (વરસાદનું આ પાણી જે પાકો તેમજ અન્ય વનસ્પતિઓ સીધેસીધું ઉપયોગમાં લઈ લે છે તેને Green water પણ કહેવામાં આવે છે. જ્યારે નદી-નાળામાં વહેતા કે ભૂગર્ભમાં ઊતરી જતા પાણીને Blue water કહેવામાં આવે છે. સામાન્ય રીતે પાણીના ઉપલબ્ધ જથ્થાની ગણતરીમાં Green waterનો સમાવેશ નથી થતો. પરંતુ એ તો સ્પષ્ટ છે કે દુનિયાના ઘણા વિસ્તારોમાં થતી વરસાદ આધારિત બિનપિયત ખેતી આ પાણીના આધારે જ થાય છે. એક અંદાજ મુજબ દુનિયાના અનાજના ઉત્પાદનમાંથી ૬૦ ટકા જેટલા અનાજનું ઉત્પાદન આ વરસાદી ખેતીના આધારે થાય છે.) આ Green water ને બાદ કરી દઈએ પછી આપણને દર વર્ષે સરેરાશ ૪૧ હજાર ઘન કિ.મી. પાણીની આવક થાય છે. આટલું પાણી આખી પૃથ્વીની જમીન પર ફેલાવી દેવામાં આવે તો એક ફૂટ ઊંચાઈનું થર બને. આમાંનું કેટલુંક પાણી દૂરદરાજના અંતરિયાળ વિસ્તારોમાં પડે છે, જે




આકૃતિ-૧ : વૈશ્વિક સ્તરે કેટલું પાણી ઉલેચાય છે અને કેટલું વપરાય છે - ૧૦૦૦ ઘન કિ.મી.માં અને કુલ પ્રાપ્ય રન ઓફની ટકાવરીમાં ૧૯૦૦-૧૯૯૫ અને ૨૦૨૫ માટેની આગાહી. સ્રોત : Shiklomanov ૨૦૦૦, World Water Council ૨૦૦૦.




આકૃતિ-૨ : વૈશ્વિક સ્તરે ખેતી, ઉદ્યોગો અને ઘર વપરાશ માટે ઉલેચાતું પાણી તેમજ કુલ વપરાશ- માથાદીઠ દૈનિક લિટર તેમજ ગેલનમાં. ૧૯૦૦-૧૯૯૫. સ્રોત : Shiklomanov ૨૦૦૦.

સહેલાઈથી ઉપયોગમાં નથી લઈ શકાતું - જેમ કે એમેઝોન અને કોંગોના બેઝીન અને ઉત્તર અમેરિકા અને યુરેશિયાની નદીઓ. એને બાદ કરીને ભૌગોલિક રીતે સહેલાઈથી પ્રાપ્ત કરી શકાય એવા પાણીની આવક ૩૨,૯૦૦ ઘન કિ.મી.ની અંદાજવામાં આવે છે. આ ઉપરાંત હજી એક બીજી બાદબાકી કરવી જરૂરી છે. ઘણા વિસ્તારોમાં મોટાભાગનો વરસાદ તો વર્ષના થોડા મહિનાઓમાં જ પડી જાય છે અને મોટાભાગનું પાણી પૂરના સ્વરૂપમાં દરિયામાં વહી જાય છે. એશિયાની વાત કરીએ તો આપણે ત્યાં નદીઓમાં ૮૦ ટકા જેટલું પાણી તો ચોમાસાના ચાર માસ દરમિયાન જ વહી જાય છે. એક અંદાજ મુજબ વૈશ્વિક સ્તરે નદી-નાળાઓનું ૭૫ ટકા જેટલું પાણી આમ પૂરના સ્વરૂપમાં વહી જાય છે. આમ, આપણી પાસે વાપરી શકાય એવું ૯,૦૦૦ ઘન કિ.મી. પાણી જ ઉપલબ્ધ રહે છે. જોકે અત્યાર સુધીમાં નદીઓ ઉપર જે બંધો બંધાઈ ચૂક્યા છે તે પૂરના પાણીમાંથી ૩૫૦૦ ઘન કિ.મી. જેટલું પાણી સંગ્રહી શકે છે. આમ, એ ઉમેરીએ તો વૈશ્વિક સ્તરે આપણને દર વર્ષે કુલ ૧૨,૫૦૦ ઘન કિ.મી. જેટલું સહેલાઈથી વાપરી શકાય એવું પાણી ઉપલબ્ધ થાય છે. આ પાણી પૃથ્વી પરની દરેક વ્યક્તિને આખું વર્ષ દરરોજ ૫,૭૦૦ લિટર પાણી પૂરું પાડવા માટે પૂરતું છે!

## કેટલું પાણી વાપરીએ છીએ?

હવે વૈશ્વિક સ્તરે આપણે કેટલું પાણી વાપરી રહ્યા છીએ તે જોઈએ. **આકૃતિ-૧**માં પાણીના વપરાશની વૈશ્વિક તરાહ દર્શાવી છે. આ તરાહ તપાસતી વખતે કેટલું પાણી ઉલેચવામાં આવે છે (water withdrawal) અને કેટલું પાણી ખરેખર વાપરવામાં આવે છે (water use) એ બે બાબતો વચ્ચે તફાવત કરવો જરૂરી છે.

વપરાશ માટે નદી-નાળાં કે ભૂગર્ભમાંથી ભૌતિક રીતે જે પાણી ઉલેચવામાં આવે તે થયું ઉલેચાયેલું પાણી. પરંતુ આ રીતે ઉલેચાયેલ પાણીમાંથી ખાસ્સું એવું પાણી તો ફરીથી નદી-નાળાંમાં વહેવા માંડે છે અથવા તો ભૂગર્ભમાં ઊતરી જાય છે, જે ફરી ઉપયોગ માટે ઉપલબ્ધ થાય છે. એક અંદાજ મુજબ યુરોપ અને અમેરિકામાં આ રીતે ઉલેચાયેલા પાણીમાંથી ૪૬ ટકા જેટલું પાણી તો પાવર પ્લાન્ટને ઠંડા પાડવા માટે જ વાપરવામાં આવે છે, જે તરત જ પાછું નદીઓમાં છોડી દેવાય છે અને નીચેવાસમાં ફરીથી ઉપયોગમાં લેવામાં આવે છે. એ જ પ્રમાણે ઔદ્યોગિક વપરાશના ૮૦થી ૯૦ ટકા પાણી પણ ફરીથી નદી-નાળાંમાં છોડી દેવામાં આવે છે અને જો એને યોગ્ય ટ્રીટમેન્ટ આપવામાં આવી હોય તો ફરીથી ઉપયોગમાં લઈ શકાય છે. સિંચાઈ યોજનાઓમાં વપરાતા પાણીમાંથી પણ ૩૦થી ૭૦ ટકા જેટલું પાણી ફરીથી નદી-નાળાંમાં પાછું ઠલવાય છે અથવા તો ભૂગર્ભમાં ઊતરી જાય છે અને ફરીથી વાપરી શકાય છે. આમ, કેટલું પાણી વપરાઈ રહ્યું છે તે વધારે સારી રીતે જાણવું હોય તો એ માટે પાણીના એ જ વપરાશને ગણતરીમાં લેવો જોઈએ જે પૂરેપૂરું ઉપયોગમાં લેવાઈ જાય. એને જ પાણીનો સાચો વપરાશ કહી શકાય.

હવે આકૃતિ-૧માં દર્શાવ્યું છે તેમ વીસમી સદીના અંત સુધીમાં વૈશ્વિક સ્તરે પાણીનો વપરાશ ૩૩૦ ઘન કિ.મી.થી વધીને ૨૧૦૦ ઘન.કિ.મી. જેટલો થયો છે. આવનારા દિવસોમાં એ વપરાશ કેટલો થશે એના અંદાજો થોડા અનિશ્ચિત છે, ખાસ કરીને સિંચાઈનો વિકાસ કેટલો થશે એના જુદા જુદા અંદાજોને કારણે. આમ છતાં, એ તો સ્પષ્ટ છે કે હજી આજે પણ પાણીનો કુલ વપરાશ સહેલાઈથી પ્રાપ્ત કરી શકાય એવા પાણીના પુનઃપ્રાપ્ય જથ્થાના ૧૭ ટકા જેટલો જ છે અને ઊંચા અંદાજ સાથે પણ ૨૦૨૫ સુધીમાં એ વપરાશ ૨૨ ટકા જેટલો જ થશે.

**આકૃતિ-૨**માં દર્શાવ્યા મુજબ ૨૦મી સદી દરમ્યાન આપણો પાણીનો વપરાશ માથાદીઠ રોજના ૧૦૦૦ લિટરથી વધીને ૨૦૦૦ લિટરનો થઈ ગયો છે. એમાં સિંચાઈ માટેના પાણીના વપરાશમાં ૫૦ ટકાના વધારાએ મુખ્ય ભાગ ભજવ્યો છે. એને કારણે સિંચાઈમાં વધારો થયો છે અને વધતી વસતી માટે જરૂરી અનાજનું ઉત્પાદન વધારવું શક્ય બન્યું છે. સિંચાઈ માટે પાણીના વપરાશનો આ વધારો જો કે હવે માથાદીઠ ૧૨૦૦ લિટરની આસપાસ સ્થિર થતો દેખાઈ રહ્યો છે. એની સાથે જ પીવા તેમજ ઘરવપરાશ માટે વપરાતા પાણીમાં પણ ગઈ સદી દરમિયાન લગભગ ચાર ગણો વધારો જોવા મળે છે, જે પાણીની વધતી ઉપલબ્ધિ સૂચવે છે. ખાસ કરીને આપણા જેવા ત્રીજા વિશ્વના દેશો માટે તો એ સીધેસીધો આરોગ્યનો સવાલ છે, જેમાં અનેક બીમારીઓને દૂર કરવા માટે ચોખ્ખા પાણીનો જથ્થો તેમજ સેનીટેશનની ઉપલબ્ધિ વધારવી અત્યંત જરૂરી છે.

આમ, એ તો સ્પષ્ટ છે કે જો વૈશ્વિક સ્તરે હજી આપણે પાણીના પુનઃપ્રાપ્ય જથ્થામાંથી માત્ર ૧૭ ટકા જેટલું જ પાણી વાપરતા હોઈએ અને આ વધારાના ઉપયોગને કારણે જો આપણે વધારે ખોરાક, ઓછો ભૂખમરો અને વધારે સારું આરોગ્ય મેળવતાં હોઈએ, તો 'પાણીની કટોકટી' એ કંઈ એના અપૂરતા જથ્થાની કટોકટી તો નહીં જ હોઈ શકે. તો પછી ખરેખર સવાલ શું છે?

## પાયાના ત્રણ સવાલ

સૌથી પહેલી વાત તો એ છે કે વરસાદ બધે સરખો નથી પડતો. એટલે દુનિયાના બધા દેશોમાં પાણી સરખી માત્રામાં ઉપલબ્ધ નથી થતું. કેટલાયે દેશોમાં વૈશ્વિક સરેરાશ કરતાં ઘણું ઓછું પાણી ઉપલબ્ધ છે. અહીં સવાલ એ પેદા થાય કે શું અત્યારે જ આપણે એવી સ્થિતિએ પહોંચી ગયા છીએ, જ્યાં દુનિયાના ઘણા વિસ્તારો પાણીની કાયમી અછતથી પીડાઈ રહ્યા હોય?

બીજી વાત કે લોકોની વસતી હજી વધતી જવાની છે. જ્યારે વરસાદનું પ્રમાણ તો વધતે ઓછે અંશે સ્થિર જ રહેશે. એનો અર્થ એ થયો કે આવનારાં વર્ષોમાં પાણીની માથાદીઠ ઉપલબ્ધિ ઓછી થતી જશે. આમ, સવાલ એ પેદા થાય કે શું આવનારા દિવસોમાં પાણીની અછતની સમસ્યા વધારે ને વધારે ગંભીર નહીં બનતી જાય?

ત્રીજી વાત એ કે ઘણી નદીઓના (૨૬૧ જેટલી) સ્રાવ વિસ્તાર એક કરતાં વધારે દેશોમાં પથરાયેલા છે. દશ જેટલી નદીઓ તો છ કે એથી પણ વધારે દેશોમાં થઈને વહી રહી છે. તે જ પ્રમાણે મધ્યપૂર્વના મોટાભાગના દેશોમાં તો ભૂગર્ભજળના aquifers પણ એક કરતાં વધારે દેશોમાં ફેલાયેલા છે. આનો અર્થ એ થયો કે પાણીની સમસ્યાની સાથે આંતરરાષ્ટ્રીય સવાલો પણ જોડાયેલા છે અને જો સહકાર તૂટી પડે તો એના આધારે દેશો વચ્ચે પાણી પ્રશ્ને સંઘર્ષો થવાની સંભાવના પણ વધી જાય. આમાંથી જ 'હવે પછીનાં યુદ્ધો પાણી પ્રશ્ને થશે'ની વાત આવે છે. સવાલ એ છે કે એની સંભાવના કેટલી છે?

આ ત્રણ સમસ્યાઓ ઉપરાંત બીજી બે સમસ્યાઓ પણ પાણીની કટોકટીના સંદર્ભમાં ઘણી વાર ચર્ચાતી હોય છે. પરંતુ સૈદ્ધાંતિક રીતે એ થોડા જુદા પ્રકારની છે. પહેલી સમસ્યા પાણીના પ્રદૂષણની છે - ખાસ કરીને પીવાના પાણીના પ્રદૂષણની. પાણીનું પ્રદૂષણ દૂર થાય એ અલબત્ત જરૂરી જ છે. કારણ કે એ ઉપલબ્ધ પાણીને આંશિક રીતે બિનઉપયોગી બનાવી દે છે અને એ રીતે પાણીનો જથ્થો પણ ઘટાડે છે. પરંતુ એ મૂળે પાણીની અછતની સમસ્યા નથી. માટે તેને આપણે પ્રદૂષણ અને પેસ્ટીસાઈડની સમસ્યા સાથે ચર્ચીશું.

બીજી સમસ્યા ત્રીજા વિશ્વના ઘણા દેશોમાં હજીયે કરોડો લોકોને પીવાનું ચોખ્ખું પાણી અને સેનીટેશન ઉપલબ્ધ નથી તેની છે. આ સમસ્યાનું પ્રમાણ ઓછું થઈ રહ્યું છે, પરંતુ હજીયે ઘણા લોકોને પીવાનું ચોખ્ખું પાણી ઉપલબ્ધ નથી, એ હકીકત અવગણી શકાય એમ નથી. ઘણા લોકો પાણીની કટોકટીને આ સમસ્યાના સંદર્ભમાં જ જુએ છે. પરંતુ એ તો સ્પષ્ટ છે કે આ સમસ્યા પાણીની અછતની નહીં, પરંતુ પાણી ઉપલબ્ધ કરવાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવની છે અને એનો ઉકેલ પણ હાલના પાણીનો વપરાશ ઓછો કરવામાં નહીં પરંતુ વધારવામાં છે.

આટલી પ્રારંભિક વાત પછી પાણીની કટોકટીને લગતા ઉપરના ત્રણ પાયાના સવાલોને થોડી વિગતે તપાસીએ.

## ક્યા દેશોમાં પૂરતું પાણી નથી ?

આપણે જોયું તેમ વરસાદ બધે સરખો નથી અને એટલે પાણીની ઉપલબ્ધિ પણ દુનિયાના બધા ભાગોમાં એક સરખી જોવા નથી મળતી. આઈસલેન્ડ જેવા દેશના લોકોને રોજનું ૨૦ લાખ લિટર જેટલું પાણી ઉપલબ્ધ છે. જ્યારે કુવૈતના લોકોએ માત્ર ૩૦ લિટર પાણીથી ચલાવવું પડે છે. સવાલ, અલબત્ત, એ પેદા થાય કે કોઈ પણ દેશના લોકોને પૂરતું પાણી ઉપલબ્ધ નથી એમ ક્યારે કહી શકાય?

કોઈ પણ દેશ કે પ્રદેશમાં પાણીની છત છે કે અછત તે માપવા માટે એક જાણીતા હાઈડ્રોલૉજિસ્ટ ફાલ્કન માર્કે Water Stress Index વિક્સાવ્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આ ઈન્ડેક્ષ વ્યાપકપણે વાપરવામાં આવી રહ્યો છે. સૂકા પ્રદેશોના લોકો પ્રમાણમાં સારું જીવનધોરણ અપનાવી શકે એ માટે માથાદીઠ વાર્ષિક જળચક્રનું ઓછામાં ઓછું કેટલું પુનઃપ્રાપ્ય પાણી ઉપલબ્ધ હોવું જોઈએ તેનો કયાસ કાઢવાની એ કોશિશ કરે છે. એ મુજબ પીવા તેમજ ઘરવપરાશ માટે માથાદીઠ રોજનું લગભગ ૧૦૦ લિટર જેટલું પાણી જરૂરી હોવાનું મનાયું છે. આ ઉપરાંત બીજું ૫૦૦થી ૨૦૦૦ લિટર જેટલું પાણી ખેતી, ઉદ્યોગો અને ઊર્જાના ઉત્પાદન માટે જરૂરી ગણાયું છે. એ ઉપરાંત એ હકીકતની પણ નોંધ લેવામાં આવી છે કે પાણીની જરૂર મુખ્યત્વે ઉનાળામાં પડતી હોય છે જ્યારે એની ઉપલબ્ધિ ઓછી હોય છે. એ ધ્યાનમાં રાખી પાણીની જરૂરિયાતને થોડી વધારે ઊંચી આંકવામાં આવી છે. આમ, ફાલ્કન માર્કના આ ઈન્ડેક્ષ અનુસાર જો કોઈ દેશમાં માથાદીઠ દૈનિક ૪૬૬૦ લિટર કરતાં ઓછું પાણી ઉપલબ્ધ હોય તો તે દેશ પાણીની અવારનવાર અછત અનુભવતો ગણવામાં આવે છે. જો માણસદીઠ રોજનું ૨૭૪૦ લિટરથી ઓછું પાણી મળતું હોય તો એ દેશ પાણીની કાયમી અછત (chronic scarcity) અનુભવતો ગણવામાં આવે છે અને જો ૧૩૭૦ લિટરથી ઓછું પાણી મળતું હોય તો તેને પાણીની કારમી અછત (absolute scarcity) અનુભવતો ગણવામાં આવે છે.

**કોષ્ટક-૧**માં એ ૧૫ દેશો દર્શાવવામાં આવ્યા છે જે ઉપરની વ્યાખ્યા મુજબ પાણીની કાયમી અછત (chronic scarcity) અનુભવે છે. એમાંના મોટાભાગના દેશો મધ્યપૂર્વના છે એ જાણીને આશ્ચર્ય નથી થતું. પરંતુ સવાલ એ છે કે આ કેટલી ગંભીર સમસ્યા છે?

કુવૈતના લોકો રોજના ૩૦ લિટર પાણીથી જ કઈ રીતે ચલાવતા હશે? જવાબ એ જ છે કે તેઓ કંઈ એટલા ઓછા પાણીથી નથી ચલાવતા. કુવૈત, લિબિયા અને સાઉદી અરેબિયા એ ત્રણ દેશો એમની પાણીની

| Available water, liters per capita per day | 2000 | 2025 | 2050 |
|---|---|---|---|
| Kuwait | 30 | 20 | 17 |
| United Arab Emirates | 174 | 129 | 116 |
| Libya | 275 | 136 | 92 |
| Saudi Arabia | 325 | 166 | 118 |
| Jordan | 381 | 203 | 145 |
| Singapore | 471 | 401 | 403 |
| Yemen | 665 | 304 | 197 |
| Israel | 969 | 738 | 644 |
| Oman | 1,077 | 448 | 268 |
| Tunisia | 1,147 | 834 | 709 |
| Algeria | 1,239 | 827 | 664 |
| Burundi | 1,496 | 845 | 616 |
| Egypt | 2,343 | 1,667 | 1,382 |
| Rwanda | 2,642 | 1,562 | 1,197 |
| Kenya | 2,725 | 1,647 | 1,252 |
| Morocco | 2,932 | 2,129 | 1,798 |
| South Africa | 2,959 | 1,911 | 1,497 |
| Somalia | 3,206 | 1,562 | 1,015 |
| Lebanon | 3,996 | 2,971 | 2,533 |
| Haiti | 3,997 | 2,497 | 1,783 |
| Burkina Faso | 4,202 | 2,160 | 1,430 |
| Zimbabwe | 4,408 | 2,830 | 2,199 |
| Peru | 4,416 | 3,191 | 2,680 |
| Malawi | 4,656 | 2,508 | 1,715 |
| Ethiopia | 4,849 | 2,354 | 1,508 |
| Iran, Islamic Rep. | 4,926 | 2,935 | 2,211 |
| Nigeria | 5,952 | 3,216 | 2,265 |
| Eritrea | 6,325 | 3,704 | 2,735 |
| Lesotho | 6,556 | 3,731 | 2,665 |
| Togo | 7,026 | 3,750 | 2,596 |
| Uganda | 8,046 | 4,017 | 2,725 |
| Niger | 8,235 | 3,975 | 2,573 |
| Percent people with chronic scarcity | 3.7% | 8.6% | 17.8% |
| United Kingdom | 3,337 | 3,270 | 3,315 |
| India | 5,670 | 4,291 | 3,724 |
| China | 6,108 | 5,266 | 5,140 |
| Italy | 7,994 | 8,836 | 10,862 |
| United States | 24,420 | 20,405 | 19,521 |
| Botswana | 24,859 | 15,624 | 12,122 |
| Indonesia | 33,540 | 25,902 | 22,401 |
| Bangladesh | 50,293 | 35,855 | 29,576 |
| Australia | 50,913 | 40,077 | 37,930 |
| Russian Federation | 84,235 | 93,724 | 107,725 |
| Iceland | 1,660,502 | 1,393,635 | 1,289,976 |

કોષ્ટક-૧ : પાણીની કાયમી અછતવાળા દેશો - ૨૦૦૦, ૨૦૨૫ અને ૨૦૫૦માં બાકીના દેશોની સરખામણીમાં. સ્રોત : WRI ૧૯૯૮.

મોટાભાગની જરૂરિયાત દરિયાના ખારા પાણીને મીઠું કરીને પૂરી કરે છે. કુવૈતમાં તો લગભગ અડધોઅડધ જરૂરિયાત આ રીતે પૂરી કરવામાં આવે છે. ખારા પાણીને મીઠું કરવાની ડીસેલીનેશનની આ પ્રક્રિયામાં ઊર્જા ઘણી વપરાય છે. પરંતુ એ દેશોને ઊર્જાની કોઈ ખોટ નથી. ડીસેલીનેશનની ટેકનોલોજીનો વિકાસ પણ ખાસ્સો થયો છે અને આજે હવે દરિયાના ખારા પાણીને મીઠું કરવાનો ખર્ચ લિટરે ૨-૫ પૈસા જેટલો થઈ ગયો છે અને ઓછી ખારાશવાળું બ્રેકીશ પાણી શુદ્ધ કરવાનો ખર્ચ તો એથીયે ઓછો છે. આમ દરિયાના ખારા પાણીને શુદ્ધ કરીને મેળવાયેલું પાણી મોંઘું જરૂર છે, પરંતુ એટલુંય મોંઘું નથી કે એનો ઉપયોગ જ ન થઈ શકે. ખારા પાણીને શુદ્ધ કરીને વાપરવાની આ સંભાવના એ પણ સૂચવે છે કે પાણીની કટોકટી એક હદથી વધારે વકરી ન શકે.

આ ઉપરાંત એક બીજો સવાલ એ છે કે જો આપણે માત્ર કુલ ઉપલબ્ધ જથ્થાને જ ધ્યાનમાં રાખીએ, અને એ પૂરતો છે કે નહીં તેની જ ચર્ચા કરીએ તો એમાં ઉપલબ્ધ પાણીનો વપરાશ સારી રીતે થાય છે કે નહીં, તે સવાલ જ બાજુ પર હડસેલાઈ જાય છે. ઘણા દેશો ઓછા પાણી સાથે પણ સારી રીતે જીવન ગુજારી શકે છે, કારણ કે તેઓ પાણીનો ખૂબ કાર્યક્ષમ ઉપયોગ કરે છે. ઈઝરાયેલ એનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે. એની ખેતીમાં પાણીનો ખૂબ જ કાર્યક્ષમ ઉપયોગ કરવામાં આવે છે. તેનું એક કારણ એ છે કે સિંચાઈ માટે વ્યાપકપણે ટપક અને ફૂવારા પદ્ધતિનો ઉપયોગ થઈ રહ્યો છે. ઘરવપરાશમાં વપરાયેલ પાણી પણ શુદ્ધ કરીને પછી સિંચાઈ માટે વાપરવામાં આવે છે. આમ છતાં, માથાદીઠ માત્ર ૯૬૯ લિટર જ પાણી ઉપલબ્ધ હોવાને કારણે ઉપરના વર્ગીકરણ મુજબ તો આપણે ઈઝરાયેલને પાણીની કારમી અછતવાળો દેશ જ ગણવો પડે!

પાણીનો સૌથી વધુ વપરાશ, અલબત્ત, સિંચાઈ માટે થઈ રહ્યો છે - વૈશ્વિક સ્તરે પાણીના કુલ વપરાશમાંથી ૬૯ ટકા જેટલું પાણી સિંચાઈ માટે વપરાય છે, જ્યારે ઉદ્યોગો ૨૩ ટકા અને પીવા તેમજ ઘરવપરાશ માટે ૮ ટકા પાણી વપરાય છે. એનો અર્થ એ થયો કે ખેતીના વપરાશમાં થોડો પણ કાપ મૂકવામાં આવે તો ઘણું પાણી બચી શકે. એનો એક રસ્તો અનાજની આયાત કરવાનો છે. એક ટન અનાજ પેદા કરવામાં લગભગ એક હજાર ટન પાણી વપરાય છે. આમ, એક ટન અનાજની આયાત ૧૦૦૦ ટન પાણીની આયાત બરાબર ગણી શકાય. પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવાની અનેક પદ્ધતિઓ અપનાવવા છતાં ઈઝરાયેલને અનાજની બાબતમાં સ્વાવલંબી રહેવું પોષાય એમ નથી. તેની કુલ જરૂરિયાતના ૮૭ ટકા જેટલું અનાજ તે આયાત કરીને મેળવે છે. તે જ પ્રમાણે જોર્ડન ૯૧ ટકા અને સાઉદી અરેબિયા ૫૦ ટકા જેટલું અનાજ આયાત કરીને મેળવે છે. (પાણીની અછતવાળા દેશોમાં પાણીની આયાત કરવાને બદલે અનાજની આયાત કરવી સહેલી અને સસ્તી હોવાની આ વાત આજકાલ પાણીના સવાલ પરની આંતરરાષ્ટ્રીય ચર્ચાઓના કેન્દ્રમાં છે. આમ, તો આ ઘણી આકર્ષક વાત લાગે છે. પરંતુ વાત એટલી સીધી અને સરળ નથી. વધારાનું અનાજ ઊગાડવા માટે પાણી ઉપરાંત જમીનની પણ જરૂર પડે અને માથાદીઠ જમીનનું પ્રમાણ સામાન્ય રીતે પાણીની અછતવાળા સુકા પ્રદેશોમાં જ વધારે હોય છે. એ વિષે આગામી અંકોમાં વધારે વિગતે ચર્ચા કરીશું)

**કોષ્ટક-૧**માં દર્શાવ્યા મુજબ હાલ દુનિયાની વસતીના ૪ ટકા જેટલા લોકો જ પાણીની અછતવાળા દેશોમાં રહે છે, જ્યારે બાકીના ૯૬ ટકાથી પણ વધારે લોકો તો પૂરતું પાણી ધરાવતા દેશોમાં રહે છે. જોકે અહીં એ ધ્યાનમાં રાખવું જોઈએ કે દેશમાં સરવાળે પૂરતું પાણી હોય એનો અર્થ એ નથી કે એના બધા ભાગોમાં એ સમાન રીતે વહેંચાયેલું હોય. (ભારતની જ વાત કરીએ તો દેશના સ્તરે માથાદીઠ રોજનું ૫૬૭૦ લિટર પાણી ઉપલબ્ધ છે એ સાચું, પણ રાજસ્થાન અને ગુજરાત, કર્ણાટક, પંજાબ, તામિલનાડુ, આન્ધ્રપ્રદેશ જેવાં રાજ્યોમાં એનાથી ઘણું ઓછું પાણી ઉપલબ્ધ છે. ગુજરાતમાં માથાદીઠ દૈનિક ૩૨૦૦ લિટર પાણી જ ઉપલબ્ધ છે, જે કાયમી અછતની ૨૭૦૦ લિટરની મર્યાદાથી થોડું જ વધારે છે. અને એમાંયે મોટાભાગનું પાણી તો દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં જ છે, જ્યારે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં તો ઘણું ઓછું પાણી ઉપલબ્ધ છે.)

આમ છતાં ટૂંકમાં એમ કહી શકાય કે કુલ સરવાળે દુનિયાના મોટાભાગના લોકો એવા વિસ્તારોમાં રહે છે જ્યાં પૂરતું પાણી ઉપલબ્ધ છે. દરેક ઉપખંડમાં માથાદીઠ પાણીની ઉપલબ્ધિ વધી છે અને એની સાથે સાથે પહેલાં કરતાં વધારે લોકોને પીવાનું ચોખ્ખું પાણી તેમજ સેનીટેશનની સેવાઓ ઉપલબ્ધ કરાવી શકાઈ છે. જોકે આ કહેવાનો અર્થ એ હરગિજ નથી કે એવા કોઈ વિસ્તાર જ નથી જ્યાં લોકોને પીવાના ચોખ્ખા પાણીની સુવિધા ઉપલબ્ધ નહીં હોય કે સ્થાનિક કે પ્રાદેશિક સ્તરે પાણીની વ્યાપક અછત નહીં વર્તાઈ રહી હોય. પરંતુ આ સમસ્યાઓ મુખ્યત્વે પાણીની ભૌતિક અછતને કારણે એટલી નથી જેટલી પાણીના યોગ્ય વ્યવસ્થાપનના અભાવને કારણે અને ઘણી વાર નાણાંની તંગીને કારણે છે.

## શું ભવિષ્યમાં પરિસ્થિતિ વધારે વણસશે ?

પાણીની કટોકટીની ચર્ચામાં સૌથી મોટો ભય એ વ્યક્ત થઈ રહ્યો છે કે આવનારા દિવસોમાં પરિસ્થિતિ વધારે ખરાબ થવાની છે. દુનિયાની વસતિ વધતી જશે, જ્યારે વરસાદની માત્રામાં ખાસ કોઈ વધારો નહીં

થાય. એટલે પાણીની માથાદીઠ ઉપલબ્ધતા ઓછી થતી જશે. ફાલ્કન માર્કના ઈન્ડેક્ષના આધારે વધારે ને વધારે દેશો પાણીની કાયમી અછત અનુભવતા થઈ જશે. કોષ્ટક-૧માં દર્શાવ્યું છે તેમ પાણીની અછત અનુભવતા દેશોના લોકોની ટકાવારી ૨૦૦૦માં ૩.૭ ટકા હતી તે ૨૦૨૫માં વધીને ૮.૬ ટકા અને ૨૦૫૦માં ૧૭.૮ ટકા થવાની સંભાવના છે.

પરંતુ અહીં એ નોંધવું જરૂરી છે કે વધારે લોકો એટલે ઓછું પાણી એવું જે સમીકરણ બાંધીએ છીએ તે કાંઈ આગાહી નથી, કે નથી પ્રોજેકશન. એ તો માત્ર એટલું જ દર્શાવે છે કે જો પાણીના વ્યવસ્થાપનમાં કોઈ સુધારો નહીં થાય, તો વધારે ને વધારે લોકો પાણીની અછત અનુભવશે. પરંતુ એમ માનવાને કોઈ કારણ નથી કે વધતી અછતની સાથે આપણે પાણીની વહેંચણી અને તેના વપરાશમાં કોઈ સુધારો નહીં કરીએ. પાણીનો મોટાભાગનો વપરાશ ખેતીમાં થતો હોવાથી તેના વપરાશની કાર્યક્ષમતા સુધારવાને ઘણો મોટો અવકાશ રહેલો છે. મોટાભાગની સિંચાઈ યોજનાઓમાં ૬૦ કે ૮૦ ટકા જેટલા પાણીનો બગાડ થાય છે. ઈઝરાયેલના ઉદાહરણને અનુસરીને ટપક પદ્ધતિ અપનાવીને ભારત, જોર્ડન, સ્પેઈન અને અમેરિકા જેવા વિવિધ દેશોમાં પાણીનો વપરાશ ૩૦ થી ૭૦ ટકા જેટલો ઓછો કરી શકાયો હોવાના અને સાથે સાથે ઉત્પાદન ૩૦ થી ૯૦ ટકા જેટલું વધારી શકાયું હોવાના દાખલા નોંધાયા છે. તે જ પ્રમાણેના અભ્યાસોમાં એમ પણ જણાયું છે કે ઉદ્યોગો પણ વધારાનો ખાસ ખર્ચ કર્યા વગર એમનો પાણીનો વપરાશ ૩૦થી ૯૦ ટકા જેટલો ઘટાડી શકે છે અને ઘરવપરાશના પાણીમાં પણ ખાસ્સી બચત કરી શકાય એમ છે. યુરોપના દેશોમાં પણ પાણી પુરવઠા યોજનાઓમાં ૧૦ થી ૩૦ ટકા જેટલું લીકેજ જોવા મળે છે. સ્પષ્ટ છે કે વિકાસશીલ દેશોમાં તો એ લીકેજનું પ્રમાણ એનાથી ખાસ્સું વધારે જોવા મળે.

પાણીનો બગાડ થઈ રહ્યો છે તેનું એક કારણ એ છે કે ઉપભોક્તાઓ પાસેથી એની યોગ્ય કિંમત વસૂલ કરવામાં નથી આવતી. અહીં આપણે એક સંસાધન તરીકે પાણીની કિંમત નક્કી કરવાની વાત નથી કરતા. પરંતુ ઘર, ખેતર કે કારખાના સુધી પાણી પહોંચાડવાનો જે ખર્ચ થાય તેની વસૂલીની જ વાત કરીએ છીએ. મોટાભાગની સિંચાઈ યોજનાઓમાં તો સામાન્ય ઓપરેશનલ અને મેઈન્ટેનન્સ ખર્ચ પણ વસૂલ નથી કરી શકાતો. એટલે પછી બંધ અને નહેરોના બાંધકામમાં થયેલ મૂડીખર્ચ વસૂલ કરવાનો પ્રશ્ન જ ક્યાંથી ઊભો થાય? સિંચાઈ માટેના પાણીના દર પણ પાણીના વપરાશના આધારે નક્કી નથી કરાતા, પરંતુ પાકના આધારે નિશ્ચિત ફ્લેટ રેટ નક્કી કરવામાં આવે છે. એ દર પણ ખાસ્સો ઓછો જોવા મળે છે. અને ઘણી વાર તો આ ઓછો દર પણ ખેડૂતો પાસેથી વસૂલ નથી કરી શકાતો. આની સીધી અસર એ થાય છે કે વધારાનું પાણી વાપરવું ખરેખર લાભકારક નહીં હોય ત્યાં પણ ખેડૂતો એ વાપરશે, કારણ કે એમને તો એ મફત જ મળે છે. આ ઉપરાંત રખરખાઉનો ખર્ચ પણ નીકળતો નહીં હોવાને કારણે આ યોજનાઓ નાણાંકીય અને સંસ્થાકીય રીતે બિનટકાઉ બની જાય છે અને કાળક્રમે સામાન્ય મરમ્મતનાં કામો પણ થતાં નથી, જેને પરિણામે લીકેજ વધે છે અને ખેડૂતોને સમયસર નિયમિત પાણી નથી મળતું. આમ, આ સિંચાઈ યોજનાઓ પણ સહિયારાં સંસાધનોની કરુણાંતિકાનું એક ઉદાહરણ પૂરું પાડે છે.

આપણા જેવા વિકાસશીલ દેશોમાં આ સમસ્યા વધારે ગંભીર છે. વિકાસશીલ દેશોમાં ૯૦ ટકા જેટલું પાણી સિંચાઈ માટે ઉપયોગમાં લેવામાં આવે છે, જ્યારે વિકસિત સમૃદ્ધ દેશોમાં માંડ ૩૭ ટકા જેટલું જ પાણી ખેતી માટે વપરાય છે.

આ જ વાત ઘરવપરાશ તેમજ ઉદ્યોગો માટે પાણી પૂરું પાડનારી પાણી પુરવઠા યોજનાઓને પણ લાગુ પડે છે. અહીં પણ પાણીના ઉપયોગની કાર્યક્ષમતા વધારવાની ઘણી ગુંજાઈશ રહેલી છે. મનીલામાં પાણી પુરવઠાનું ૫૮ ટકા જેટલું પાણી લીકેજ થઈ જાય છે અથવા તો ચોરાઈ જાય છે. લેટિન અમેરિકામાં એ આંકડો ૪૦ ટકા છે. પાણીની વાજબી કિંમત નક્કી કરવામાં આવે અને ગ્રાહકોને વપરાશના આધારે કિંમત ચૂકવવાની થાય તો તેઓ એના ઉપયોગ બાબતે વધારે સભાન બને અને બગાડ ઘટાડે.

પાણી પૂરું પાડવાની યોગ્ય કિંમત વસૂલ કરવામાં આવે તો ભવિષ્ય માટેનો પાણી પુરવઠો તો સુનિશ્ચિત થશે જ, પરંતુ સાથે સાથે સમાજની સામાન્ય કાર્યક્ષમતા પણ વધશે. ખેતી કે ઘરવપરાશ માટે સાવ સસ્તું કે મફત પાણી પૂરું પાડવામાં આવે તે એક પ્રકારની સબસીડી જ છે. અમેરિકામાં ખેડૂતોને અપાતી પાણીની સબસીડીનો અંદાજ વાર્ષિક ૩.૫ અબજ ડૉલરનો છે. આપણા જેવા વિકાસશીલ દેશોમાં તો આ આંકડો એનાથી ઘણો વધારે છે. એક અંદાજ મુજબ વૈશ્વિક સ્તરે શહેરોને અપાતી પાણીની સબસીડી ૨૨ અબજ ડૉલર જેટલી છે અને ખેતી માટે અપાતી સબસીડી ૨૦થી ૨૫ અબજ ડૉલર જેટલી છે.

ટૂંકમાં, એ સાચું છે કે વધતી વસતિની સાથે પાણીની માંગ પણ વધશે અને એને પરિણામે વધારાના ૨૦ ટકા જેટલા લોકો પાણીની અછતનો સામનો કરશે. પરંતુ આ અછત દૂર કરી શકાય એમ છે. એના ઉકેલમાં પાણીની યોગ્ય કિંમત મહત્ત્વનો ભાગ ભજવી શકે એમ છે, જેના પરિણામે

પાણીનો બગાડ અટકશે. બીજા ઉપાયોમાં અનાજની આયાત, તેમજ શક્ય હોય ત્યાં પાણીના સંગ્રહ અને વહન માટેની કાર્યક્ષમ યોજનાઓના વિકાસને મૂકી શકાય. આ ઉપરાંત ડીસેલીનેશનનો ઉપાય પણ છે, જે પાણીની કારમી અછતવાળા પ્રદેશોમાં પીવા તેમજ ઘરવપરાશ માટે મર્યાદિત પાણી પૂરું પાડી શકે.

## શું પાણી માટેના સંઘર્ષો વધશે ?

પાણીની યોગ્ય કિંમત એ પાણીની સમસ્યાનો કેન્દ્રીય સવાલ છે. પાણી જ્યારે મફત મળે ત્યારે આપણે જેટલું વાપરી શકાય એટલું વાપરીએ. સમૃદ્ધિ વધતી જાય એમ વપરાશ પણ વધતો જાય અને લોકોની સંખ્યા વધતી જાય તેમ તેમ આપણને અછત વર્તાવા લાગે. આ પરિસ્થિતિમાં પણ પાણી તો મફત જ મળવું જોઈએ એમ માનીને ચાલીએ ત્યારે સમસ્યા પેદા થાય છે. પાણીનો ઉપયોગ ક્યાં અને કઈ રીતે કરવો એની અગ્રિમતાઓ નક્કી કરવી પડશે. શું આપણે વધારે અનાજ પેદા કરવા માટે વધારે પાણી વાપરવું જોઈએ? કે પછી શહેરોને વધારે પાણી પૂરું પાડીને ખેતીમાં પાણીના વપરાશની કાર્યક્ષમતા વધારવી જોઈએ? શહેરો તેમજ ખેતી એ બન્નેના વપરાશમાં યોગ્ય કિંમતો નક્કી કરવામાં આવે તો કાર્યક્ષમ વહેંચણી એની મેળે થવા માંડે.

પાણીને મર્યાદિત સંસાધન તરીકે ગણવામાં આવે તો એનું મૂલ્ય વધશે. એનો અર્થ એ પણ થાય કે જુદા જુદા દેશો તેમની વચ્ચેના પાણીની વહેંચણી વિશે પણ વધારે સભાન બને. એના પરિણામે દેશો વચ્ચેના સંબંધમાં પાણીના સવાલ પર તનાવો પણ વધી શકે. આમ જુદા જુદા અનેક સવાલો ઉપર દેશો વચ્ચેના સંઘર્ષની સ્થિતિ પ્રવર્તી રહી છે, તેમાં પાણીનો સવાલ પણ ઉમેરાય. પરંતુ આનો અર્થ એ હરગિજ નથી કે હવે પછીનાં યદ્ધો તેલ માટે નહીં પરંતુ પાણી માટે થશે.

અત્યાર સુધીના આંતરરાષ્ટ્રીય સંઘર્ષોના એક અભ્યાસ અનુસાર ૧૯૧૮ થી ૯૪ સુધીનાં કુલ ૪૧૨ છમકલાંઓમાંથી માત્ર સાત જ કિસ્સાઓમાં પાણીના સવાલે આંશિક ભૂમિકા ભજવેલી. એમાં પણ ત્રણ સંઘર્ષોમાં તો ઉભયપક્ષે એક પણ ગોળી છૂટી નહોતી. આમાંની એકેય કટોકટી એવી નહોતી જેને યુદ્ધ કહી શકાય. હકીકતમાં અત્યાર સુધીમાં પાણીના પ્રશ્ને એક પણ યુદ્ધ ખેલાયું નથી. તો બીજી બાજુ જુદા જુદા દેશો વચ્ચે પાણીની વહેંચણી માટે અત્યાર સુધીમાં ૩૬૦૦ જેટલી આંતરરાષ્ટ્રીય સંધિ થયેલી છે અને એ તમામ સંધિઓનું યોગ્ય પાલન થઈ રહ્યું છે.

હકીકત તો એ છે કે પાણીના પ્રશ્ને યુદ્ધ કરવાથી કોઈને સરવાળે ખાસ લાભ નથી થતો. એનો ઉદ્દેશ્ય શું હોય? ફક્ત નીચેવાસના દેશોને જ એ કરવાની જરૂર પડે. ઉપરવાસના દેશો એમના પાણીને બીજે વાળી ન દે કે પ્રદૂષિત ન કરે એના પર તેઓ હંમેશા મીટ માંડી રાખે. પરંતુ એ માટે જો યુદ્ધ કરવું હોય તો એમાં તો ઉપરવાસના દેશોનો કાયમી કબજો કરવો પડે અને આખા વૉટરશેડના લોકોને ત્યાંથી હાંકી કાઢવા પડે. આવું યુદ્ધ અત્યંત ખર્ચાળ તો સિદ્ધ થાય જ, સાથે સાથે બીજી અનેક પળોજણો પેદા કરે. જ્યારે એના કરતાં તો દરિયાનું ખારું પાણી શુદ્ધ કરવાનું ઘણું વધારે સસ્તું પડે. ઈઝરાયલના રક્ષા મંત્રાલયના એક વિશ્લેષણ મુજબ પાણી માટે યુદ્ધે ચઢવાનો કોઈ ફાયદો નથી. એક અઠવાડિયાના યુદ્ધની કિંમતમાં તો ડિસેલીનેશનના પાંચ પ્લાન્ટ ઊભા કરી શકાય. જાનમાલને કોઈ નુકસાન ન થાય, આંતરરાષ્ટ્રીય દબાણનો સામનો ન કરવો પડે અને કાયમ માટે પાણીનો નિશ્ચિત પુરવઠો મળી રહે, જેને દુશ્મન દેશની સરહદમાં જઈને રક્ષવો ન પડે. આ ઉપરાંત ઉપરવાસના દેશો માટે પણ પાણી પ્રશ્ને નીચેવાસના દેશો સાથે સમજૂતી સાધવામાં જ લાભ છે. તેમને બંધોમાંથી વીજળી મળે છે અને નીચેવાસના દેશોને સિંચાઈ માટે નિયંત્રિત પાણી મળે છે. આ જ કારણોસર પાણીની વહેંચણી બાબતે જુદા જુદા દેશો વચ્ચે ખાસ્સો સહકાર જોવા મળ્યો છે - વિયેટનામ યુદ્ધ ચાલુ હતું ત્યારે પણ પાણીની વહેંચણી માટેની મેકોંગ કમિટિ કાર્યરત હતી. તે જ પ્રમાણે ૩૦ વર્ષના ઔપચારિક યુદ્ધ દરમિયાન પણ ઈઝરાયેલ અને જોર્ડન વચ્ચે પાણી અંગે ગુપ્ત મંત્રણાઓ ચાલતી રહેતી હતી અને આપણે ત્યાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્રણ યુદ્ધો થયાં છતાં હજી સુધી સિંધુ નદીના પાણીની વહેંચણીની સંધિ કાયમ રહી છે અને એને કોઈ ખાસ આંચ આવી નથી.

ટૂંકમાં, પાણીની કટોકટી જો કાંઈ સૂચવી રહી હોય તો એ જ છે કે એનું વ્યવસ્થાપન વધારે સારી રીતે કરવાની જરૂર છે અને એની યોગ્ય કિંમત નક્કી કરવાની જરૂર છે. પાણીની કટોકટી એ કંઈ પાણી ખૂટી પડવાની કટોકટી નથી, એ તો એના યોગ્ય વ્યવસ્થાપનની કટોકટી છે, જેને કારણે પૂરતું પાણી હોવા છતાં કરોડો લોકો અને પર્યાવરણને કારણ વગર સહેવું પડે છે.

લોમ્બોર્ગની આ રજૂઆતમાં વૈશ્વિક સ્તરે વ્યાપક પરિસ્થિતિનો તો કયાશ મળે છે. પાણીના યોગ્ય વ્યવસ્થાપનમાં તેની કિંમત મહત્ત્વનો ભાગ ભજવી શકે એમ છે તેનો પણ ખ્યાલ આવે છે. પરંતુ પ્રાદેશિક કે રાષ્ટ્રીય સ્તરે સપાટી પરના પાણી તેમજ ભૂગર્ભજળને લગતા વ્યવસ્થાપનના પ્રશ્નો ક્યા છે, તેમના ઉકેલ માટે શું કરી શકાય એમ છે, વગેરે બાબતોનું સ્પષ્ટ ચિત્ર નથી મળતું. આમ થાય એ સ્વાભાવિક છે. છતાં, સ્થાનિક સ્તરના આ પ્રશ્નો ઘણા મહત્ત્વના છે. એની ચર્ચા આપણે ગુજરાતની પાણી સમસ્યાના સંદર્ભમાં આગામી અંકોમાં કરીશું. ■

# ભૌતિક સુખાકારીનો વિકાસ ટકાવી રાખી શકાય ખરો?
# એક પ્રતિતર્ક

**- અનિલ પટેલ**

*In the early 1970s, the leading edge of the age of scarcity arrived. With it came a clearer look at the future, revealing more of the nature of the dark age to come.*

*Paul Ehrlich (1974)*

*That we are entering an age of scarcity in which our finite resources are running out, that our environment is becoming more polluted and that population growth threatens our civilization and our lives – such propositions are continually repeated with no more evidence than that "everyone knows" they are true.*

*Julian Simon (1981)*

*The twenty-first century may be the first era in the history of humanity that natural resource scarcity ceases to act as significant constraint on economic growth.*

*Stephen Moore (1995)*

સુદર્શન આયંગાર - નિમિષા શુક્લએ ખોજ (મે-જૂન ૨૦૦૫) ના અંકમાં ''ભૌતિક સુખાકારીનો વિકાસ ટકાવી રાખી શકાય ખરો?'' (હવે પછી ''ભૌતિક સુખાકારી'') માં ઘણા પાયાના મુદ્દાઓની ચર્ચા છેડી છે. અંબરીશે છેડેલી પર્યાવરણની સમસ્યાઓની ચર્ચામાં તે એક કાઉન્ટર પોઇન્ટ ઊભું કરે છે.

૧૯૭૨માં ક્લબ ઓફ રોમનો "The Limits to Growth" નામે અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો. તેમાં કોમ્પ્યુટર મોડેલિંગનો ઉપયોગ કરીને નિષ્કર્ષ કાઢવામાં આવ્યો કે જો વસ્તી, ઉદ્યોગીકરણ, પ્રદૂષણ, અનાજ ઉત્પાદન અને સંસાધનોના ઘસારાનો દર વધતો જ જાય તો આગામી થોડા દશકામાં જ આ વધારાની એક મર્યાદા આવી જશે અને બધું તૂટી પડશે. ઘણા આશાવાદીઓએ અહેવાલની ધારણાઓ, અંદાજો અને નિષ્કર્ષોને પડકાર્યાં, જેમાં જુલિયન સાયમન મુખ્ય રહ્યા. આ આશાવાદીઓ સાથે રહેનારાઓનો એ મત રહ્યો કે વ્યક્તિઓને કોઈ પણ જાતની રોકટોક વગર સંપત્તિ ભેગી કરવા દેવી જોઈએ અને સરકારે લોકોની પીઠ ઉપરથી ઊતરી જવું જોઈએ.

હરમન ડેલીએ સાયમનના 'સંસાધનોની અમર્યાદિતતા'ના દાવાને તથા તેના ગાણિતિક તેમજ અનુભવમૂલક (empirical) તર્કોને પડકાર્યા. 'ભૌતિક સુખાકારી'ના લેખકોએ હરમન ડેલીના આ રદિયાને જેમનો તેમ સ્વીકારી લીધો છે. ડેલીએ સાયમનના The Ultimate Resourceના તર્કને વિગતવાર તપાસ્યો છે કે નહીં તે અમે જાણતા નથી, પરંતુ લેખકોએ સાયમનના તર્કને તો તપાસ્યા વગર જ નકાર્યો છે.

ડેલી સાયમનની કહેવાતી અનુભવમૂલક દલીલને તોડતાં કહે છે કે 'સાયમનનો આધાર સંસાધનોની અનંત અવેજીના સિદ્ધાંત ઉપર છે. આ શક્ય નથી, કારણ કે કોઈ એક સંસાધન જેમ કે, તાંબું જ મર્યાદિત છે એવું નથી, બધાં જ સંસાધનો મર્યાદિત છે. એટલે તાંબાની અવેજીમાં

બીજાં સંસાધનો વાપરીએ તો પણ છેવટે બધાં જ સંસાધનોનો જથ્થો મર્યાદિત હોવાથી સંસાધનોની અમર્યાદિતતા સિદ્ધ થઈ શકતી નથી'. ડેલીનો આ તર્ક કેવી રીતે અનુભવમૂલક છે તે સમજાતું નથી. સાયમનનો અનુભવમૂલક તર્ક સાચે જ અનુભવમૂલક છે તે આપણે જોઈશું. ડેલી ત્રીજો તર્ક પણ યોજે છે, પણ તેને હાલની ચર્ચાનો મુદ્દો નહીં બનાવીએ. Limitsની મર્યાદિત સંસાધનોની થિસિસમાંથી જ ટકાઉ વિકાસનો વિચાર નીકળ્યો છે, જેને બ્રુન્ટલેન્ડ કમિશને સુગ્રથિત સ્વરૂપમાં Our Common Futureમાં મૂક્યો છે. આ વખતની ચર્ચા મર્યાદિત સંસાધનો ઉપર જ કેન્દ્રિત કરી છે. બીજી વખત ટકાઉ વિકાસની ચર્ચા કરીશું.

૧૯૭૨માં Limits બહાર પડ્યું કે તરત જ અનેક આલોચકોએ તેની વિગતવાર ટીકાઓ કરેલી. તેની અવધારણાઓ અને તેનાં તારણો પડકારાયેલાં. તેના મોડેલ્સ ટકી શકે એમ નથી એમ કહેવાયેલું. આ આલોચનાઓ સહેલાઈથી ઉપલબ્ધ છે. સાયમનની ટીકાઓ તો છેક ૧૯૮૧માં The Ultimate Resourceમાં પ્રસિદ્ધ થઈ. Limits માં વર્તારા કરવામાં આવેલા કે પુનઃઅપ્રાપ્ય સંસાધનો ખૂટી પડશે. જેમ કે સોનું ૧૯૮૧ સુધીમાં; પારો ૧૯૮૫ સુધીમાં; કલાઈ {Tin} ૧૯૮૭ સુધીમાં; ઝીંક ૧૯૯૦ સુધીમાં; પેટ્રોલિયમ ૧૯૯૨ સુધીમાં; તાંબું, સીસું અને કુદરતી ગેસ ૧૯૯૩ સુધીમાં ખૂટી પડશે. રિપોર્ટ પ્રસિદ્ધ થયા પછીનાં ૨૦ વરસોમાં આ બધી જ આગાહીઓ ખોટી પડી. લેખકો આ બધી જ આલોચનાઓને અવગણીને Limitsને કેમ બિરદાવે છે તે સમજાતું નથી.

Limitsની પ્રસિદ્ધિ પછી ચાર વરસમાં જ કલબના એક સંસ્થાપકે જાહેરમાં એકરાર કર્યો કે એ અહેવાલ ભૂલભરેલો છે. વળી અહેવાલની થિસિસથી ઊલટી જ ભલામણ કરી કે 'વિકાસનો દર વધારો'. આવી ગુલાંટ મારવાનું કારણ? એ ઈટાલિયન ઉદ્યોગપતિએ એકરાર કર્યો કે Limitsનો ખરો હેતુ સામાન્ય લોકોને આંચકો આપવાનો હતો જેથી તેઓ એવી આત્મતુષ્ટિમાં રચ્યાપચ્યા ન રહે કે વિકાસનો દર અનંતકાળ સુધી ચાલુ રહેશે. એ હેતુ સધાઈ ગયો પછી અમારું ધ્યાન ગરીબ અને અમીર દેશો વચ્ચેની ખાઇને ઓછી કરવાનું હશે. પહેલાં ગણતરીપૂર્વકનું જુઠાણું, પાછળથી સાચનો સ્વીકાર કે પહેલું સાચું અને પછીનું જુઠાણું આ નકકી કરવાનું હવે અશકય છે. 'દુનિયાને બચાવી લેવાના' ઉમદા ધ્યેયથી દોરવાતી આવી સમૃદ્ધ અને પ્રતિષ્ઠિત સંસ્થાને છોછ કે હિચકિચાટ નથી કે આવું મોટું જુઠ્ઠાણું તેઓ વિચારપૂર્વક આચરી રહ્યા છે. દુનિયાને બચાવવાની સૌથી મોટી ઢાલ તો વિશ્વસનીયતાની છે, તેનો જ તેઓએ ખાતમો બોલાવ્યો. સમાજ સમક્ષના અસંખ્ય પ્રશ્નોની બધી જ સમજ બધાને હોઇ ના શકે. સમસ્યાઓના વિશ્લેષણો અને તથ્યો માટે આવી સંસ્થાઓ ઉપર જ બધા વિશ્વાસ મૂકે. એકબીજા ઉપરનો વિશ્વાસ એ સૌથી મોટી મૂડી છે. તેની ઉપર જ ઘા!

પણ ત્યાર પછી જે બન્યું તે વધારે ચોંકાવનારું છે. Limitsના વર્તારા ખોટા પડ્યા પછી, તેના સંસ્થાપકના એકરાર પછી પણ ત્યાર પછીની પેઢીના પર્યાવરણવિદોએ Limitsને પ્રમાણભૂત ગ્રંથ તરીકે સ્થાન આપ્યું છે. ૧૯૯૨ સુધીમાં Limitsની ૯૦ લાખ નકલો વેચાઇ ગઈ, લગભગ ૨૬ ભાષામાં તેનાં ભાષાંતરો થયાં. વધારે તાજજુબીની વાત તો એ છે કે Limitsનાં ૩૩ વર્ષ પછી 'ભૌતિક સુખાકારી'માં તેની થિસિસ વિશ્વસનીય ગણાઈ છે, સ્વીકારાઈ છે. તેની ટીકાઓ ભુલાઈ જવાઈ છે. સંસાધનોની મર્યાદા પ્રસ્થાપિત કરવા તેને જ આધારશીલા બનાવાઈ છે. Limitsની થિસિસને પડઘાવવામાં બેરી કોમનર જેવા નામાંકિત પર્યાવરણવિદો પણ જોડાયા છે, તો પ્રેસિડન્ટ કાર્ટરે ૧૯૮૭માં કમિશન કરેલો અહેવાલ Global 2000 પણ ખરો જ. Limitsની થિસિસ વારંવાર આગળ કરવામાં આવે છે, તેનું રહસ્ય ઘૂંટાતું જ જાય છે.

હરમન ડેલીએ તો કહી દીધું કે હાલનો વસ્તીવધારો ચાલુ જ રાખવાનો હોય, સંસાધનોનો બેફામ ઉપયોગ પણ ચાલુ રાખવાનો હોય તો અનંત કાળ સુધી આ પ્રક્રિયા ચાલુ રાખવા વિજ્ઞાનીઓએ પૃથ્વીના વ્યાસમાં વધારો કરવો રહ્યો. સર્વનાશના વર્તારા કરનારાઓ આખરે એક તર્ક ઉપર આવીને અટકી જાય છે. પૃથ્વી સિમિત કદની છે એટલે સંસાધનોનો જથ્થો પણ સિમિત જ હોય. આ આખરી તર્ક બને છે.

જુલિયન સાયમન અને ત્યાર પછીના અનેક વિચારકોએ આ અકાટ્ય લાગતા તર્ક સામે બાથ ભીડી છે. The Ultimate Resourceમાં સાયમને ખીચોખીચ તર્ક અને હકીકતો આપી છે, તે બધાંને લેખકોએ કેમ ટાળ્યા હશે તેનું આશ્ચર્ય શમતું જ નથી.

છેક પુરાણા કાળથી સંસાધનો 'ખૂટવામાં છે' ની બૂમો ઉઠ્યા કરી છે અને પરિસ્થિતિ જુદી જ ઊભી થયા કરી છે. ૧૮૬૫માં જાણીતા બ્રિટીશ અર્થશાસ્ત્રી સ્ટેન્લી જેવન્સે ભાખેલું કે બ્રિટનમાં કોલસો ખલાસ થવામાં છે, તેના ઉદ્યોગો બધા જ બંધ પડી જશે. ૧૮૬૩ થી ૧૯૭૫ સુધીમાં અમેરિકાની જુદી જુદી સરકારોએ વારંવાર વર્તારા જાહેર કરેલા કે પેટ્રોલ ખૂટી પડવામાં છે. આ સિવાય બીજા ધુરંધરોએ કયામતની આગાહીઓ કરેલી છે અને બધી જ ખોટી પડી છે. ''બધું જ ખૂટી પડશે''નું આક્રંદ કરનારાઓએ હંમેશા એ જ ભૂલો કરી છે જે Limits,

Global 2000 જેવા અહેવાલોએ કરી છે. આમ કેમ? આ સમજવા સાયમનનો તર્ક સમજીએ.

સામાન્ય જન એમ અંતઃસ્ફુરણાથી માને કે સાયકલ, રમકડાં, વગેરે ખૂટી નહીં પડે કારણ કે મનુષ્ય-કૌશલ્ય અને શ્રમ તેમાં મુખ્ય છે, સંસાધનોનો ઉપયોગ ગૌણ છે. મનુષ્ય-કૌશલ્ય ખૂટી પડશે તેવું કોઈ માનતું નથી. જ્યારે તાંબું, ઝીંક, વગેરે કુદરતી સંસાધન છે. સારું ખનીજ પહેલાં વપરાઇ જશે એટલે હલકાં ખનીજો તરફ આપણે વળવું પડશે. ધાતુઓને કાઢવાનો ખર્ચ વધશે અને ધાતુઓની કિંમત વધશે. બીજા શબ્દોમાં ખનીજ વપરાતું જાય તેમ ધાતુઓની કિંમત વધતી જાય. સામાન્ય બુદ્ધિને ઝટ સમજાતો આ તર્ક છે.

પરંતુ વાસ્તવિક હકીકતો સાથે આ તર્ક સીધો જ ટકરાય છે. ઐતિહાસિક રૂખોને તપાસીએ તો જોવા મળે છે કે બધી જ ધાતુઓ અને સંસાધનો સમય જતાં મોંઘાં થવાને બદલે સસ્તાં થતાં જાય છે. ધાતુઓનો જથ્થો ઘટતો જવાને બદલે વધતો જાય છે. થિયરી ભાખે છે એક, અને વાસ્તવિકતા (અનુભવમૂલક પુરાવા) દેખાડે છે બીજું. થિયરીને નકારવી જ પડે. સુધારેલી થિયરીમાં ''સંસાધનોના જથ્થા''ના વિચારને સમજવા માટે આર્થિક દૃષ્ટિબિંદુ અપનાવવું પડે. આ આર્થિક દૃષ્ટિબિંદુ શી ચીજ છે? આખી વાતનો હાર્દ સમજવા એ પકડાવું જોઈએ કે સંસાધનો શબ્દ એ અર્થશાસ્ત્રની થિયરીમાં ઊંડે ખૂંપેલો વિચાર છે. પદાર્થનો ટુકડો કોઇને પથ્થર લાગે, તો કોઈ તેને ઉપયોગી ખનીજ તરીકે જુએ અને વિચારે કે ટેકનોલોજી અને આર્થિક દૃષ્ટિએ તેમાંથી ધાતુનું ઉત્પાદન થઈ શકે કે નહીં. આ જ આર્થિક દૃષ્ટિબિંદુ બને. સમાજની ઉત્પાદન-ઉપભોગની બધી જ ગતિવિધિઓમાં આ દૃષ્ટિબિંદુ હોય જ.

બીજો શબ્દ ''અછત'' છે. કોઈ પણ ધાતુની અછત હોય તેનો શું પુરાવો હોય? અછતને જાણવાની કસોટી કે માપદંડ કયા? કોઠીમાંની બાજરી ઓછી થવા માંડે અને એક દિવસ કોઠી ખાલી થઇ જાય ત્યારે અછત ઊભી થઇ કહેવાય? વ્યવહારમાં આવું જોવા મળતું નથી. કોઠી ખાલી થતી જાય તેમ બીજી બાજરી ઉમેરાતી જાય છે. દુકાનોમાં છાજલી ઉપરનો માલ સામાન્ય રીતે સદંતર અદશ્ય થતો નથી. (સિવાય કે સમાજવાદી દેશોમાં.) છાજલીઓ ખાલી થઇ જાય તે પહેલાં તે ચીજો વેચનારા કે બનાવનારાઓ ભવિષ્યમાં ઊંચા ભાવે વેચવાની આશાએ ચીજોનો સંગ્રહ કરી લે છે. આમ ચીજો સાવ અદશ્ય થતી નથી, ઊંચા ભાવે મળે છે. અછતનો માપદંડ આમ વધતા ભાવોનો છે. ભાવોની પ્રક્રિયા થોડી અટપટી છે, પરંતુ એકદમ તાર્કિક છે અને સહજ પ્રયત્ને સમજી શકાય એમ છે. તેની વિગતોમાં જતા નથી.

સામાન્ય માનવી પૃથ્વીના પેટાળમાં સંસાધનો ખૂટી પડયાં છે કે નહી તેની ગડભાંજમાં પડતો નથી. તે તો ચીજવસ્તુઓના ભાવ નજરમાં રાખે છે. ભાવો ઉપરથી જ ચીજની અછત છે કે નહીં તે સમજે છે. આ અર્થશાસ્ત્રીય દૃષ્ટિ છે. છત-અછતનો માપદંડ ભાવો છે. પરંતુ જે તે ચીજના ભાવને કોઈ એક નિશ્ચિત બેંચ માર્કની સરખામણીમાં જ જોવા પડે છે. આવા બે બેંચ માર્ક છે. એક - ઉપભોક્તા ભાવાંક {Consumer Price Index – CPI} અને બીજો વધુ સંવેદનશીલ બેંચ માર્ક છે જે તે સમયનો વેતનદર.

બજારના ભાવોને અછતનો માપદંડ ગણવામાં ઘણાને અકળામણ થાય છે. બજાર ઉપર બધું છોડી દેવામાં માનવ-બુદ્ધિનો ત્યાગ ઘણાને લાગે છે. બજારના ભાવો સૌથી શ્રેષ્ઠ છે તેની ચર્ચા ભાવોની રૂખની ચર્ચામાં હવે પછી કરીશું.

સાયમને અનેક સંસાધનોના ભાવોની ઐતિહાસિક રૂખો આપણી સમક્ષ મૂકી છે અને પ્રતીતિજનક રીતે બતાવ્યું છે કે સમયના જવા સાથે, સંસાધનોના વધતા જતા વપરાશ સાથે, વસતીના વધારા સાથે, સંસાધનોના ઉપભોક્તા-ભાવાંક સાપેક્ષ કે વેતન સાપેક્ષ ભાવો પડતા જ જાય છે. સંસાધનોની છત ઊભી થતી જાય છે!

- સાયમને અને મૂરે બતાવ્યું છે કે તાંબુ, પારો, એલ્યુમીનિયમ, સીસું, નીકલ, ચાંદી, ઝીંક, એન્ટીમની, ટંગસ્ટન, મેગ્નેશીયમ જેવી પુનઃઅપ્રાપ્ય કહેવાયેલી બધી જ ધાતુઓના ભાવો ઘટતા જ જાય છે.

- વધારે નક્કર માહિતી આપતાં સાયમન કહે છે કે ૧૯૫૦માં ટીન, મેંગેનીઝ, સીસું, ઝીક, તાંબુ, લોઢું, ખનીજ તેલ, ફોસ્ફરસ, બોકસાઇટ જેવાં સંસાધનોના ભંડારો જેટલા હતા તેના કરતાં ૧૯૯૦માં વધી ગયેલા કે અમુક કિસ્સામાં જેટલા હતા એટલા જ રહ્યા હતા. આ સમયગાળામાં વસતીમાં અને ઔદ્યોગિક ઉત્પાદનમાં અભૂતપૂર્વ વધારો થયેલો.

- લોમ્બોર્ગે આ તો બતાવ્યું જ છે. સાથે એ પણ કહ્યું છે કે વિશ્વના કુલ ઘરેલુ ઉત્પાદનમાં પુનઃ અપ્રાપ્ય સંસાધનોનો ફાળો માત્ર ૧.૧% નો છે. બધાં જ સંસાધનોની મા ઊર્જા છે. અંબરીશે (ખોજ ૨)માં આ પ્રશ્ન ચર્ચ્યો જ છે. જો ઊર્જા અમર્યાદિત જથ્થામાં અને સસ્તા

ભાવે મળવાની હોય તો બીજાં સંસાધનોની મર્યાદાનો સવાલ જ નથી. (પ્રદૂષણ, કાર્બન ડાયોકસાઈડનો ભરાવો, કચરાનો નિકાલ વગેરે સમસ્યાઓ ધ્યાનમાં છે. અંબરીષની લેખમાળામાં તેની ચર્ચા આવી રહી છે.)

સંસાધનો વપરાતાં જાય તેમ વધે અને ભાવો ઘટે, એવું વિચિત્ર દૃશ્ય કેમ ઊભું થાય છે?

મોટાભાગના લોકોને મન સંસાધનો એટલે પૃથ્વીના પેટાળમાં દાટેલો એક ખજાનો છે. સમય જતાં આ ખજાનો વપરાઈ જ જવાનો છે. નીવડેલા અનામતના ભંડારો {known કે proven reserves of resources}નો વિચાર બધા ઉપર હાવી છે. આ ભંડારનો જથ્થો કાઢવાની એક રીત ઈજનેરી છે. ભંડારનો કુલ કયાસ કાઢીને, વર્તમાન વાર્ષિક વપરાશના દરથી ભાગતાં જે આંકડો આવે તેટલા વર્ષનો ભંડાર કહેવાય. આ પદ્ધતિમાં જથ્થો બધી જ રીતે સ્થિર {static} છે.

બીજી રીત છે અર્થશાસ્ત્રની. આ રીતમાં બજારભાવોની રૂખ જોવામાં આવે છે. આ રૂખને નક્કી કરતાં પરિબળોની સમજ મેળવવામાં આવે છે અને તે પછી તેનું અર્થઘટન કરવામાં આવે છે. ભવિષ્યમાં તે અનુસાર તેને લંબાવવામાં આવે છે (projection). ઈજનેરી રીત ઠોસ અને અંદરથી જ સંતોષકારક લાગ્યા કરે છે અને ખોટી જ પુરવાર થયા કરે છે. અર્થશાસ્ત્રની રીત ભાવોની રૂખ અને તેના અર્થઘટન ઉપર આધારિત છે. સામાન્ય સમજમાં આવતી નથી. પરંતુ તેના અંદાજો-વર્તારા સાચા પડ્યા કરે છે. આ અનુભવમૂલક હકીકતોનો સાયમને ધોધ વહાવ્યો છે. ડેલીએ તેનો સ્પર્શ પણ કર્યો લાગતો નથી.

પૃથ્વીના પેટાળમાં રહેલા સંસાધનોના ભંડાર દેખીતી રીતે તળિયાવાળી બંધ કોઠી નથી, તળિયા વગરની કોઠી વધારે લાગે છે. અગમ્ય રીતે તે ખાલી થતી જાય છે કે ભરાતી જાય છે. આવું રહસ્યમય ચિત્ર એટલા માટે ઊભું થાય છે કે સંસાધનોના વપરાશનો વાર્ષિક દર એ કોઈ સ્થગિત આંકડો નથી. મનુષ્યના જ્ઞાનની અને સૂઝની સતત દરમ્યાનગીરીને કારણે વપરાશનો દર કદીયે નિશ્ચિત રહેતો નથી. મનુષ્યની દરમ્યાનગીરી એક જબરજસ્ત પરિબળ છે અને 'સંસાધનના ભંડાર'ને એક જબરજસ્ત ગતિશીલતા આપે છે.

★ સંસાધનો એટલે એક નિશ્ચિત ભૌતિક જથ્થો, એ ભુલાવામાં નાંખે છે. પૃથ્વી ઉપર એવું કોઈ સાધન ઉપલબ્ધ નથી કે જેની મદદથી બધાં જ સંસાધનોનો કુલ જથ્થો માપી શકાય. તાંબું લઈએ તો સમુદ્રમાં ઓગળેલા તાંબાને ગણતરીમાં લેવું જોઈએ? કોઈ એમ કહે કે તે મેળવવાનો ખર્ચ કે ઊર્જા પોષાય જ નહીં. આ જ મુદ્દો છે. ''નીવડેલા જથ્થાના ભંડારો'' એ જ જથ્થાને ગણતરીમાં લે છે, જે પ્રવર્તમાન ખર્ચના દરે પ્રાપ્ત કરવાના પોષાતા હોય. જો કિંમત વધવા માંડે તો તરત જ નવા ભંડારોની ખોજ ચાલુ થઈ જાય છે, કારણ કે વધેલા ભાવે તેમ કરવું પોસાવા માંડે છે. હલકા પ્રકારનાં ખનીજો કે અત્યાર સુધી પહોંચી ના શકાય તેવા સ્રોતો રડાર ઉપર દેખા દે છે. ૫૦ વર્ષ પહેલાં દરિયામાં સારકામ કરીને તેલ મેળવવાનો વિચાર પણ કોઈ કરતું ન હતું. હવે? ખનીજોના ભાવો એક બહુ મોટું પ્રેરક બળ છે.

- નવી ટેકનોલોજી શક્યતાઓની ક્ષિતિજ વિસ્તારી આપે છે. એ જ ખનીજમાંથી વધારે ધાતુ કાઢી શકાય તો ખનીજનો તે જ જથ્થો તેટલા પ્રમાણમાં તરત જ વધી જાય છે. સંસાધન ટેકનોલોજીના કારણે સસ્તું બને તો ભંડાર વધી જાય.

- ઉત્પાદનની નવી રીત શોધાય, જેમાં સંસાધનોના વપરાશનું પ્રમાણ ઘટાડી શકાય તો પણ સંસાધનભંડાર વધી જાય છે. ગગનચુંબી ઈમારતોમાં પહેલાં કરતાં ૩૫ ટકા ઓછું સ્ટીલ વપરાય છે. આમ સંસાધનો વધી જાય છે. એકમ ઉત્પાદને વપરાશની માત્રા ઝડપથી ઘટી રહી છે. આને dematerialization (પદાર્થરહિતતા) કહેવામાં આવે છે. એક ટન તાંબાનો તાર જેટલા સંદેશાઓ વહી શકતો તેના કરતાં અનેક ગણા સંદેશા હવે ૬૫ કિલો રેતીમાંથી બનાવેલો ફાઈબર ઓપ્ટીક કેબલ વહી શકે છે. ઉપગ્રહો તો તેનાથી પણ વધારે. અંગુઠાના નખ જેવડી માઈક્રોચીપ કેટલી માહિતી સંગ્રહી શકે છે! એક જબરજસ્ત લાઈબ્રેરીનાં બધાં જ પુસ્તકો આવી માઈક્રોચીપમાં સમાવી લેવાય છે. માઈક્રોચીપ્સમાં શું વપરાયું ? રેતીના થોડા કણો અને મનુષ્યના મનની અકલ્પનીય કુશળતા જ ને?

- વપરાયેલી ધાતુઓને પુનઃપ્રાપ્ત કરવા (Recycle)ની ટેકનોલોજી છે જ, સવાલ તેનો ખર્ચ પોષાય કે નહીં તે છે.

કાટો ઈન્સ્ટીટ્યુટના જેરી ટેઈલરે બહુ સરસ રીતે આ વાત મૂકી છે : 'નીવડેલી અનામતનો ભંડાર'' એ અર્થશાસ્ત્રીય અને મનુષ્યજ્ઞાનનું વિધેયક છે અને નહીં કે પૃથ્વીના પડમાં રહેલા ભૌતિક પદાર્થોનું. સતત વિકસતું જ્ઞાન, ટેકનોલોજી, મેનેજમેન્ટ પદ્ધતિઓનાં ત્રિવિધ પરિબળોની

દરમિયાનગીરીના કારણે ભંડારો વિસ્તરતા જ જાય છે. વળી, હયાત સંસાધનોને માની ન શકાય તે રીતે ગોઠવી શકાય છે અને એક નિશ્ચિત જથ્થામાંથી જ અનેક પ્રકારની સેવાઓ - ચીજો પેદા કરી શકાય છે, જેની માણસને શોધ છે અને માંગ છે. અહીં એક ચોખવટ કરવી જરૂરી લાગે છે કે સંસાધનોની જરૂરિયાત મટી જતી નથી, પરંતુ જે છે તેનો ઉપયોગ અસંખ્ય રીતે અને સ્વરૂપે કરી શકાય છે. વિચારીએ તો દેખાય છે કે આખરી સંસાધન (ultimate resource) છેવટે ભૌતિક સંસાધન ના રહેતાં માણસનું જ્ઞાન બની જાય છે. આ જ્ઞાનનું સ્વરૂપ અને વ્યાપ ભવિષ્યમાં શું હશે તે કોઈ કહી શકે એમ છે?

ભાવોની રૂખો ઉપરનો મદાર ઘણાને બેચેન બનાવે છે. અમૂર્ત બજારમાં અણજાણ્યાં પરિબળોથી બનતી આ રૂખોનો ભરોસો શો? રૂખો જે જોવા મળે છે તે ભૂતકાળની છે. માનો કે વર્તમાનને આવરી લે છે. પરંતુ ભવિષ્યમાં તેની દિશા શું હશે તે માર્કેટ કેવી રીતે કહી શકે? રૂખોના પ્રોજેકશન્સ ખોટાં નથી પડતાં? કાર્લ પોપરે કહ્યું જ છે કે રૂખ એ કુદરતી નિયમ નથી. રૂખને સર્જતાં પરિબળોની સમજ કેટલી ઊંડી છે તેની ઉપર તેનાં પ્રોજેકશન્સની ગુણવત્તાનો આધાર છે.

ભાવો તો વર્તમાનની માંગ-પુરવઠાની સમતુલા પ્રતિબિંબિત કરે છે. ભવિષ્યની આવી સમતુલાનું શું? પણ ચિત્ર એવું સીધું સાદું નથી. ખનીજ તેલના હાલના ભાવો વર્તમાન સમતુલાને તો બતાવે જ છે, પરંતુ ભવિષ્યને પણ બતાવે છે. ધારો કે દશ વર્ષમાં તેલની અછત થવાની છે તેની જાણકારી ધરાવનાર વિશ્લેષકો અને રોકાણકારો તરત જ યોગ્ય જથ્થામાં અત્યારે જ તેલના જથ્થાનો વાયદો કરી લેશે, જેથી ભવિષ્યમાં ભાવો વધે ત્યારે તેમાંથી ફાયદો મેળવી શકે. પણ તેની સાથે જ ભાવોમાં વધારો નોંધાય છે અને ભવિષ્યની સમતુલા પ્રતિબિંબિત થાય છે. વાયદાનું એક મોટું વિશ્વવ્યાપી બજાર છે, જેમાં હજારો-લાખો વિશ્લેષકો અને રોકાણકારો પોતપોતાના રસની ચીજો ઉપર બારીક સતત નજર રાખીને બેઠા હોય છે. બજાર જેટલું મોટું અને વ્યાપક તેટલી માહિતી વધારે અને તેટલી વર્તમાન-ભવિષ્યની સમતુલાની સમજ વધુ ને વધુ સુક્ષ્મ. માર્કેટ જેટલી માહિતીને બટોરી શકે અને અસંખ્ય માહિતીઓનું સંકલન કરી શકે તે ક્યારેય કોઈ મનુષ્ય એજન્સી કરી જ ન શકે - કોમ્પ્યુટર સાથે કે વગર. ભવિષ્યની સ્થિતિ અનિશ્ચિત જ હોય. પરંતુ આ અનિશ્ચિતતાના સંદર્ભમાં સૌથી વધારે સારા નિર્ણયો લઈ શકે તે માર્કેટ જ. ઈજનેરી પદ્ધતિના તજજ્ઞો બધાં પરિબળોનો તાગ કદી કાઢી જ ન શકે. ભાવોની રૂખ બતાવતું બજાર જ આ કરી શકે.

સાયમને અત્યાર સુધી અવેજીના સિદ્ધાંતની કોઈ વાત કરી નથી. અવેજીની અમર્યાદિતતાની લેખકોએ મૂકેલી થિસિસ ક્યાંય જોવા મળતી નથી. બધી જ ચર્ચા સંસાધનોના જથ્થાની જ છે. સાયમને તો ઊલટાનું સ્પષ્ટ રીતે કહ્યું છે કે ''હું તો એમ કહેતો જ નથી કે 'અનંત અવેજી' અત્યારે કે ભવિષ્યમાં શક્ય છે, એટલું જ કહું છું કે અવેજીની શક્યતાઓ સમય જતાં વધતી જવાની છે.''

અવેજીનો વિચાર સમજવા જેવો છે. ઉપભોકતા માટે મહત્ત્વ સેવાઓની ઉપલબ્ધિનું છે, નહીં કે તેમાં વપરાયેલાં સંસાધનોનું. વીજળી તાંબાના તારમાં કે એલ્યુમિનીયમના તારમાં આવે છે કે ઘરમાં પાણી તાંબાની, લોખંડની કે પીવીસીની પાઈપમાં આવે તે તેનો મુખ્ય પ્રશ્ન નથી. મુદ્દો છે વાજબી ભાવે, ગુણવત્તા ધરાવતો નિયમિત જથ્થો મળતો રહે - પાણીનો કે વીજળીનો. 'મૂળ માંગ સેવાઓની છે, નહીં કે સંસાધનોની' વિભાવનાએ ગતિશીલ બની ગયેલા 'સંસાધનોના ભંડારો'ના વિચારને એક ક્રાંતિકારી વળાંક આપ્યો છે. લેખકો એ સમજવામાં ભૂલ કરી બેઠા છે. કોઈ ખાસ સંસાધનનું aesthetic કે ઐતિહાસિક મૂલ્ય હોઇ શકે. આવી અનન્ય ચીજની અવેજી વ્યાખ્યાયિત રીતે જ હોઇ ના શકે. કેસર કેરી વિરુદ્ધ ટીકડીનું આવું કાંઈક છે. અલબત્ત કેસર કેરી વિરુદ્ધ દેશી કેરી એ બીજી જ વાત છે.

એક બીજી વાત. ગણિતમાં અંક ૧૦ જ પણ આંકડા અનંત, ભાષાના શબ્દો મર્યાદિત પણ તેનાં પુસ્તકો કે લખાણો? અમર્યાદિત. જીવસૃષ્ટિમાં DNA નો દાખલો આપી શકાય, ૨૦ એમિનો એસિડમાંથી બનતા અનંત પ્રોટીનની વાત કરી શકાય. એ જ રીતે મનુષ્યના સતત વિસ્તરતા રહેતા જ્ઞાનના સંદર્ભમાં સંસાધનોના ભૌતિક જથ્થાને લગભગ અનંત સેવાઓ પૂરી કરવા પ્રયોજી શકાય, તેવી શક્યતાઓ હવે ઊભી થઈ છે. ટેકનોલોજીના સંદર્ભમાં એક જ સંસાધનનો જથ્થો અનંત રીતે ગોઠવાઇ શકે છે માટે સંસાધનો અનંત બની જાય છે, તેવી સાયમનની થિસિસ છે.

આખરી સંસાધન માનવધન જ છે. તેની ક્ષમતાઓ અમાપ છે. પરંતુ તેની અમુક પૂર્વશરતો છે. જો મનુષ્ય આપસમાં લડી ના મરે તો, અથવા તો એવી નિરાશાવાદી આઈડીઓલોજીથી ઘેરાઈ ના જાય, જેમાં વિજ્ઞાન-ટેકનોલોજીનો નર્યો અતાર્કિક વિરોધ જ હોય. યોગ્ય ટેકનોલોજી, યોગ્ય સમયે અને સ્થળે, યોગ્ય પ્રમાણમાં સર્જી શકાય અને પ્રયોજી શકાય એ ત્યારે જ બને જ્યારે તેને શક્ય બનાવતી ભોં આપણે ઊભી કરી હોય - મુક્ત બજાર. સ્વાતંત્ર્ય-જ્ઞાન અને બજાર વચ્ચેની ઘનિષ્ઠ આંતરક્રિયાને ભૂલી જઈએ તો કયામતની આગાહી કરી શકાય. ■


# સાયમન - અર્લિક શરતનાં ૨૫ વર્ષે

સંસાધનોની મર્યાદિતતાની બાબતે આશાવાદીઓ અને નિરાશાવાદી વિચારકો વચ્ચે જે ભાંજગડ ચાલ્યા કરી છે તેમાં જુલિયન સાયમન અને પૌલ અર્લીક વચ્ચે લાગેલી શરતે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એ શરતને આજે ૨૫ વર્ષ પૂરાં થાય છે ત્યારે એમની વચ્ચેનો સવાલ શું હતો અને સામમન આકસ્મિક જ આ શરત જીતી ગયેલો કે એની વાતમાં તથ્ય હતું એ સવાલો તપાસવા જેવા છે.

પૃથ્વી પરથી તેલ, અનાજ અને ખનીજ ખતમ થઈ જશેના એકધારા પ્રચારથી વાજ આવીને જુલિયન સાયમને ૧૯૮૦માં આ નિરાશાવાદીઓને ખુલ્લો પડકાર ફેંક્યો કે એમની પસંદગીની ધાતુ પર એ શરત લગાવવા તૈયાર છે કે એની વાસ્તવિક કિંમત (ફુગાવાની અસરને બાદ કર્યા પછીની) આવતા એક વર્ષમાં ઘટશે અને એ હારી જાય તો સામેના પ્રતિસ્પર્ધીને ૧૦૦૦ ડોલર આપશે. અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના પર્યાવરણવાદીઓ પૌલ અર્લીક, હોર્ટે અને હોર્લ્ડને એનો આ પડકાર ઝીલી લીધો. (એમ કરતી વખતે એમણે કહેલું કે આસાનીથી મળી જાય એવા નાણાંનો લોભ રોકવો અઘરો છે.) એમણે ક્રોમિયમ, કોપર, નિકલ, ટીન અને ટંગસ્ટન એમ પાંચ ધાતુઓ પસંદ કરી અને સમયગાળો રાખ્યો દસ વર્ષનો. જોવાનું એ હતું કે આ તમામ ધાતુઓની કિંમત દસ વર્ષ પછી વધશે કે ઘટશે. સપ્ટેમ્બર ૧૯૯૦માં કિંમતો તપાસવામાં આવી ત્યારે તેઓ એ શરત હારી ગયા અને સાયમન જીતી ગયો. તમામ ધાતુઓની કુલ કિંમત તો ઘટી જ, પણ વ્યક્તિગત રીતે પણ દરેક ધાતુની કિંમત પણ ઘટી ! ક્રોમિયમની કિંમતમાં ૫ ટકાનો ઘટાડો થયો, તો ટીનમાં ૭૪ ટકાનો! આ ઘટાડો એટલો મોટો હતો કે ફુગાવાની અસર બાદ ન કરી હોત, તો પણ સાયમન જ શરત જીતી જાત.

સાયમન પોતે તેના દાવામાં બહુ નમ્ર હતો. એણે કહેલું કે ‘એવું નથી કે દરેક સ્થળે અને દરેક સમયે કિંમતો હંમેશા ઘટે જ. પરંતુ નવી નવી તકો ઊભી કરવાની અને એનો લાભ લેવાની માણસની લાક્ષણિકતાને લીધે લાંબા ગાળે વસ્તુઓની અછત ઓછી થતી જાય છે. કુદરતી સંસાધનોના ભાવો કોઈ દશકમાં ઊંચા જાય, પણ એનો સામાન્ય ઝુકાવ નીચે જવાનો હોય’.

સાયમનના દાવાને હવે આખી વીસમી સદીના ભાવોના સંદર્ભમાં ચકાસી શકાય એમ છે. અમેરિકાના જીઓલોજિકલ સર્વેએ બધી અગત્યની ધાતુઓના આખી ૨૦મી સદી દરમ્યાનના ભાવો આપ્યા છે (જુઓ ગ્રાફ). આ માહિતીના આધારે ત્રણ મુખ્ય સવાલોને આપણે તપાસીએ.




**પહેલો સવાલ :** જો આખી સદી માટે શરત મારવામાં આવી હોત, તો પણ શું સાયમન શરત જીતી જાત? ઉપરના ગ્રાફમાં ક્રોમિયમ, કોપર, નિકલ, ટીન અને ટંગસ્ટનના સંયુક્ત ભાવમાં આખી સદી દરમ્યાન જે ચઢ-ઊતર થઈ તે બતાવે છે. જો કોઈએ ૧૯૦૦ની સાલમાં આખી સદી માટેની શરત મારી હોત કે આ ધાતુઓના ભાવો ઘટશે તો પણ ૧૯૯૯માં એ શરત જીતી જાત.

**બીજો સવાલ :** ૧૯૮૦ના દાયકામાં ભાવો નીચા આવ્યા એટલે સાયમન જીતી ગયો. બીજા કોઈ દાયકામાં આવી શરત એ જીતી જાત ? ગ્રાફ બતાવે છે કે પાંચ દાયકામાં એ શરત જીતી જાત, પણ પાંચમાં હારી જાત. સાયમને, જોકે, આ સંભાવના સ્વીકારેલી જ છે. ભાવોના સામાન્ય રીતે (સરેરાશ) નીચે જતા ઝોક અંગે જ દાવો કર્યો છે.

**ત્રીજો સવાલ :** આખી સદી દરમ્યાન અમુક ધાતુઓના ભાવો બીજી ધાતુઓ કરતાં વધારે-ઓછા બદલાયા છે ? ઉપલબ્ધ માહિતી દર્શાવે છે કે દરેક ધાતુના ભાવોનો સામાન્ય ઝોક નીચે ઉતરવાનો રહ્યો છે, પણ દરેક ધાતુમાં એ ઘટાડો એક સરખો જોવા નથી મળતો. દા.ત. ટંગસ્ટન અને ટીનના ભાવોના ઉછાળા ખૂબ મોટા પ્રમાણમાં હતા. ૧૯૨૦ના દાયકામાં ટંગસ્ટનનો અને ૧૯૬૦માં ટંગસ્ટન અને ટીન બન્નેના ભાવ બમણા થયેલા, જ્યારે બીજી ધાતુઓના ભાવોમાં કોઈ ફેરફાર નહોતો થયો.

આમ, એક વાત નક્કી છે. વીસમી સદીના ભાવોનો ઈતિહાસ એ સાક્ષી પૂરે છે કે સાયમન દસમાંથી પાંચ દાયકામાં મોટા માર્જિનથી જીત્યો હોત અને આખી સદી માટેની શરત તો એ અચૂક જીતી જ ગયો હોત! ■

(PERC Reports, September, 2005 માંથી સારવીને - સાભાર)

## પત્ર ચર્ચા

# વ્યક્તિ સ્વાતંત્ર્ય : વ્યક્તિત્વનું વૈશિષ્ટ્ય શેમાં ?

-મીરા ભટ્ટ-અનિલ પટેલ

મારી જાતને તમારા સૌ સાથે સમાનધર્મી અનુભવું છું, એટલે આ લાંબો પત્ર લખવા પ્રેરાઉં છું. જીવન સત્યશોધન માટેનો ધબકાર છે, એ ધબકારે જીવન જીવતી રહી છું અને એની ખોજ માટેની ઝંખનાને કારણે જ આ કલમ હાથમાં લઈ રહી છું.

આ ખોજયાત્રામાં મને કોઈ એક નિશ્ચિત વિચારસરણીની જીવનમાર્ગી માની લઈ હાંસિયા પર હડસેલી ન દેશો. મારાં મૂળ કોઈ એક ભૂમિમાં જરૂર મળશે. તેમ છતાં ય એ બધાને અંતે હું ઊર્ધ્વમૂલી છું, કારણ મારા બીજમાં આકાશમાંથી વરસેલું પાણી સંઘરાયેલું છે, વિશ્વને વીંટળાયેલો વાયરો વ્યાપેલો છે અને તેજ તથા અગ્નિ પણ.

તમારા 'સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર' લેખના અનુસંધાને હું પ્રગટ ચિંતન કરવા પ્રેરાઈ છું. મારું નિજી સ્વ મને કશુંક કહેવા પ્રેરી રહ્યું છે, જે કદાચ તમારા 'સ્વ'ના કોઈ સીમાડાને અડી જાય. કદાચ દેખીતી રીતે ન પણ અડે, તો પણ ઊંડે ઊંડે કયાંક કશુંક આંતરગુંફન જડી જાય.

સ્વતંત્રતાનું પોતાનું આગવું મૂલ્ય કદાચ કશુંય ન હોય તેમ છતાં ય મૂલ્ય માત્રની નક્કર ભૂમિકા હોવાનું તથ્ય કાંઈ નાનુંસૂનું તથ્ય નથી. આ સ્વતંત્રતાના અનેક ચહેરા છે. સ્વાધીનતા, સ્વાવલંબિતા, સ્વરાજ્ય, સ્વશાસન, આઝાદી જેવા અનેક શબ્દો દ્વારા ચેતનાની આ મૂળભૂત ભૂમિકાને ઓળખવાના પ્રયાસો થયા છે. આમ જુઓ તો સર્વતંત્ર સ્વતંત્ર, તેમ છતાં ય વિશ્વતા સાથે અનુબંધાયેલું આ તત્ત્વ જેટલો વધારે ઉઘાડ પામશે, તેટલી માનવતા વધારે ઝળહળી ઊઠશે.

વ્યક્તિ-સ્વાતંત્ર્યને આર્થિક ક્ષેત્રના પરિપ્રેક્ષ્યમાં, મુક્ત બજારના અનુસંધાને મૂલવીએ ત્યારે 'વ્યક્તિ'ની મૂળભૂત ચેતનાને સમજી લેવી જરૂરી લાગે છે. એક જ સદીમાં દુનિયાને બબ્બે વિશ્વયુદ્ધની ભયંકર તારાજીમાંથી પસાર કરનારા લોકોમાંથી જ લોકશાહી, વ્યક્તિ સ્વાતંત્ર્ય, વિશ્વીકરણ જેવા શબ્દો આવ્યા છે. પરંતુ કયારેક દવા પોતે જ રોગ પેદા કરનારી સિદ્ધ થઈ જતી હોય છે. એટલે વચ્ચેવચ્ચે નવેસરથી મૂળમાં જઈને પ્રશ્નને તપાસવો પડે છે. લાંબું ન થાય એટલે હું માત્ર મુદ્દા જ રજૂ કરું છું.

૧. વ્યક્તિ અભિવ્યક્ત થઈ છે, પોતાનું કશુંક આગવું પ્રગટ કરવા.
૨. એની ભીતરમાંથી કશુંક ફૂટે છે, ત્યારે જ અંકુરિત થઈ વિકસે છે.
૩. બાહ્ય પરિસર મદદરૂપ બની શકે, પરંતુ મુખ્ય બાબત - પોતાની અંતઃશક્તિ.
૪. બે ઝાડ, બે નદી કદી એક સરખાં નથી હોતાં. અદ્વિતીય, અનન્યતા.
૫. પોતાનામાંથી કશુંક ફૂટાડવાની શક્તિ બીજા માટે વપરાય છે ત્યારે સાર્થકતા અનુભવે છે, વૃદ્ધિ પણ પામે છે. પરાયાપણું મટે તેટલું 'સ્વ' સંપન્ન બને.
૬. પરસ્પર આદાન-પ્રદાનના સહજ અનુભવે 'પરિવાર' બન્યા.
૭. નં. ૬ ના અનુભવનો વિસ્તાર-ગ્રામ રચના દ્વારા શકય બનાવવો.
૮. બે સમાંતર અસ્તિત્વ એક સાથે વિકસે, 'હું' પણ 'ગામ' પણ.
૯. વ્યક્તિનું ગામને સમર્પણ, ગામનું વ્યક્તિને સ્વાતંત્ર્ય.
૧૦. વ્યક્તિત્વના વિલોપનમાં 'સ્વ'નો વધતો જતો પ્રભાવ-આ તથ્યનો અનુભવ લેવો. The less you have, the more you are.
૧૧. સર્વાધિક કમાણી કરનાર સમર્થ વ્યક્તિની સાર્થકતા પોતાની કમાણી પરાર્થે વાપરવામાં.
૧૨. વિકાસનો આધાર અનુકરણ, સરખામણી કે સ્પર્ધા તો હરગિજ નહીં, કરી છૂટવાની તમન્ના એ જ મુખ્ય પ્રેરણા બને.
૧૩. શક્તિનો સાચો અનુભવ સત્તાતત્ત્વના 'સત્' ભણી લઈ જઈ

શકે. માતૃસત્તામાં સત્તાના આવા સત્-તત્ત્વની ઝલક મળે છે. પ્રત્યેક વ્યક્તિનું આવું પોતાનું આગવું નિજી સત્તા-કેન્દ્ર સ્થાપિત થાય, એ જ વ્યક્તિની પ્રતિષ્ઠા.

૧૪. વ્યાપક સમષ્ટિમાં વ્યક્તિ વિકસતી જાય એ જ સફળતા. બીજનું વૃક્ષ બને, વૃક્ષ અનંત બીજનું દાન કરે. આવી જીવનધારા વહેતી રહે, એ જ મુકતતા.

૧૫. મુક્તતામાં કોઈની બાદબાકી ન હોય, કોઈ સાથે વેરો-આંતરો ન હોય, ઉપેક્ષા - અવહેલના-અવગણના ન હોય. આપીને પામવાની ઇન્દ્રિય વિકસી હોય.

૧૬. વ્યક્તિનું વૈશિષ્ટ્ય પ્રગટ થાય એ જેટલું જરૂરી છે, તેનાથી વધારે પ્રગતિકર ચીજ આ છે કે વ્યક્તિની 'નિર્વિશેષતા' સ્થાપિત થતી જાય. આ વ્યૂત્ક્રમ નવી દિશા ખોલી આપી શકે તેમ છે કે માણસ જેટલો વધારે 'શૂન્ય' તેટલો વધારે 'અનંત' બની શકે. માણસના હૃદયની આરસી આ વાત સારી રીતે ઝીલી જાણે છે. સહજ, સરળ, ઋજુ, unassuming વ્યક્તિત્વ અંતરમાં અમીટ અંકાઈ જાય છે. સ્વ-રાજ્ય સ્થાપવાની આ સાચી દિશા છે. સ્વ-રાજ્ય એટલે કે પોતાનું તેજ આપોઆપ પ્રગટે તે માટેની ગુરુચાવી. પ્રથમ વ્યક્તિ, પછી પરિવાર, ગ્રામ, રાજ્ય, દેશ, ખંડ, વિશ્વ એ એના પ્રસરવાના સ્વતંત્ર-સ્વાયત્ત એકમો છે. કદાચ આ જ ગાંધીવિચાર હશે. પણ એને દુષ્કર સમજી બાજુ પર હડસેલી દેવા જેવો નથી. ફરી ફરી અજમાવી જોવા જેવો આ એક તરણોપાય છે.

પશ્ચિમમાંથી જે કાંઈ આવે તે ધરાતલનું, વ્યવહારુ અને આપણું બધું ગગનગામી માની લેવાની જરૂર નથી. મૂળ તો માનવીનો પિંડ સમજી લેવાની જરૂર છે, એનામાં પ્રગટ શક્તિઓને જ મૂલવી જીવનવ્યવહાર ગોઠવવાની જરૂર નથી. એનામાં પડેલી સંભાવનાઓ એ માનવ સામેનો મોટો પડકાર છે. આ પડકારો વિજ્ઞાન-આત્મજ્ઞાન બંને ક્ષેત્રને આવરી લેનારા છે. આના અનુસંધાનમાં યુગો પહેલાં આપણા પૂર્વસૂરિઓને થયેલું દર્શન- vision સાવ નજરઅંદાજ કરી દેવું યોગ્ય નહીં ઠરે.

મને જેવો તેવો એક શ્લોક યાદ આવે છે - 'વિશ્વંપુષ્ટે, ગ્રામેડસ્મિન અનાતુરમ્ ।' ઋષિ ક્યાં વસે છે? પરિપુષ્ટ વિશ્વના એક ગ્રામમાં. હજુ 'અનાતુરમ્' ખૂલ્યું નથી. પણ સમજાય છે કે વ્યક્તિત્વનો દાણો પરિપુષ્ટ વિશ્વના એક રસદાર, દળદાર ફળમાં સુરક્ષિત છે. વ્યક્તિત્વ રસાય છે, પોષાય છે, મધુરાય છે વિશ્વના સંરક્ષણમાં, ગ્રામના ખોળામાં... આવો જ એક બીજો શ્લોક થોડોક પ્રકાશ પાથરે છે - વ્યચિષ્ટે બહુપાય્યે યતેમહિ સ્વરાજયે. - ચાલો, આપણે સૌ સ્વરાજ્ય માટે મથીએ. કેવા સ્વરાજ્ય માટે? અત્યંત વ્યાપક, જેની બહુસંખ્યા અલ્પ સંખ્યાના પોષણ-રક્ષણ-શિક્ષણ માટે પ્રયત્નશીલ છે. વ્યક્તિ-સ્વાતંત્ર્યની ગરિમા આ ચીજમાં છે કે વ્યક્તિનું સામર્થ્ય અસમર્થને સમાન સ્તરે લાવવા મથે. બસ, અટકું, આ બધું પ્રગટ ચિંતન છે. થોડાક સાથીઓની ખોજમાં 'હું પણ છું' - એનો એક સાદ પાડવાનો ટહુકો માત્ર.

**- મીરા ભટ્ટ, ભાવનગર.**

મીરાબેને 'સ્વતંત્રતા, જ્ઞાન અને બજાર' લેખના (ખોજ-૨) અનુસંધાને તેમનું ચિંતન પ્રગટ કર્યું છે.

શરૂઆતમાં વ્યક્તિ-સ્વાતંત્ર્યના અમારા વિચારોથી તેઓ ક્યાં અને કેવી રીતે જુદાં પડે છે તેની સ્પષ્ટતા કરે છે. લખે છે, ''વ્યક્તિ-સ્વાતંત્ર્યને આર્થિક ક્ષેત્રોના પરિપ્રેક્ષ્યમાં મુક્ત બજારના અનુસંધાને મૂલવીએ ત્યારે વ્યક્તિની મૂળભૂત ચેતનાને સમજી લેવી જરૂરી લાગે છે. એક જ સદીમાં દુનિયાને બબ્બે વિશ્વયુદ્ધની ભયંકર તારાજીમાંથી પસાર કરનારા લોકોમાંથી જ લોકશાહી, વ્યક્તિસ્વાતંત્ર્ય, વૈશ્વિકીરણ જેવા શબ્દો આવ્યા છે. પરંતુ ક્યારેક દવા પોતે જ રોગ પેદા કરનારી સિદ્ધ થઈ જતી હોય છે. એટલે નવેસરથી મૂળમાં જઈને પ્રશ્નને તપાસવો પડે છે.'' વળી આગળ જતાં, ''પશ્ચિમમાંથી જે કાંઈ આવે તે ધરાતલનું, વ્યવહારુ અને આપણું બધું ગગનગામી માની લેવાની જરૂર નથી. મૂળ તો માનવીનો પિંડ સમજી લેવાની જરૂર છે. અને એનામાં પ્રગટ શક્તિઓને જ મૂલવી જીવનવ્યવહાર ગોઠવવાની જરૂર નથી. એનામાં પડેલી સંભાવનાઓ એ માનવ સાથેનો મોટો પડકાર છે... આના અનુસંધાનમાં યુગો પહેલાં આપણા પૂર્વસૂરિઓને થયેલું દર્શન-Vision સાવ નજરઅંદાજ કરી દેવું યોગ્ય નહીં ઠરે.''

આ ભૂમિકા બાંધ્યા પછી ''પ્રશ્નના મૂળ''ને ટૂંકમાં તપાસવા તેઓ સોળ મુદ્દા રજૂ કરે છે. આ મુદ્દાઓ વાંચતાં ''વ્યક્તિ-સ્વાતંત્ર્ય''નો તેમનો વિચાર ઠીકઠીક ઊપસી આવે છે. તેની ચર્ચા કરીએ તે પહેલાં આર્થિક પરિપ્રેક્ષ્યમાં વ્યક્તિ-સ્વાતંત્ર્ય વિશેની તેમની ટકોર જરા ધ્યાનથી જોઈએ.

બે વિશ્વયુદ્ધોમાંથી ''પસાર કરનારા'' લોકોમાંથી જ ''લોકશાહી, વ્યક્તિ-સ્વાતંત્ર્ય, વૈશ્વિકીરણ જેવા શબ્દો આવ્યા છે'' પરંતુ કયારેક દવા એ જ રોગ પેદા કરનારી છે, તે મુદ્દો જોઈએ.

આ રજૂઆતમાં વિશ્વયુદ્ધોમાંથી ''પસાર કરનારા લોકો''ના શબ્દપ્રયોગમાં સ્પષ્ટ છે કે 'તે લોકો' જાણે કે કોઈ એકસરખા અણુ-પરમાણુનો બનેલો એક જથ્થો છે કે લોંદો છે. વિચારવાની આ રીતમાં 'તે લોકો' અનેક વ્યક્તિઓના બનેલા છે, જેઓ અનેક પ્રકારની પ્રેરણાઓ અને હેતુઓથી દોરવાતા હોય છે, તેઓ વચ્ચે અનેક જાતનાં મત-મતાંતરો છે, સામસામે વિચારો વચ્ચે હરીફાઈ ચાલતી હોય છે, એકબીજા ઉપર સરસાઈ મેળવવાનો સંઘર્ષ ચાલતો હોય છે એ આખી વાતનો ઈન્કાર છે. સામાજિક વાસ્તવિકતાનો આમાં સ્વીકાર નથી. વ્યક્તિઓના બનેલા કોઈ પણ સમાજની આ એક નક્કર વાસ્તવિક્તા છે. ''તે લોકો''ને કે કોઈ પણ પ્રકારના લોકોને પાષાણની એક પ્રચંડ અખંડ શીલા (monolith) ગણવામાં બહુ મોટી ભૂલ થઈ રહી છે. આવાં રૂપકો યોજવાથી પરિસ્થિતિનું અતિ સરળીકરણ થઈ જાય છે કે ''જેઓએ વિશ્વયુદ્ધો સર્જ્યાં એ જ લોકો વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને લોકશાહીની વાતો કરે છે.'' પછી તેમની વાતોમાં કેટલું સ્વાતંત્ર્ય ? કેટલો ભરોસો ? જેવા પ્રશ્નાર્થો સહેલાઈથી ઊભા કરી શકાય છે.

મીરાબેનની શરૂઆત માત્ર વિવાદાસ્પદ નથી, વાસ્તવિકતાની કસોટી સામે ટકી શકે તેવી પણ નથી. વ્યક્તિ-સ્વાતંત્ર્ય - individualism અને સામ્યવાદ કે નાઝીવાદ કે સમાજવાદનો સામૂહિકવાદ (collectivism) એ સામસામેના ધ્રુવો ઉપરની વાસ્તવિક્તા છે. પરસ્પર વિરોધી આ વિચારધારાઓ વચ્ચે એક સનાતન સંઘર્ષ ચાલી રહ્યો છે, તે મુદ્દો જ આનાથી ઢંકાઈ જાય છે. આ સંઘર્ષ બધે જ ચાલ્યો છે અને ચાલે છે. પશ્ચિમમાં કદાચ સૌથી ખુલ્લા અને સ્પષ્ટ સ્વરૂપમાં જોવા મળ્યો છે. મીરાબેનની વાતમાં આ વાતનો ઈન્કાર છે.

મીરાબેનની 'લોકો'ને એક monolith ગણવાની વિચારસરણી 'આપણી' (ભારતીય) સભ્યતાને પણ જો લાગુ કરીએ તો કહેવું પડે કે 'આપણે લોકો'એ જીવમાત્રમાં એક પરમ તત્ત્વ વિલસે છે, તેવો વિચાર કરેલો છે અને સપાટી ઉપર દેખાતા ભિન્ન ભિન્ન ભેદોને વીંધીને અંદર રહેલી એક પરમ એકતાનો વિચાર કરેલો છે , તે જ ''આપણે લોકે'' હજારો વરસથી અછૂતોની એક જાત પણ ઊભી કરી છે, તેમને હડધૂત કર્યા છે. પ્રાણીઓને ઘરમાં પાળ્યાં છે, પોષ્યાં છે, પરંતુ તેમને તો ગામના છેડે ફેંકી દીધા છે, બહિષ્કૃત કર્યા છે, અપમાનિત કર્યા છે અને થઈ શકે તેટલું શોષણ કર્યું છે. આદિવાસીઓની હાલત પણ લગભગ એના જેવી જ કરી છે. આ જ ''આપણે લોકોએ'' સ્ત્રીને બળજબરીથી સતી કરી છે, બાળવિધવાની જિંદગી જીવતા દોજખમાં પલટી છે, સ્ત્રીને પુરુષની ગુલામ બનાવી દીધી છે. તો શું આપણે કહીશું કે અદ્વૈતની પૂર્વધારણા ઉપર માંડેલી સ્વતંત્રતા (સ્વરાજ, સ્વશાસન) પણ વજૂદહીન, બિનભરોસાપાત્ર છે ? ''તે લોકોને'' જે માપદંડથી માપીએ છીએ તે જ માપદંડથી ''આપણા લોકોને'' કેમ ન માપવા ? અતઃ અમને મીરાબેનનો એ તર્ક સ્વીકાર્ય નથી કે ''જે લોકોએ વિશ્વ-યુદ્ધો કર્યાં, ત્યાંથી આવતો વ્યક્તિ-સ્વાતંત્ર્યનો વિચાર રોગ કરતાં વધુ ખતરનાક દવા'' છે.

મીરાબેનના ૧૬ મુદ્દાઓ ઉપર જઈએ, જેમાં તેઓ તેમનો પોતીકો વ્યક્તિ-સ્વાતંત્ર્યનો વિચાર વિકસાવે છે.

પ્રથમ ૩ મુદ્દા વિશે એટલું કહીએ કે મીરાબેન બાહ્ય પરિસરને મદદરૂપ ગણે છે પરંતુ નિર્ણાયક તો નહીં જ. સ્વ અને પરિસર વચ્ચેની આંતરક્રિયામાં મુખ્ય વસ્તુ 'સ્વ'ની અંદર રહેલી શક્તિઓ છે, પરિસર ગૌણ છે. પિંડમાં રહેલી સંભાવનાઓના પ્રગટીકરણ માટે આ અંતઃશક્તિ જ વધારે મહત્ત્વની છે.

વ્યક્તિ-સ્વાતંત્ર્યના અમારા વિચારમાં વ્યક્તિની અમાપ સંભાવનાઓનો પૂરો સ્વીકાર છે, પરંતુ આ સંભાવનાઓને મૂર્ત કરવામાં પરિસર, ખાસ કરીને ચોકક્સ પ્રકારની સંસ્થાઓ, નિયમો, પરંપરાઓના સામાજિક પરિસર નિર્ણાયક પરિબળ છે. તેના વગર વ્યક્તિ-સ્વાતંત્ર્ય શકય નથી અને તે વગર માનવ-સંભાવનાઓનું મહત્તમ પ્રગટીકરણ શક્ય નથી.

મીરાબેનની વિચારધારામાં 'સમાજ'ની થિયરી અતિ નબળી છે અને સામાજિક ગતિવિધિઓને સમજાવવાની ભાગ્યે જ કોઈ ગુંજાઈશ છે. ચોકક્સ પ્રકારના પરિસર વગર અને વ્યક્તિ- સ્વાતંત્ર્યના અભાવમાં માનવીય સંભાવનાઓ કુંઠિત થઈ જાય છે કે વિકૃત રૂપ પણ ધારણ કરે છે.

બે પ્રકારની સ્વતંત્રતાઓની પાછળ રહેલા દર્શનમાં ઘણો મોટો તફાવત છે, તે ચોખ્ખું દેખાઈ આવે છે.

મુદ્દા ૪ થી ૧૧ 'સ્વ'ના વિકાસની પ્રક્રિયાને વિસ્તારથી સમજાવે છે. મુખ્યતઃ 'સ્વ' પોતાનામાંથી કશુંક ફુટાડવાની શક્તિ બીજા માટે વાપરે છે ત્યારે સાર્થકતા અનુભવે છે.

■ પારકું જેટલું ઘટતું જાય તેટલું 'સ્વ' સંપન્ન બને છે. ■ વિસ્તરતું જતું 'સ્વ' પહેલાં પરિવાર, પછી ગ્રામ, રાજ્ય, દેશ, ખંડ અને વિશ્વ સુધી વિસ્તરી જાય છે. ■ વ્યક્તિના આવા વિલોપનમાં 'સ્વ' પૂર્ણપણે

વિકસે છે. ■ આ જ મુક્તતા (સ્વતંત્રતા) છે, જેમાં કોઈની બાદબાકી નથી, કોઈ સાથે વેરો-આંતરો નથી. ■ આપીને પામવાની ઇન્દ્રિય વિકસી હોય છે. વ્યક્તિનું વૈશિષ્ટ્ય પ્રગટાવવાનું એટલું જરૂરી નથી, જેટલું કે તેની ''નિર્વિશેષતા'' સ્થાપિત કરવાનું ■ સ્વરાજ સ્થાપવાની આ સાચી દિશા છે. ■ પછી લખે છે કે આ જ ગાંધી- વિચાર છે અને આ જ તરણોપાય છે.

વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચેના તનાવનું નિરાકરણ મીરાબેનના વિચારમાં વ્યક્તિનું સમષ્ટિમાં વિલીનીકરણ છે. 'સ્વ'એ સ્વેચ્છાએ સમષ્ટિમાં ઓગળી જવાનું છે. 'સ્વ'નું હિત નહીં, સમષ્ટિનું હિત એ સતત ધ્યાનમાં રાખવાનું છે. મીરાબેન બીજા શબ્દોમાં પ્રાચીન ઉપનિષદોના આદર્શ 'ત્યાગીને ભોગવ' (ત્યેન ત્યકતેન ભુંજિથાઃ)ને જ તેમના શબ્દો અને રૂપકોમાં રજૂ કરે છે, જે ગાંધી-વિનોબાનું દર્શન પણ છે. આ વિચાર સાથે અનેક મુશ્કેલીઓ છે, પણ આપણા સંદર્ભમાં સૌથી મહત્ત્વની મુશ્કેલી તો પાછી એ જ કે, સામાજિક સ્તરે વ્યવહારમાં તેને અમલી બનાવવાની વ્યવહારુ નીતિ શું હોઈ શકે ? હજી સુધી આવી વ્યવહારુ અને નીવડે તેવી નીતિ મળી નથી.''મળી નથી પણ મળશે''ની આશા કર્યા કરવી નિરર્થક છે અને ખરા પ્રશ્નોથી દૂર ખેંચી જાય છે.

'વ્યક્તિ-સ્વાતંત્ર્ય'ના જે વિચારનું અમે સમર્થન કરીએ છીએ તેમાં વ્યક્તિએ કોઈ બીજી હસ્તી (સમષ્ટિ કે બીજી કોઈ)માં ઓગળી જવાનું નથી. વ્યક્તિનું અસ્તિત્વ કાયમ જ રહે છે. આ વ્યક્તિ તેના નિજી અને આગવા હેતુઓને સતત નજર સમક્ષ રાખે છે, રાખવા સંપૂર્ણ સ્વતંત્ર છે. જો યોગ્ય પરિસર ઊભો થાય એટલે કે કાયદાનું શાસન (Rule of Law) અને તેની ઉપર આધારિત માર્કેટનો વિસ્તાર વાસ્તવિક રીતે વધતા-ઓછા પ્રમાણમાં મૂર્ત બને તો તેટલા અંશે વ્યક્તિ તેના અંગત હેતુઓની પૂર્તિ માટે મથી શકે અને વધતા-ઓછા અંશે સફળતાને વરે.

દરેક વ્યક્તિ તેના નિજી કાર્યક્ષેત્ર, સત્તાક્ષેત્ર (Private domain)ની મર્યાદામાં સ્વતંત્ર રીતે તેના હેતુઓને સિદ્ધ કરવા મથી શકે. શરત માત્ર એટલી જ કે બીજી વ્યક્તિની આવી જ સ્વતંત્રતામાં તે હસ્તક્ષેપ ના કરે, તેને જોખમાવે નહીં. આવું કરતાં કરતાં જ દરેક વ્યક્તિ સમાજમાં વેરવિખેર પડેલા જ્ઞાનનો ઉપયોગ કરીને અનેક અણજાણી વ્યક્તિઓના હેતુઓની પૂર્તિમાં જાણે-અજાણે તેનું યોગદાન આપે છે અને એ જ રીતે બીજાઓની કરણીનો લાભ લે છે. વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચેની આવી શાંતિમય, સ્વયંભૂ આંતરક્રિયા વધુ વ્યવહારુ અને વાજબી લાગે છે. વળી આવી આંતરક્રિયા વાસ્તવમાં જોવા મળે જ છે. આ વિચારમાં વ્યક્તિની કરણી દ્વારા સમષ્ટિના હેતુઓની પૂર્તિનો વિચાર સ્પષ્ટપણે રહેલો છે. પરંતુ વ્યક્તિના વિલયની કોઈ વાત જ નથી.

વ્યક્તિ-સ્વાતંત્ર્યનો આ વિચાર શીખવે છે કે સમાજ (સમષ્ટિ) વ્યક્તિ કરતાં મહાન ખરો, પરંતુ તે ત્યારે જ જ્યારે વ્યક્તિ-સ્વાતંત્ર્યનું તે સાચકલું રખોપું કરતો હોય. આવા સમાજને વ્યક્તિ સમર્પિત જ હોય.

મઝાની વાત એ છે કે આવી સમાજ-વ્યવસ્થામાં કોઈ પણ વ્યક્તિને કે વ્યક્તિ-સમૂહને મીરાબેનની કલ્પનાના હેતુ (સ્વનું વિશાળમાં વિલીનીકરણ)ને પૂરું સ્થાન છે. બીજા અનેક પ્રકારના હેતુઓની સાથે આ હેતુ પણ માનભેર તેનું સ્થાન લઈ શકે છે. ખાસ તો એ કે આ વિચાર સામાન્યજનના સામાન્ય કહેવાય તેવા હેતુઓને 'ભોગવાદી' કે 'ભોગપરસ્ત' કહીને નકારી કાઢતો નથી કે નથી તેનો તિરસ્કાર કરતો. આ વિચારમાં તો માનવીની મૂળભૂત વાસ્તવિકતાનો ઊલટભેર, ખુલ્લેઆમ સ્વીકાર અને આવકાર છે. મોટાભાગની વ્યક્તિઓની પ્રેરણાઓ અને હેતુઓ આવા દુન્યવી અને સાદા જ હોય છે. મીરાબેનનો વિચાર 'સ્વ'ની મુક્તિ એટલે કે સ્વતંત્રતાનો ભાસ કરાવે છે. પરંતુ તત્ત્વતઃ collectivist છે, કારણ કે એક વિશિષ્ટ અર્થ ધરાવતી સ્વતંત્રતાને આખરી ધ્યેય કે હેતુ તરીકે પ્રસ્થાપિત કરે છે. દરેક વ્યક્તિએ આ આખરી હેતુ માટે મથવાનું છે.

પોતાના અને નીકટના સ્વજનો માટે કમાણી કરવી અને ઉપયોગ કરવો, જેમાં અનેકની બાદબાદી સ્વાભાવિક રીતે જ થઈ જતી હોય; પાસે હોય તેનાથી વધારે મેળવવાની કોશિશ કરવી; અનુકરણ કરીને, સ્પર્ધા (તંદુરસ્ત)માં ભાગ લઈને પોતાનો વિકાસ સાધવો– ભૌતિક કે ઈતર; 'પોતાના' હોય તેમને આપવું અને 'પારકા'ને ના આપવું - વેરો આંતરો રાખવો આવા અનેક સાવ દુન્યવી હેતુઓને અમારા વિચારમાં માનભર્યું સ્થાન છે. આ હેતુઓ વ્યાખ્યાગત રીતે મીરાબેનના સ્વતંત્રતાના વિચારમાં કોઈ કાળે ગોઠવાઈ શકે તેમ નથી. મીરાબેન તેમણે ધારેલા હેતુને સમાજના હેતુ તરીકે જરૂર પડે થોપી દેવાનો વિચાર પણ સહી શકે તેમ નથી, પરંતુ તે સિવાય તેમની પાસે કોઈ વિકલ્પ રહેતો પણ નથી.

કયો વિચાર ધરાતલનો અને વ્યવહારુ અને કયો વિચાર ગગનગામી છે, તે આટલી છણાવટ પછી વાચકોને સ્પષ્ટ થશે, તેવી આશા રાખીએ છીએ. ■

या नो भद्रा क्रतवः यन्तु विश्वतः।

–ऋग्वेद

*(T)hat civilization begins when the individual in the pursuit of his ends can make use of more knowledge than he has himself acquired and when he can transcend the boundaries of his ignorance by profiting from knowledge he does not himself possess.*

*F. A. Hayek, The Constitution of Liberty*

*Man is the measure of all things.*


*- Protagoras*

સાબાર ઉપર માનુષ
તાહાર ઉપર નહીં

- કવિ ચંડીદાસ

*Always regard every man as an end in himself, and never use him merely as a means to your ends.' The spirit of Kant's ethics may well be summed up in these words: dare to be free; and respect the freedom of others.*

*-Karl Popper*


Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
...
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action –
into that heaven of freedom, my Father,
let my country awake.
- Rabindranath Tagore - Gitanjali ”